યુરોપનાં [illegible]

અને



બ્રિટીશ પ્રત્યે હિન્દની વફાદારી.

કીમ્મત બાર આના.

વેચનાર—ઠક્કર વસનજી પરમાનંદ બુકસેલર. મુંબઈ, નં. ૨

આભાર.

—:૦:—

સીમલા હેર ઓઇલ વાળા મેશર્સ. **પી. કાકુની કંપની** તરફથી ૧૯૧૫ ના વર્ષ માટે બાહાર પાડેલો ઘણોજ સુશોભીત અને રંગ બેરંગથી ચીતરેલા **કેલેન્ડર** સાથનો યુરોપની લડાઇનો નકશો અમારા **યુરોપની ભયંકર લડાઈના** આ પુસ્તકના ગ્રાહકોને ભેટ આપવા તેઓએ ઉદારતા બતાવી તેની ૧૦૦૦) નકલ અમોને મોકલી આપી છે. અમારા ગ્રાહકો પ્રત્યેની વખત સરની તેઓની આ આવકાર દાયક ઉત્તમ, કીમતી ઉદારતા માટે અમો મેશર્સ **પી. કાકુની કંપનીનો** ઘણોજ ઉપકાર માની તેમના ધંધાની ફત્તેહ ઇચ્છીએ છીએ.

જી. મં. પંડયા.

યુરોપની ભયંકર લડાઇ,

અને

બ્રિટીશ પ્રત્યે હિન્દની વફાદારી.

વિવિધ વર્તમાનપત્રોપરથી સંગ્રહ કરનારઃ—

જુગલરામ મંગળરામ પંડયા.

ખંડેરાવવાડી, ઘર નં. ૨ કાલબાદેવી, મુંબઈ.

—:o:—

આ આવૃત્તિ છપાવી પ્રસિદ્ધ કર્તા

જુગલરામ અને વલભદાસની કુંપની,

ઠે. બુ. વસનજી પરમાનંદ ચાહ વાળાની દુકાને

કાલબાદેવી, ઝવેરબાગ, મુંબઇ.

—:o:—

પ્રથમાવૃત્તિ — પ્રત ૧૦૦૦

સને ૧૯૧૫ — સંવત ૧૯૭૧

—:o:—

કિમ્મત [redacted] આના.

આ પુસ્તક શ્રી 'સરસ્વતી' પ્રેસ, નાગદેવી સ્ટ્રીટ, નં. ૩૩૨-૩૩૪ મુંબઇમાં

શા. મગનલાલ જગજીવનદાસે છાપ્યું.

પ્રસ્તાવના.

અમારા વાંચનારાઓ જાણીને ઘણા ખુશી થશે કે આ પુસ્તકને શૃંગારવા આપણા માનવંતા લોકપ્રિય બીજા પ્રેસિડેન્સિ મેજીસ્ટ્રેટ સાહેબ રા.બા. ચુનિલાલ હરિલાલ સેતલવાડ બારીસ્ટર-એટ-લૉનાં ધર્મપત્નિ અખંડ સૌભાગ્યવંતા શ્રીમતી મંગળાગૌરી બહેને ઘણો શ્રમ લેઇ લંબાણ વિવેચન સાથે ઉપોદ્‌ઘાત લખવા કૃપા કરી છે. મજકુર ઉપોદ્‌ઘાત આ પુસ્તકમાં સમાએલી અને તે પછીની બનેલી યુરોપની લડાઇની સઘળી હકીકતોનું રહસ્ય પુરૂ પાડે છે; એટલે અમારે લડાઇ સંબંધીના આ પુસ્તકની પ્રસ્તાવના લખવા હવે જરૂર રહેતી નથી.

અમારા આ પુસ્તકમાં સમાવેલી હકીકત મુંબઈ સમાચાર, સાંજ વર્ત્તમાન, જામેજમશેદ, અખબારેસોદાગર આદિ દૈનિક તથા સુપ્રસિધ્ધ ગુજરાતી આદિ અઠવાડિક અને ચિત્રમય જગત, નવયુગ અને મનોરંજન આદિ માસિક પત્રોમાં વખતો વખત આવતી લડાઇની ખબરો ઉપરથી આલેખવામાં આવી છે, માટે તે પત્રાધિપતિઓનો આભાર માનીએ છીએ.

આ પુસ્તકની સદર આવૃતી બહાર પાડવા ભાઈ વલભદાસ વસનજી પરમાનંદે ઘણો શ્રમ લીધો છે માટે આ આવૃતિના પ્રસિદ્ધકર્તામાં તેમનું નામ અમારી સાથે જોડયુ છે.

આ ગ્રંથમાં વાંચનારની સુગમતા તથા સમજને માટે મોટો ખર્ચ ઉઠાવી ચીત્રો તથા નકશો આપવા અમોએ પ્રયત્ન કર્યો છે.

આ પુસ્તકને જન સમાજ તરફથી ઉત્તેજન મળશે તો હવે પછીની આવૃતી લડાઈના સંપૂર્ણ હેવાલ સાથ યોગ્ય સુધારા વધારા સાથે પ્રકટ કરવા અમો પ્રયત્નવાન થઇશું.

આ પુસ્તકની વેચાણ થયેલી દર નકલે ચાર આના અ. સૌ. શ્રીમતી મંગળાગૌરી બહેન સેતલવાડના પ્રમુખપણા નીચે સ્થપાયેલા "ચાર આના લડાઇ ફંડ" માં આપવા ઠરાવ કરવામાં આવ્યો છે.

અ. સૌ. શ્રીમતી મંગળાગૌરી બહેને અમારા આ પુસ્તક સંબંધે બતાવેલો ઉત્સાહ અને તેને માટે ઉપોદ્‌ઘાત લખવા લીધેલા પરિશ્રમને લીધેજ આ પુસ્તકદ્વારા યથાઘટિત રાજસેવા બજાવવા અમો ભાગ્યશાળી થયા છીએ; જેથી અમોને મળેલી આ શુભ તક માટે અમો શ્રીમતી મંગળાગૌરી બહેનનો ઉપકાર માનીએ છીએ અને તે સાથ બ્રિટીશ રાજ્યનો દિગ્વિજય થવા પ્રભુ પ્રાર્થના કરીએ છીએ.

મુંબઇ, સોમવાર, લી.,
૨૮-૧૨-૧૪. જુગલરામ મં. પંડયા.

——:o:——

ઉપોદ્ઘાત.

———:૦:———

આ પુસ્તકના લેખક તરફથી મને યુરોપમાં ચાલતી લડાઈ ઉપર ઉપોદ્ઘાત લખવા કહેવામાં આવ્યું હતું. મારા કરતાં વધુ જ્ઞાનવાળાને આ કામ સોંપવામાં આવ્યું હોત તો તેમાનું લખાણ ઉંચા પ્રકારનું અને અસરકારક થાત એમાં કાંઇ શક નથી, પણ લેખકનો ખાસ આગ્રહ હોવાથી અને આ લખાણથી "ફુલ નહીં તો ફુલની પાંખડી" મુજબ આપણા માનવંતા રાજ્યકર્તા અને દેશ પ્રત્યે ફરજ બજાવવાની મને તક મળવાથી મેં આ ઉપોદ્ઘાત લખવાનું કબુલ કર્યું.

આખી દુનિઆમાં હાલમાં યુરોપી પ્રજા ઘણે મોટે ભાગે રાજ્ય કરે છે, તેમાં ઇંગ્લાંડનું રાજ્ય સર્વથી મોટું અને મહા સત્તાવાન છે. યુરોપમાં ઘણાં રાજ્યો છે તેમાં ઇંગ્લાંડ, રશીઆ, જર્મની, ફ્રાન્સ, ઇટાલી અને ઑસ્ટ્રીઆ મુખ્ય છે. આ રાજ્યો યુરોપ ખંડ બહારના ઘણા દેશોમાં રાજ્ય કરે છે. આપણું હિંદુસ્તાન નામદાર બ્રિટીશ સરકારના હાથમાં આવ્યું ત્યારથી દેશમાં સર્વત્ર શાન્તિ પ્રસરી રહી છે, એટલુંજ નહિ પણ કળાકૌશલ્યમાં અને વિદ્યાવૃદ્ધિમાં પણ આપણો દેશ સારી રીતે આગળ પડતો જાય છે.

મોગલ રાજ્યની પડતી બાદ મરાઠા રાજ્યનો અમલ શરૂ થયો હતો, પરંતુ ઘણાં કારણોને સબબે આ રાજ્યમાં પણ અંધાધુંધી ચાલી. આ સમયમાં ડચ, ફ્રેન્ચ અને અંગ્રેજ પ્રજા વેપાર અર્થે આપણા દેશમાં આવવા માંડી હતી. આ લોકો સંપીલા અને બુદ્ધિશાળી હતા. તેમણે તકનો લાભ લેવા માંડયો; વેપાર કરવા સાથે દેશ સર કરવાની આકાંક્ષા પણ તેમને થઈ. અંગ્રેજ લોકો નીતિથી ચાલનારા અને ન્યાયી હતા, તેથી તેમણે આપણા લોકનાં મન જીતી લીધાં. તેમણે બહાદુરીથી અને આપણા લોકોની મદદથી ઘણો દેશ સર કર્યો અને રાજ્ય સ્થાપ્યું. આ અંગ્રેજી રાજ્ય નામદાર કંપની સરકારનું રાજ્ય કહેવાતું હતું. ધીમે ધીમે આ રાજ્યની આખા હિંદુસ્તાનમાં સર્વોપરી સત્તા જામી, અને ત્યાર બાદ કંપની સરકાર પાસેથી ગ્રેટબ્રીટનનાં મરહુમ દેવાંશી મહારાણી 'વિક્ટોરીઆએ' પોતાના હાથમાં હિંદુસ્તાનના રાજ્યની લગામ લીધી, અને તે હિંદુસ્તાનનાં શહેનશાહબાનુ કહેવાયાં. નામદાર અંગ્રેજ સરકારના પ્રતાપી રાજ્યથી અનેક પ્રકારના સુધારાવધારા આપણા દેશમાં થયા છે, અને સર્વત્ર શાન્તિ પ્રસરી રહી છે. હાલમાં નામદાર શહેનશાહ જ્યૉર્જ પાંચમા આપણા ઉપર રાજ્ય ચલાવે છે. તેઓ નામદાર પોતાના વડવાઓને પગલે ચાલતા હોવાથી તે નામદાર પ્રત્યે પણ તેમના તાબાના મુલકની એકંદર રૈયત વફાદારીની લાગણી અને ચાહના ધરાવે છે.

બધા ખંડોમાં સુધારા વધારામાં અને કળાકૌશલ્યમાં યુરોપ આગેવાન ખંડ છે. સઘળી યુરોપીયન પ્રજા સુધરેલી અને કેળવાએલી છે. એ દેશની જુદી જુદી પ્રજાઓ વચ્ચે હાલમાં ભયંકર યુદ્ધ ચાલુ છે અને આ યુદ્ધમાં ગ્રેટબ્રીટન પણ સંડોવાયું છે. જેમ અંગારાની એક ચીણગારીથી ઘણીવાર નાશકારક આગો ઉદ્‌ભવે છે, તેજ પ્રમાણે એક નાની વાતમાંથી આ મોટી અને ત્રાસદાયક લડાઇ જાગી છે. યુરોપ ખંડમાં સરવીયા નામનું નાનું રાજ્ય ઑસ્ટ્રીઅન શહેનશાહતની લગોલગ આવેલું છે. આ બન્ને રાજ્યો વચ્ચે બનાવ સારો નહોતો. રાજકીય કાવાદાવાના પરીણામે ઑસ્ટ્રીઆના પાટવી કુંવર અને તેમની પત્નિનાં ખૂન થયાં. ઑસ્ટ્રીઅન સરકારના મનમાં એમ આવ્યું કે સરવીઆનો આ કાવતરામાં હાથ છે, અને તેથી આ રાજ્યે સરવીઆના ઉપર તેના ખુલાસા સારૂ યાદી મોકલી. આ યાદી આ પુસ્તકમાં પ્રગટ કરવામાં આવી છે, અને તે સાથે સરવીઆએ આપેલા જવાબો પણ આપેલા છે; તે જોવાથી વાંચનારની ખાત્રી થશે કે તે તદન નમ્ર અને વ્યાજબી હતા. જર્મની, ઑસ્ટ્રીઆ અને ઈટાલી વચ્ચે એક બીજાને આફતના સમયમાં મદદ કરવાનો કરાર હતો. ઑસ્ટ્રીઆએ આ બાબતમાં જર્મનીની સલાહ લીધી અને તેની સલાહને અનુસરીને સરવીઆના જવાબને અસંતોષકારક લેખી તેની .સામે લડાઇ જાહેર કરી. જર્મની યુરોપના મોટા

રાજ્યોમાંનું એક છે. આ દેશ પોતાના બુદ્ધિબળ, વેપાર રોજગાર અને કળાકૌશલ્ય સારૂ વિખ્યાત છે. જર્મન શહેનશાહનું નામ વિલીઅમ છે, અને તે કૈસરને નામે ઓળખાય છે. આ રાજા બાહોશ, કેળવાએલો અને મજબુત મનનો છે, પણ તે તદ્દન સ્વછંદી, જક્કી અને આપખુદી છે. કૈસર લડાઈ જગાડવાને ઘણા વખતથી તલપી રહ્યો હતો અને તક શોધ્યા કરતો હતો. તેણે ઑસ્ટ્રીઆને પોતાના મનની મુરાદ બર આણવાને હથીઆર બનાવ્યું. રશીઆ અને સરવીઆ વચ્ચે ઘણોજ સારો બનાવ હોવાથી રશીઆને આ વાત રૂચી. નહિ અને તેણે પોતાના રાજ્યમાં લશ્કર એકઠું કરવા માડયું. જર્મનીને તો "ભાવતું હતું અને વૈદે કહ્યું" તેના જેવું થયું. તેણે રશીઆને લશ્કર એકઠું કરવાનું કારણ પુછ્યું, અને તેનો જવાબ તુરત માંગ્યો, અને ત્યાર બાદ રશીઆ સામે લડાઇ જાહેર કરી. ફ્રાન્સ, ઇંગ્લાન્ડ અને રશીઆ "ટ્રીપલ ઍલાયન્સ"ના લખતથી એક બીજાને મદદ કરવા બંધાએલા છે. આથી ફ્રાન્સે પોતાનું લશ્કર એકઠું કરવા માંડયું. જર્મનીએ ફ્રાન્સ સામે પણ લડાઇ જાહેર કરી. સઘળા રાજ્યો વચ્ચે થએલા એક લખતની રૂએ બેલજીઅમ નામના રાજ્યને હંમેશાં તટસ્થ રાખવું અને છેડવું નહિ એમ નક્કી થયું હતું પણ જર્મનીએ આ શરતનો ભંગ કર્યો. જર્મનીનું આ કૃત્ય ઘણુંજ ઠપકા પાત્ર છે. જર્મન પ્રજા ઘણી કેળવાયલી અને બુદ્ધિ

શાળી ગણાય છે, પણ તેમણે આ લખતનો ભંગ કરવાથી ખુલ્લુ સાબિત થાય છે કે જર્મનો નીતિને અને સત્યને ચાહનાર પ્રજા નથી. કૈસરે પોતાના લશ્કરને ફ્રાન્સ ઉપર હલ્લો કરવા બેલજીઅમને રસ્તે લઇ જવા તૈયારી કરવા માંડી. વળી હું પદમાં બેલજીઅમને તેણે જણાવ્યું કે આ પગલાથી બેલજીઅમને જે કાંઇ નૂકસાન થશે તે જર્મની ભરપાઈ કરી આપશે. બેલજીઅમે આ વાત માન્ય કરિ નહિ અને બ્હાદુર અને શુરવીરોને છાજે તેવી રીતે જણાવ્યું કે જો જર્મની આગળ વધશે તો બેલજીઅન પ્રજા ઠેઠ સુધી લડશે. જર્મનીએ તે છતાં પોતાનું લશ્કર બેલજીઅમમાં દાખલ કર્યું. નામદાર બ્રિટીશ સરકાર અદલ ઇનસાફ સારૂ તેમજ એક વચની તરીકે મશહુર છે, તેથી તેમણે જર્મનીના આ પગલાને અન્યાયી અને જૂલમી લેખી ચોવીસ કલાકમાં તાબડતોબ જવાબ માગ્યો. જર્મનીનું અંતઃકરણ નિર્મળ ન હોવાથી સંતોષકારક જવાબ ન આપતાં બેલજીઅમને રસ્તે પોતાનું લશ્કર ફ્રાન્સ તરફ લઇ જવું જારી રાખ્યું. પ્રતાપી બ્રિટીશ સરકારથી આ ખમાયું નહિ, અને જર્મની સામે લડાઈ જાહેર કરી. જર્મની અને બેલજીઅમ વચ્ચે યુદ્ધ ચાલ્યું. જર્મની આગળ બેલજીઅમ કંઇ ગણત્રીમાં ગણાય નહિ છતાં પણ ઈશ્વર હમેશાં સાચાનેજ યારી આપે છે, તેમ બેલજીઅન પ્રજાએ જર્મન લશ્કર સામે મરદાનગી ભરી રીતે ટક્કર ઝીલ્લી અને જર્મનીને ત્રાહે ત્રાહે પોકરાવી. જર્મનીની

જેમ ફ્રાન્સનું પાટનગર પેરીસ લેવાની હતી; તે ખબર આવી નહિ, કારણ કે જ્યારે જર્મની, ફ્રેંચ અને બેલજીઅન લશ્કર સાથે લડતું હતું ત્યારે આપણી નામદાર સરકારે મિત્ર રાજ્ય ફ્રાન્સને મદદ કરવા પોતાનું લશ્કર ફ્રાન્સમાં ઉતાર્યું. બ્રિટીશ અને ફ્રેંચ લશ્કરે સમગ્ર બળથી જર્મનો સામે લડવા માંડયું. જર્મન લશ્કરની સંખ્યા ઘણી મોટી હોવા છતાં પણ તેને પાછા હઠવાની ફરજ પડી અને હજુ પણ પાછું હઠતુંજ જાય છે.

બ્રિટીશ નૌકા સૈન્ય તો એટલું બધું બળવાન છે કે તેનાથી ડરી જર્મન નૌકા સૈન્ય ઉત્તર સમુદ્રમાંની એક નહેરમાં ભરાઇ બેઠું છે, અને ખુલ્લી લડાઇમાં ઉતરવા હિંમત ધરતું નથી. આજ સુધી બ્રિટીશ અને જર્મન નૌકા સૈન્ય વચ્ચે જેટલી લડાઈઓ થઈ છે તેમાં બ્રિટીશ સરકારની હંમેશાં ફતેહ થઇ છે એટલુંજ નહિ પણ જર્મનીના મોટા અને સારા લડાયક વહાણોમાંનાં ઘણાં નાશ પામ્યાં છે. નામદાર બ્રિટીશ સરકાર પોતાના શ્રેષ્ઠ નૌકા સૈન્યના બળ વડે દરિયા ઉપર કેટલી સત્તા ધરાવે છે તે એટલાજ ઉપરથી સિદ્ધ થશે કે ગ્રેટબ્રીટનનો દુનિઆના સઘળા દેશો જોડેનો વહેવાર અને વેપાર ચાલુ છે. હિંદુસ્તાનથી દર અઠવાડીએ લોકો અને ટપાલ નિયમીત રીતે આવે અને જાય છે, જ્યારે બાપડા જર્મનીનો "ચોરની મા કોઠીમાં મ્હોં ઘાલી રૂએ" તેમ બીજા દેશો સાથેનો વહેવાર તથા વેપાર તદ્દન કપાઇ ગયો છે. હિંદુસ્તાનથી હજારો માણ-

સનું લશ્કર આ યુરોપિઅન લડાઇમાં ભાગ લેવા ફ્રાન્સમાં અણીશુધ્ધ જઇ પહોંચ્યું છે. નામદાર બ્રિટીશ સરકારે આપણા બહાદુર હિંદી લશ્કરને આ યુરોપિઅન લડાઇમાં ભાગ લેવા દીધો છે એ કંઇ જેવી તેવી વાત નથી. આ હકથી દરેક હિંદી મગરૂર થયો છે. વળી ખાસ ખુશી થવા જેવી બીના તો એ છે કે જે આશા રાખી હતી તેના કરતાં પણ અધિક બહાદુરી અને જુસ્સાથી હિંદી લશ્કર લડે છે. હિંદી લશ્કરનાં વખાણ ઠેર ઠેર થાય છે. વિકટોરીઆ ક્રૉસનો ચાંદ લડાઇમાં અસાધારણ બહાદુરી બતાવે તેને આપવામાં આવે છે. આ મોટું માન આજ સુધી કોઇપણ હિંદીને મળ્યું ન હતું, તે આ લડાઇમાં એક નહિ પણ ત્રણ હિંદી શુરવીરોએ ચમત્કારીક બહાદુરી બતાવી મેળવ્યું છે.

જાપાન આપણા રાજ્યનું મિત્ર રાજ્ય છે, તેથી તેણે પણ જર્મની સામે લડાઈ જાહેર કરી છે. ચીન દેશ પાસે આવેલો જર્મન મુલક સર કર્યો છે. બ્રિટીશ દરિઆઈ કાફલો મહા બળવાન છે, તે તો જગજાહેર વાત છે. તેમાં ઇંગ્લાંડ સાથે જાપાન જોડાવાથી જાપાનનું નૌકાસૈન્ય લડાઇમાં ભાગ લેશે, અને તેથી જ્યારે નામદાર અંગ્રેજ સરકાર અને જર્મની વચ્ચે ખરેખરી દરિઆઇ લડાઇ થશે ત્યારે જર્મન દરિઆઈ કાફલો સદાને માટે નાશપામશેજ, એમ આપણે માનીએ તો તેમાં જરા પણ અતિશયોકિત કહેવાશે નહિ.

એમડનનું નામ આપણા દેશમાં અજાણ્યું નથી. આ એક જર્મન લડાયક વહાણ હતું. આ વહાણે આપણા દેશમાં લેકદીવ ટાપુઓ પાસે, કલકત્તા પાસે અને સીંગાપુર પાસે થોડાં બ્રિટીશ વેપારી વહાણો ડુબાડી દીધાં હતાં. વેપારી વહાણોમાં હથીઆર હોતાં નથી અને લડાયક વહાણોમાં લડાઇની બધી સામગ્રી હોવાથી વેપારી વહાણો ડુબાડવાં એ સહેલ વાત છે. એમડન ચાંચીઆ જેવો ધંધો માંડી બેઠું હતું અને તે કોઇપણ બ્રિટીશ લડાયક વહાણ સામું થવા હીંમત ધરતું નહતું. જ્યારે પણ બ્રિટીશ લડાયક વહાણ સામે એમડન આવશે ત્યારે તેનો નાશ થશે એમ બધા માનતા હતા અનેજે વખત ઑસ્ટ્રેલીઅન ક્રુઝર સીડની સાથે એમડનનો ભેટો થયો તે વખત સીડનીએ તેનો સપાટાબંધ નાશ કરી નાખ્યો. તે પ્રમાણે બે ચાર જર્મન ક્રુઝરોએ ઇંગ્લંડના કિનારા ઉપર જાનમાલનું થોડું નુકસાન કર્યું છે, અને જેવી બ્રિટીશ ક્રુઝરો આવીપહોંચી કે તુરતજ આ જર્મન ક્રુઝરો નાશી ગઇ. આ ઉપરથી સિધ્ધ થશે કે જર્મન નૌકાસૈન્ય બ્રિટીશ નૌકાસૈન્ય સામે ખુલ્લી લડાઇમાં ભાગ લેતાં ડરે છે. ચાંચીઆ તરીકે કરેલું આવું નુકશાન લડાઈની બાબતમાં કાંઇ અગત્ય ધરાવતું નથી એ તો સઘળા સમજુ અને શાણા માણસો જાણે છે.

જર્મની એક તરફ ઇંગ્લાંડ અને ફ્રાન્સથી પરાજય પામે છે. બીજી બાજુએ રશીઆ, જર્મની અને ઑસ્ટ્રીઆને હરાવે

છે. સરવીયા તો નાનુ રાજ્ય છે પણ તેણે ઑસ્ટ્રીઆને જબરી સીકસ્ત આપી છે. સરવીયાનું પાટનગર બેલગ્રેડ ઑસ્ટ્રીઅનોએ સર કર્યું હતું તે સરવીઅનોએ પોતાના દુશ્મનો જોડે અસાધારણ બહાદુરીથી લડી પાછું લીધું છે અને હજારો ઑસ્ટ્રીઅનોને કેદ કરી દારૂગોળો, તોપો, હથીયારો અને બીજો અસબાબ મેળવ્યો છે. જર્મની એક શહેનશાહત છે અને ત્યાંના લોકો પણ બુદ્ધિશાળી બહાદુર અને સુધારા વધારામાં સારી પેઠે આગળ વધેલા છે. જર્મનીના લશ્કરનાં હથિઆર પણ ઉંચા પ્રકારનાં છે. આ લડાઈ સારૂ જર્મની વર્ષો થયાં તૈયારી કરી રહ્યું હતું, એટલે જર્મનીને હરાવવું એ કંઇ સહેલવાત નથી. નામદાર અંગ્રેજ સરકારે આ લડાઈમાં ભાગ ન લીધો હોત તો જર્મની પોતાના કપટી દાવમાં ફાવી જાત તેમ હતું. જર્મનીની વર્તણુંક તદ્દન અન્યાયી અને આપખુદી હતી. અંગ્રેજ બચ્ચો સત્ય અને ન્યાયને ખાસ ચાહનાર છે. તે આ સાંખી શકયો નહિ અને જર્મનીને સીકસ્ત આપવા તેણે લડાઇના મેદાનમાં ઝંપલાવ્યું, એથી જર્મનીની બધી બાજી ઉંધી વળી ગઇ, અને તેને સખત ફટકો પડયો. આપણા માનવંતા નામદાર શહેનશાહ જ્યૉર્જ પાંચમાં સત્ય, નીતિ અને ન્યાયની ખાતર લડે છે; એટલે જર્મનીનોજ પરાજય થવાનો એ વાત ચોક્કસ છે. જર્મની પોતાની મુરાદમાં ફાવ્યું નહિ છતાં પણ દાવ પેચ રમવા શરૂ રાખ્યા. ઇટાલી અને તુર્ક-

સ્તાન ઉપર પોતાના તરફથી લડાઇમાં ભાગ લેવા જર્મનીએ દબાણ કરવા માંડયું. ઇટાલીઅન સરકારે આ લડાઈથી અલગ રહેવા નિશ્ચય કર્યો છે. પરંતુ જર્મનીના ફંદામાં ભોળુ તુર્કસ્તાન સપડાયું. તુર્કી સરકારના ચોક્કસ પગલાંઓથી આપણી માયાળુ સરકારને તેના સામી લડાઈ જાહેર કરવા ફરજ પડી. આપણા દેશના સઘળા મુસલમાન ભાઇઓ અને તુર્કસ્તાનના ડાહ્યા રાજદ્વારીઓ તુર્કસ્તાનના આ પગલાને આત્મઘાતીક લેખે છે. આપણા દેશના મુસલમાન ભાઇઓની વર્તણુંક ખરેખર પ્રસંશા પાત્ર છે. આખા દેશમાં ઠેરઠેર સભાઓ ભરી મુસલમાન ભાઇઓએ નામદાર તુર્કી સરકારના આ પગલાને ઠપકા પાત્ર ગણ્યું છે અને પોતાના પવિત્ર ધર્મના ફરમાન મુજબજ વર્તી આપણાં મહાન શહેનશાહ જ્યોર્જ પાંચમા તરફ ખરા અંતઃકરણની વફાદારીની લાગણી પ્રદર્શીત કરી છે. તુર્કસ્તાનના ધાર્મિક સ્થળોને નૂકશાન ન થાય તેમજ એકંદર રીતે પણ તેને જેમ બને તેમ ઓછું નૂકશાન થાય તે સારૂ નામદાર બ્રિટીશ સરકાર ખાસ કાળજી ધરાવે છે. આ રીતિ નામદાર અંગ્રેજ સરકારની અદલ ન્યાય વૃત્તિ અને માયાળુ પણાનો ચોક્કસ પુરાવો પુરો પાડે છે. તુર્કી સરકારને લડાઇમાં સંડોવ્યાથી પણ જર્મન શહેનશાહની મુરાદ બર આવી નથી. તેની બાજી જુદીજ હતી. તેનો વિચાર એવો હતો કે બીજા રાજયોને છેતરી અંધારામાં રાખી ફ્રાન્સ ઉપર ચડાઇ

લઇ જઇ, પેરીસ લઇ, તે દેશ સર કરી રશીઆ સાથે લડવું, અને તેને પણ હરાવી દુનિઆમાં મહાન અને સર્વોપરી શહેનશાહ થવું, પણ "બીલાડી ને તાકે જો છીંકાં પડે" તો જોઇએ છે શું? વિનાશ કાળે વીપરિત બુધ્ધિ થાય છે, એ મુજબ જર્મન શહેનશાહની સ્થિતી થઈ છે.

લડાઈમાં જર્મની ફાવતું નથી એતો આપણે જોયું છે. હવે લડાઈથી ઉત્પન્ન થતા બીજા સવાલોના સબંધમાં આપણે વિચાર કરીશું તો તેમાં પણ આપણે જોઈશું કે જર્મનીની સ્થિતી કફોડી થઇ પડી છે. બ્રિટીશ સલતનતના દરેક દેશો વચ્ચે સઘળી જાતનો વેપાર અને વહેવાર ચાલુજ છે. દરેક બ્રિટીશ મુલકનો વેપાર વધતો જાય છે એટલે લડાઇ બંધ થશે ત્યારે આયંદે આપણા રાજ્યને વેપારરોજગારમાં તેમજ બીજી બધી રીતે ફાયદો થશે. બીજા હાથ ઉપર જર્મનીનો દરિઆપારના મુલક સાથનો સઘળો વેપાર નાશ પામ્યો છે. લડાઇનું દરરોજ કરોડો રૂપીઆનું ખર્ચ ચાલુજ છે. તેમાં વેપાર તુટી પડવાથી અબજો રૂપીઆનું નૂકશાન જર્મનીને થશે. આ નૂકશાન કંઈ જેવું તેવું નથી. ખોરાકીની તંગીથી અને બેકારીથી જર્મન પ્રજા પીડાવા માંડી છે, અને વધુ પીડાશે. ઇંગ્લાંડમાં તો તદ્દન જુદીજ બીના છે. દેશમાં સર્વત્ર શાન્તિ અને સંપ છે. ખોરાકી જોઇએ તેટલી છે. તેમજ

ઇંગ્લાંડના તાબાના મુલકો સાથે સળંગ વહેવાર ચાલુ હોવાથી જોઇએ તેટલી ખોરાકી ત્યાં જઇ શકે છે.

હવે હિંદુસ્તાનમાં લડાઇથી શી અસર થઈ છે, તે જોઇશું. નામદાર બ્રિટીશ સરકારના રૂડા અમલથી અને દૂરઅંદેશી ભરેલી રાજ્ય નીતિથી આપણા દેશમાં રૈયતને કેળવણી આપવા સતત્ પ્રયાસ ચાલુ છે. છતાં પણ દેશમાં હજુ બીન કેળવાએલો વર્ગ મોટો છે. આ વર્ગ એવી જાતનો છે કે તેમને પોતાની મતલબ સિવાય ઝાઝું જ્ઞાન હોતું નથી, એટલે જે જે અફવાઓ અને ગપાટા ઉડે છે તેને બિચારા ખરા માની ખોટા ગભરાટમાં પડે છે. આવી ગપો ઉરાડનારા મૂર્ખ અને અવિચારી પુરૂષો સારાસારનો વિચાર ન કરતાં પોતાને હાથેજ પોતાના પગપર કુહાડો મારે છે. આવી ગપો ઉરાડવાથી અને માનવાથી આપણા ગરીબ વર્ગને અને વેપારને ઘણુંજ નૂકશાન થાય છે. સર્વે કેળવાએલા અને સમજુ વર્ગની ખાસ ફરજ છે કે આવા ગપગોળાઓનો પ્રચાર થતો અટકાવવો; તેમજ વખત ફાજલ પાડી ગભરાટમાં પડેલા લોકો સાથે વાતો કરી અગર ભાષણો આપી તેમની શંકાઓનું નિવારણ કરવું. આપણો દેશ રાજ્યભક્તિ સારૂ મશહુર છે. અને જો ઉપર જણાવ્યા પ્રમાણે આપણે ફરજ અદા કરતા રહીશું તો આપણે રાજ્ય સારૂ ફરજ બજાવવા ઉપરાંત દેશ પ્રત્યે પણ ફરજ બજાવીશું; કારણ તેમ કર્યાથી ગપગોળાનો પ્રચાર અટકી લોકોમાં

ફેલાતો ગભરાટ બંધ થશે અને આપણા દેશને વેપાર રોજગારમાં આવા બારીક સમયમાં મોટો ટેકો મળશે. નામદાર સરકાર હમેશાં સાચી ખબરો આપે છે. ઇંગ્લાંડમાં લડાઇના સંબંધમાં જે ખબરો પ્રગટ કરવામાં આવે છે, તેજ ખબરો આપણા દેશમાં પ્રગટ થાય છે. ખોટી ખબરોથી ભડકી ઘણા વેપારીઓ વેપાર ધંધો બંધ કરી પોતાનું નાણું સાથે લઇ પોતાને વતન જઈ બેઠા છે એ આપણે જાણીએ છીએ. આથી ખરૂં નૂકશાન કોને છે? આપણને પોતાનેજ. જે નાણું વેપારમાં ફરતું હતું તે બધું બંધાઇ જવાથી નાણાંની ભીડ થાય છે અને સાધારણ મુડીવાળા વેપારીઓ જેઓ નાણું વ્યાજે કાઢી વેપાર કરતા હોય છે તેમને ઘણો ધોકો પહોંચે એ સ્વાભાવિક છે. આ વખતતો મગજને શાંત રાખી તકનો લાભ લઈ વેપાર વધારવા પ્રયાસ કરવાનો છે, જેથી આપણને અને આપણા દેશને હંમેશનો ફાયદો થશે. લડાઇને લગતી અફવાઓથી ગભરાટમાં પડેલા કેટલાક વેપારીઓ પાછા આવવા માંડયા છે અને ધંધો શરૂં કર્યો છે. એ ખુશી થવાની વાત છે.

લડાઇના સબબે દરેક જાતની ચીજોના ભાવમાં વધારો ઘટાડો થાય એ બનવા જોગ છે, અને તેમાં પરદેશમાં બનતી ચીજોના ભાવમાં વધારો અવશ્ય થાય છે. મુંબઇની અંદર, લોકપ્રિય

અને બાહોશ પોલીસ કમીશનર મી. એસ. એમ. એડવર્ડઝના પ્રયાસને લીધે બજારમાં ચીજોના ભાવતાલ રીતસર રહ્યા છે. આ ભલા અને બાહોશ અમલદાર આ દીશામાંજ નહિં પણ રૈયતની બીજી જાતની અગવડો ઉપર ધ્યાન આપી તે દૂર કરવા હંમેશ પ્રયત્ન કરે છે. આ તેમના ઉમદા પ્રયત્નથી મુંબઇની પ્રજા તેમના ખાસ આભાર તળે છે. ધનવાન લોકોને મોંધવારીની અસર જણાતી નથી પણ ગરીબ વર્ગને ઘણી હાડમારી ભોગવવી પડે છે. આપણે જો આ બાબતમાં સાવચેત રહીએ તો આપણા ગરીબ વર્ગ સારૂં ઘણું કરી શકીએ તેમ છે. ગરીબ વર્ગને સાધનો થોડાં હોવાથી તે બાપડાઓને પોતાના ખપની ચીજોની ખરીદી સગવડ પ્રમાણે દરરોજ કરવી પડે છે અને ભાવ મોંઘા થવાથી તેમને ઘણું સોસવું પડે છે. તેમાં જો મધ્યમ અને પૈસાદાર વર્ગ નજીવા પૈસાના બચાવ ખાતર પોતાના ખપ ઉપરાંત ચીજો સામટી ખરીદી ઘરમાં ભરી મુકે તો ભાવમાં વધારો થાય એ નિર્વીવાદ છે, અને આથી આપણા બિચારા ગરીબ વર્ગની મુશ્કેલીઓમાં જરૂર વધારો થાય એમાં કંઇ પણ શક નથી. આ મુશ્કેલીયો દૂર કરવી આપણાં હાથમાં છે. તેના મુખ્ય બે ઉપાય છે. પ્રથમતો આપણે આપણા ઘરમાં કરકસર કરવી અને બીજું આપણા ખપ ઉપરાંત કશી પણ ખરીદી

કરવી નહિ. આમ કર્યાથી આપણા ગરીબ વર્ગની સંકડામણો દૂર થશે અને ચીજોના ભાવ પણ કાબુમાં રહેશે.

આવા બારીક સમયમાં વેપારમાં ધીરધાર ઓછી થાય છે અને જ્યાં ત્યાં અણવિશ્વાસ ઉત્પન્ન થાય છે. જેને પરીણામે નાની મુડીથી વેપાર કરનારને ધીરધાર ઓછી થવાથી વેપારમાં ધોક્કો પહોંચે છે. તેમને ટેકો આપવો એ પણ આપણી ફરજ છે. તે સારૂ સૌથી ઉત્તમ ઉપાય તો એ છે કે આપણે જે જે ખરીદી કરવી તે રોકડેથી કરવી, તેથી વેપારીનું નાણું જલદી પાછું ફરી વળવાથી તેટલીજ મુડીમાં તે વધારે વેપાર કરી શકશે અને તેને મોટા ટેકા મળશે.

આ સમય આપણી રાજ્યભક્તિ સારૂ ખરી કસોટીનો છે અને તેથી આપણાથી બને તે રીતે નામદાર સરકારને મદદ કરવી એ આપણી મહાન ફરજ છે. ઇંગ્લાંડ દુનિઆના ઘણા દેશ ઉપર રાજ્ય ચલાવે છે અને તેના તાબાના દરેક દેશ જેવા કેઃ—ઑસ્ટ્રેલિઆ, કૅનેડા અને ન્યુઝીલૅન્ડ, સાઉથ આફ્રિકા વગેરે અનેક દેશો પોતાની ફરજ બજાવે છે. અને આપણા દેશની વર્તણુક અને તાજ તરફની લાગણી પણ ખરેખર પ્રસંશાપાત્ર છે. નામદાર સરકારે લડાઈના અંગે સંકટ નિવારણ ફંડો સર્વત્ર ઉઘાડયાં છે, અને આપણા લોકો યથાશકિત મદદ આપતા આવ્યા છે. લડાઇમાં બહાદુર શુરવીરો મરે છે, અને ઘાયલ થાય છે, અને તેમના ઉપર આધાર રાખતાં કુટુંબો નિ-

રાધાર થઇ પડે છે, તેવાઓ અને લડાઈના સબબે સંકટમાં આવી પડેલાઓને મદદ કરવાની આ ફંડોની મુખ્ય નેમ છે. માટે આપણા દેશના સર્વ સ્વદેશાભિમાની અને રાજયભકત સ્રી પુરૂષોની ખાસ ફરજ છે કે આ ફંડમાં નાણું ભરી, ભરાવી બને તેટલી મદદ આ ફંડોને કરવી. આપણા દેશના દેશી રાજાઓએ આ ફંડોને લાખોની મદદ આપી છે. તેમજ ઘણા રાજાઓતો પોતાના રાજયપાટનો હાલ તુરતને માટે ત્યાગ કરી લડાઈમાં જાતે ભાગ લેવા યુરોપ ગયા છે.

હાલના આવા સમયમાં આપણા સુભાગ્યે આ વખતે હિંદુસ્તાન ઉપર લોર્ડ હારડીંગ જેવા ભલા, માયાળુ, અનુભવી, દીલસોજ, રાજદુવારી કુનેહ ધરાવનારા બાહોશ વાઇસરોય અમલ ચલાવે છે. આ વરસમાં એ નામદારપર કુટુંબી આફતો આવી પડયા છતાં તે ધીરજથી સહન કરી પોતાની ફરજ અદા કરવામાં પછાત પડતા નથી. મ્હારા સર્વે ભાઇઓ આપણા ભલા વાઇસરોયનો દાખલો લઇ પોતે રાજ્ય અને દેશ પ્રત્યેની પોતાની ફરજ હમેશાં યાદ રાખશે તો તેઓ પણ પોતાના દેશી ભાઇઓની અનેક સેવા બજાવી શકશે.

આપણા ઇલાકા ઉપર નામદાર લૉર્ડ વેલીંગ્ડન અમલ ચલાવે છે. આ હાકેમ અને તેમના અતિ માયાળુ દીલનાં પત્નિ લેડી વેલીંગ્ડન અને તેમના અમલદારો ભારે શ્રમ લઈ, રૈયતના ભલા સારૂ બનતું કરે છે. નામદાર લૉર્ડ વીલીંગ્ડનના ઉત્તમ,

બાહોશ અને દુરઅંદેશી ભરેલા અમલનાં રૂડાં ફળો આપણો ઈલાકો આ બારીક સમયમાં પણ ચાખે છે. નામદાર લેડી વીલીંગ્ડનની પ્રવૃત્તિનો ધડો આપણા દેશની સ્ત્રીઓને લેવાં લાયક છે. સઘળા લોકોપયોગી ખાતાંઓમાં તે નામદાર ઘણા ઉત્સાહથી ભાગ લે છે. બધી કોમની મ્હારી બ્હેનો જો નામદાર લેડી વીલીંગ્ડનનું અનુકરણ કરી તેમના રૂડા અને લોકોપયોગી કામો હમેશાં યાદ રાખી તેમનાથી સોમા ભાગ જેટલો પણ જનસેવાના કામોમાં ભાગ લેશે તો આપણાં દેશનો ઉદ્ધાર ઘણોજ નજદીક છે એમ અવશ્ય જાણવું.

મારૂં લખાણ પુરૂં કરતાં પહેલાં આ પુસ્તકના કર્ત્તા અને ચાર આના ફંડના સંબંધમાં બે શબ્દ લખવા રજા લઉં છું.

આ પુસ્તકના કર્ત્તા રા. રા. જુગલરામ પંડયા એક ઉત્સાહ સાથે રાજ્યભકત પુસ્તક લેખક છે, તે આ પુસ્તક વાંચવાથી ખાત્રી થશે. તેમની આ મહેનત પ્રસંશાપાત્ર છે. પુસ્તક લખવામાં રા. રા. જુગલરામે ઠીક પરિશ્રમ લીધો છે. વળી પુસ્તકની ભાષા સરળ હોવાથી જનસમાજને તે ઉપયોગી થઇ પડશે તેમાં કંઇ શક નથી. રા. રા. જુગલરામે આ પુસ્તકનું વેચાણ થયે તેમાંથી દર પ્રતે ચાર આના અત્રે સ્થાપવામાં આવેલા "ચાર આના વોર અને રીલીફ ફંડ"માં આપવા કબુલ્યું છે અને આ તેમની ઉદાર વૃતિને સારૂ ધન્યવાદ ઘટે છે.


ચાર આના વેર અને રીલીફ ફંડમાં જે રકમ ભરાશે તે "Womens Branch of the Bombay Presidency War and Relief Fund" માં મોકલી આપવામાં આવશે. મને ખાત્રી છે કે સર્વે બહેન, ભાઇઓ આ કાર્યને બનતો ટેકો આપશે.

બ્રિટીશ શહેનશાહતમાં આપણો દેશ ઘણો સારો દરજ્જો ધરાવે છે, અને આ બારીક સમયમાં આપણે બજાવેલી સેવાથી અને પ્રદર્શીત કરેલી અતિ શ્રેષ્ઠ રાજ્યભકિતથી આપણા માયાળુ નામદાર શહેનશાહ જયૉર્જ ઉપરજ નહીં પણ આખી શહેનશાહતમાં સઘળે ઘણીજ ઉમદા અસર થઇ છે અને આપણા દેશના દરજ્જામાં વધારો થયો છે. આપણે હમેશાં યાદ રાખવું કે આપણા લોકોનું અને દેશનું કલ્યાણ અને શ્રેય અંગ્રેજી અમલથીજ થશે. આ પ્રતાપી ન્યાયી અમલનાં રૂડાં ફળ આપણે હમણાં ભોગવીએ છીએ અને હજુ પણ તેજ અમલ તળે આપણો વધુ અને વધુ ઉદ્ધાર થશે, એ નિઃસંદેહ વાત છે. દુનિઆના મહાન દયાળુ અને સર્વ વ્યાપક પિતા પાસે આપણે દરરોજ પ્રાર્થના કરી એટલુંજ માગવું કે "પ્રતાપી બ્રિટીશ રાજ્યનો જય થાઓ અને તેમના દુશ્મનો પરાજય પામી નાશ પામો."

લી૦


મુંબઇ,
ગોવાળીઆ ટેંકરોડ,
તા. ૨૨-૧૨-૧૯૧૪.

સૌ. મંગળાગૌરી ચુનીલાલ સેતલવાડ.



અનુક્રમણિકા.

—:o:—



નામદાર પ્રિન્સ ઑફ વેલ્સ.



લોર્ડ કિચનર.



નામદાર વાઇસરોય લૉર્ડ હાર્ડિંગ.



મુંબઇના ગવર્નર નામદાર લૉર્ડ વેલીંગ્ડન.

The Bombay Art Printing Works, Fort.

રાજ્ય કર બ્રિટાનિયા.

RULE BRITANIA.

When Britain first, at Heaven's command,
Arose from out the azure main,
This was the charter of the land
And guardian angels sang the strain:
"Rule Britania: rule the waves,
Britons never shall be slaves!" 1

The nations not so blessed as thee,
Must in their turn to tyrants fall;
Whilst thou shalt flourish great and free,
The dread and envy of them all.
Rule Britania etc. 2

Still more majestic shalt thou rise,
More dreadful from each foreign stroke;
As the loud blast that tears the skies,
Serves but to root thy native oak.
Rule Britania etc. 3

Thee haughty tyrants ne'er shall tame,
All their attempts to bend thee down,
Will but arouse thy generous flame,
But work their woe and thy renown.
Rule Britania etc. 4

To thee belongs the rural reign,
Thy cities shall with commerce shine;
All thine shall be the subject main,
And every shore it circles thine.
Rule Britania etc, 5

The muses, still with freedom found,
Shall to thy happy coast repair,
Blest Isle! with matchless beauty crowned,
And many hearts to guard the fair.
Rule Britania. 6

ભાવાર્થ—જ્યારે ઈશ્વરની આજ્ઞાથી આસમાની રંગના મહાસાગરમાંથી સૌથી પ્રથમ બ્રિટન દેશનો આવિર્ભાવ થયો, ત્યારે આ દેશને આ પ્રમાણે શાસનપત્ર મળ્યો હતો અને રક્ષણ કરનારા દેવદૂતોએ સંગીતનું આ ધ્રુવ પદ ગાયું હતું:-**રાજ્ય કર બ્રિટાનિયા: બ્રિટાનિયા સમુદ્ર ઉપર રાજ્ય કર: બ્રિટનો કદી પણ કોઇના દાસ-ગુલામ-થશે નહિ.** ૧

જે પ્રજાઓ તારા જેટલી પ્રભુના આશિર્વાદને પાત્ર થઈ નથી, તેઓ પોતાના ભાગ્યે કરી જુલમગારોના હાથમાં પડવીજ જોઇશે; પરંતુ તું તો તે સર્વના ત્રાસ અને ઇર્ષારૂપ બની મહાન અને સ્વતંત્ર બની ખીલવાનીજ.

રાજ્ય કર બ્રિટાનિયા..........વગેરે. ૨

નભસ્તલને ચીરી નાંખતો ઝંઝાવાત જેમ તારા એક વૃક્ષોનાં મૂલને દૃઢીભૂત કરવા સિવાય અન્ય કશું કરી શકતો નથી, તેમ તું વિદેશીઓના પ્રત્યેક આઘાત સાથે વધુ ને વધુ ભવ્ય, વધુ ને વધુ ભયંકર થઇ ઉદય પામશે.

રાજ્ય કર બ્રિટાનિયા..........વગેરે. ૩

તને, ગર્વિષ્ટ જુલમગારો કદી પણ વશ કરી શકશે નહિ, તને નમાવવાના તેઓના સર્વ પ્રયત્નો કેવળ તારા ઉદાર જુસ્સાનેજ જાગૃત કરશે અને તેઓ પોતાને માટે તો કેવળ પીડા ઉત્પન્ન કરવા સાથે તારી કીર્તિજ જમાવશે.

રાજ્ય કર બ્રિટાનિયા..........વગેરે. ૪

ગ્રામ્યશાસન કરવાનું તારે શીર છે, તારાં નગરો વ્યાપારથી પ્રકાશશે, અને સઘળા મહાસાગરો તારેજ તાબે રહેશે અને તે તારા દરેક કિનારાને વિંટાયલાજ છે. રાજ્ય કર બ્રિટાનિયા..........વગેરે. ૫

સ્વતંત્રતા શોધનારી કળાની મુગ્ધ દેવીઓ તારા સુખી (સુખદાયી) કીનારાઓ ઉપર આવી નિવાસ કરશે; અનુપમ સૌંદર્યયુકત અને કોમળ સ્રી જાતિનું સંરક્ષણ કરનાર (વીર) હૃદયોથી યુકત સુખી ટાપુ!

રાજ્ય કર બ્રિટાનિયા..........વગેરે. ૬

ग्रेट ब्रिटन.



बादशाह पंचमजार्ज. सर एडवर्ड ग्रे. फील्डमार्शल फ्रेंच. अॅडमि. जेलिको.

जर्मनी.



कैसर. हर्‌फॉन बेथमन् हालवेज. ज. फाल्केन्हॅन. अॅ. व्हॉँटिर्पित्स.

फ्रान्स



प्रेसि. पॉइंकारे. व्हिव्हियानी. ज. जॉफर. अॅ. बौव्हिलेपियेरे.

रशिया.




झार. सॅझोनॉफ. ज. सोखोम्लिनॉफ. अॅ. ग्रेगोविच.

Manoranjan Press, Bombay.


ऑस्ट्रिया.




फ्रान्सिस जोसेफ. कौंट बर्चटोल्ड. ज. फॉन्हेटझेंडार्फ. अॅ. कार्लस्टिफन.



जर्मनांनी जलद गोळाओ छोडनारी तोप.




ફ્રાન્સના મોટામાં મોટા લડાયક વહાણ ઉપરની જબરદસ્ત તોપ.




ગ્રીશનું રણનું લડાયક ભારી તોપખાનું.

The Bombay Art Printing Works, Fort.



ફ્રાન્સના મોટામાં મોટા લડાયક વહાણ ઉપરની જબરદસ્ત તોપ.



ગ્રીસનું વખણાતું લડાયક ભારી તોપખાનું.

The Bombay Art Printing Works, Fort.

યુરોપની ભયંકર લડાઇ,

અને

(બ્રિટિશ પ્રત્યે હિન્દની વફાદારી.)

પ્રકરણ ૧ લું.

~~~~~~~

લડાઇનો ઉદ્ભવ.

યુરોપખંડમાં હાલ લડાઇનો જે ભયંકર અગ્ની પ્રજવલીત થયો છે, તેના તણખા આખી પૃથ્વીની સપાટી પર ફેલાવો પામ્યા છે, અને તેનું કારણ એ કે, આ ખંડ દુનિયાના મનાતા પાંચ ખંડોમાંનો એક ખંડ છે, નકશામાં જોતાં તે પૃથ્વીના બીજા ભાગોની લગભગ મધ્યોમધ્ય આવેલો છે, તેમ તે મોટી વસ્તીવાળો તથા હુન્નર, ઉદ્યોગમાં દુનિઆના બીજા ખંડોમાં આગળ પડતો ભાગ હોવાથી, પૃથ્વીપરના તમામ દેશો તેની સાથે વ્યાપાર રોજગાર માટે પરસ્પર [illegible] એલા છે.

વળી આ ખંડ એવી સપાટી ઉપર આવેલો છે કે, તેની ઉત્તરે ઉત્તર મહાસાગર, પશ્ચિમે આટલાંટિક મહાસાગર, દક્ષિણે
~~~~~~~

ભૂમધ્ય સમુદ્ર, કાળો સમુદ્ર અને કોકસસ પર્વત, અને પૂર્વે યુરલ નદી અને કારિપયન સમુદ્ર છે.

આ ખંડનું ક્ષેત્રફળ ૩૭,૫૦,૦૦૦ ચોરસ માઈલ છે એની પૂર્વપશ્ચિમ લંબાઇ પોરટુગાલના સેન્ટ વિન્સેન્ટ ભૂશિરથી રશિયન સરહદ સુધીની ૩,૬૦૦ માઇલ અને વધારેમાં વધારે ઉત્તર દક્ષિણ પહોળાઇ નોર્ડકીન ભૂશિરથી તે માટાપાન ભૂશિર સુધી ૨,૪૦૦ માઇલ છે.

આપણા એશિઆખંડ કરતાં યુરોપખંડ પૃથ્વીની સપાટીમાં નિચાણ પ્રદેશપર આવેલો છે, પીરીનીઝ પર્વતથી ઉત્તર બાજુના કીનારા ઉપરના દેશો અને યુરોપી રશિઆ એ બધો પ્રદેશ યુરોપખંડનું મોટું મેદાન છે, ફકત મધ્યભાગ અને પૂર્વે રશિઆનો કઇક ભાગ બાદ કરીએ તો બાકીના આ મેદાનમાં ૬૦૦ ફુટથી વધારે ઉંચો ડુંગર કે પ્રદેશ નથી.

આ મેદાનની દક્ષિણનો ભાગ એટલે ગ્રીસ, તુર્કસ્તાન, ઇટાલી, સ્વિટ્ઝર્લાંડ અને ફ્રાન્સનો દક્ષિણનો ભાગ વગેરે પહાડી અને ઉંચા પ્રદેશો છે, આલ્પ્સ પર્વત જે ઈટાલીની ઉત્તરે આવેલો છે, તે ઉંચામાં ઉચ્ચો પર્વત છે; જેની ઉંચાઇ ૧૬,૦૦૦ ફુટ છે, તેમાંથી નીકળેલા પર્વતોના ઘણા ફાંટા આ ભાગમાં આવેલા છે. તેમ ઉત્તરમાં સ્કેન્ડિનેવિયા દ્વિપકલ્પ અને ગ્રેટ-

બ્રિટનનો થોડો ભાગ અને દક્ષિણમાના ત્રણ દ્વિપકલ્પો (આઈબીરીઅન-ઇટાલી અને બાલ્કન દ્વિપકલ્પ) એ મુખ્ય ઉચ્ચ પ્રદેશો છે.

ઉપરની રીતે યુરોપખંડની ઉત્તર અને દક્ષિણે મોટા દ્વિપકલ્પો આવેલા હોવાથી સમુદ્રના લાંબા ફાંટાઓ ખંડના લગભગ મધ્યભાગ સુધી પહોંચેલા છે, તેથી લોકોને મુસાફરી કરવા તથા વ્યાપારને માટે ઘણી સગવડ છે. વળી કીનારાપર ઘણાં અખાતો આવેલાં હોવાથી અને તે પણ ખંડના અંદરના ભાગ સુધી ગયેલાં હોવાથી બીજા ખંડો કરતાં આ ખંડને મહાસાગરનો લાભ વધારે મળી શકે છે.

આવા હુન્નરના સ્થાનરૂપ યુરોપખંડમાં હાલ પ્રજ્વલીત થયેલા મહા ભયંકર યુદ્ધનું ઉત્પાદક સ્થાન આ ખંડના અગ્નિખુણામાં આવેલા બાલકનપર્વત પાસેનું સરવીયા નામનું નાનું રાજ્ય છે.

નાના રાજ્યોને પડોસનાં મોટાં રાજ્યથી હમેશ દબાયલું રહેવું પડે છે, અને તે જો શિર ઉંચુ કરે છે, તો તેને મહાભયંકર સ્થિતિ ભોગવવી પડે છે. વળી સરહદના રાજ્યો વેપાર, હુન્નર અને મોટાઇની હરિફાઇ મેળવવાના લોભે પરસ્પર વિરોધભાવ રાખે છે. તેવીજ રીતના વિરોધીભાવના બી

યુરોપમાં આવેલા સરવીયા અને તેની પાસે આવેલા આસ્ટ્રિયાના રાજ્ય વચ્ચે વરસો થયાં વેરાયાં હતાં. આ વેરભાવ ઉત્પન્ન થવાના કારણનું સંક્ષિપ્ત વૃતાંત એ છે કેઃ—

વેરભાવનું મુળ.

———:o:———

સરવીયાનો મુલક બાલકન દ્વિપકલ્પનો એક ભાગ છે. બાલકન દ્વિપકલ્પ નામ તેમાં આવેલા બાલકન નામના પર્વત ઉપરથી પડયું છે. આ સઘળા દ્વિપકલ્પો પ્રથમ તુર્કસ્તાનના હાથમાં હતા.

આ દેશની પૂર્વમાં આવેલા રશિયાના મહા રાજ્યને તુર્કસ્તાનમાં આવેલા કોન્સ્ટેન્ટિનોપલ લેવાનો, અને આસ્ટ્રીયાના રાજ્યને તેનું સાલોનિકા બંદર લેવાનો લોભ હતો. આથી આ બંનેએ તુર્કરાજ્ય જે આસ્ટ્રિયાના પાયતખ્ત વિએના સુધી લંબાયું હતું, તેને ધીમે ધીમે પાછું તો હઠાવ્યું; પરંતુ પરસ્પરની અદેખાઇ એવી તીક્ષણ હતી કે, તેઓ બંનેમાંથી એક પણ પોતાની ધારણા ફળીભુત કરી શકયા નહીં; એટલુંજ નહિ પણ ઉલટુ તુર્કસ્તાન અને તેઓ વચ્ચેના પ્રદેશપર સરવીયા, બલગેરિયા અને રૂમાનીયાનાં રાજ્યો ઉદ્દભવ પામ્યાં.

વળી સરવીયાના રાજ્યે રૂમાનીયા લેવાનો ઇરાદો કર્યો પરંતુ તેને સ્લાવનીઝાની લડાઇમાં બલગેરિયાએ હરાવી રૂમાનીયાનું રાજ્ય તેણે પોતાના રાજ્ય સાથે જોડી દીધું.

કેટલીક વખત મુસદ્દી પુરૂષોનો અંતર આશય સ્વાર્થપરાયણતાનો હોય છે, પરંતુ ઉપરથી તેને જેવી રીતે પરમાર્થ વૃત્તિ દાખવવી પડે છે તેવી રીતે બલગેરિયાનું રાજ્ય બળવાન થાય તો પોતાને અડચણ કરતા થઈ પડે એ આશયથી કે પછી ગમે તે મકસદથી પણ આસ્ટ્રિયા ઉપરની લડાઇમાં સરવીયાને મદદ કરવાને બહાને વચ્ચે પડયું અને બલગેરિયાને સરવીયાથી પાછું હઠવા ફરજ પાડી.

એક તો ઉપરની લડાઇમાં પોતાની તરફેણ કરી તેના અને બીજી રીતે પોતાના પ્રદેશમાં ચારે બાજુ જમીન હોવાથી પેદાશનો સઘળો માલ તેને આસ્ટ્રિયાની સરહદમાંથી નિકાસ કરવો પડતો હોવાથી, સરવીયાને આસ્ટ્રિયાનું ઓશિયાળુ રહેવું પડતું હતું. અને આસ્ટ્રિયા પણ સરવીયાને મનમાનતી રીતે દબાવી શકતું હતું.

આ ઓશિયાળાપણું અને દબાણ સરવીયાથી ઘણો વખત સહન થઈ શકયું નહીં, અને આ પરતંત્રતાથી છૂટવાને તેણે એક રસ્તો સાધ્યો, તે એ કે જકાત માટે આસ્ટ્રિયા અને

સરવીયાને મતભેદ પડતાં બલગેરિયા સાથે સરવીયાએ સને ૧૯૦૫ માં જકાત માટે કોલકરાર કર્યા. બલગેરિયામાં વસ્તી પ્રજા સ્લાવ જાતની તેમજ સરવીયન પણ સ્લાવ જાતના હોવાથી આ બંને એકજ જાતીના લોકોમાં થતો સંપ આસ્ટ્રિયા-હુંગરિની મંગિયાર પ્રજા સહન કરી શકી નહીં. આસ્ટ્રિયા સરકારને આ એક સંપીથી અણગમો પેદા થયો. તેણે સરવીયાના રાજ્યમાંથી આવતી ખેતીવાડીની પેદાશ અને ઢોર વગેરે માટે જકાતના સખ્ત કાયદા ઘડયા, અને પોતાના રાજ્યમાં આવતા સરવીયાના માલને અટકાવ્યો.

આસ્ટ્રિયાની આ સખ્તાઇથી સરવીયા પાછું હઠયું નહીં. તેણે ઇજીપ્ટ, ફ્રાન્સ અને ઇંગ્લાંડ આદી મોટા દેશોમાં પોતાનો માલ મોકલી ત્યાં નવી પેઢીઓ સ્થાપી. આ મુજબની લડાઇનું પરિણામ એ આવ્યું કે, દિવસે દિવસે સરવીયાની સ્થિતિ સુધારાની ટોચે પહોચવા લાગી, અને આસ્ટ્રિયા તરફનો તેનો અણગમો વધુને વધુ જોરપર આવતો ગયો.

સને ૧૯૦૫ માં સ્લાવ લોકોની એક કોન્ફરન્સ મળી હતી તેણે ઠરાવ કર્યો કે, સ્લાવ લોકોની રોમનકેથોલિક ધર્મની શાખા અને જુના વિચારની શાખાએ પોતાના જુના મતભેદો એકબાજુ મુકી દેવા જોઈએ. સ્લાવ પ્રજાના આ ઠરાવથી હુંગ-

રિના કોરીયન સત્તાધિકારીઓને એવો શક પ્રાપ્ત થયો કે, આ એક સંપીમાં કંઇક પ્રપંચ હોવો જોઇએ. એ શંકાને લીધે એક બીજા પર જાતીદ્વેષ વધતો ગયો અને ૧૯૦૭ માં આસ્ટ્રિયા-હુંગરિના તે સત્તાધિકારીઓએ સ્લાવ લોકોની ધરપકડ કરીને તેઓપર રાજ્યદ્રોહના આરોપો મુકયા. વળી બીજી વખત સ્લાવ લોકોની પેટાજાત સર્બ લોકોની સભા એકત્ર થતાં, તે પ્રપંચ દાબી દેવાને બહાને સર્બ લોકોથી વસાયલા બોસ્નીયા અને હર્ઝેગોવીનાના સ્વતંત્ર પ્રાંત આસ્ટ્રિયાના રાજ્યે સને ૧૯૦૮ માં પોતાના રાજ્ય સાથે જોડી દીધા.

એડ્રીઆટીક સમુદ્રના કીનારાપર આવેલા આ પ્રાંતો કોઈ દિવસ સરવીયા દબાવી પડશે એ દેહેશતથી આસ્ટ્રિયાએ રશિયા સાથે પોતાને કોલકરાર હોવા છતાં તેને જણાવ્યા શિવાય આ પગલું ભર્યું હતું, અને એવાજ હેતુથી આલ્બેનિયાના મુલકને સરવીયા, ગ્રીસ કે મોન્ટીનીગ્રોથી બચાવવા તેણે ભાગ લીધો હતો. વળી તુર્કી સાથની લડાઈમાં સરવીયા જીતવાથી તથા સોલોનીકા બંદર જે પોતે લેવા ઈરાદો રાખતું હતું તે સરવીયાને હાથ જવાથી આસ્ટ્રિયા સરવીયાની ઉપર વધુ ખોરવાયું. સરવીયા સોલોનીકા બંદર મળતાં આસ્ટ્રિયાથી સંપૂર્ણ સ્વતંત્ર થવા પામ્યું. આવા દુશ્મનાઈના તીખા સમયમાં વળી સરવીયાએ

ઓસ્ટ્રિયાના પ્રીઝરેન્ડના કાઉન્સીલરનું અપમાન કર્યું, આથી ઓસ્ટ્રિયા વધુ છેડાઇ ગયું, અને ૧૯૧૨ માં સરવીયાં સાથે લડાઇ જગાવા તત્પર થયું, પરંતુ તેને શાન્ત પાડવા પ્રયત્ન થતાં તે તે વખત અટકયુ હતું.


તુર્કી સાથેની લડાઇમાં સરવીયા બળવાન જણાયાથી ઓસ્ટ્રિયાને એવો ડર લાગ્યો કે સરવીયાનુ જોર દિવસે દિવસે વધતુ જતુ હોવાથી તેના રાજયમાંના સ્લાવ લોકો કોઇ દિવસ સામે થશે, અને તેઓ મહારાજય સ્થાપશે. એમ થાય તો જર્મની અને પોતે કોન્સ્ટેન્ટિનોપલ લેવાની જે ધારણા રાખી છે તેની વચ્ચે દુશ્મન રૂપી એક મહાન પહાડની નડતર આવી પડે. માટે દુશ્મનોને હરેકબાંને દબાવાના અને તેમને દૂર કરવાના પ્રયત્નો તે સોધવા લાગ્યું.

ઉપરની રીતે બંને રાજયો વચ્ચે મહા ભયંકર દુશ્મનાઇનાં બી રોપાયાં હતાં, અને કોઈ વખતે તેઓ બંને વચ્ચે ચકમક ઝરશે તેવી ધાસ્તી લોકો રાખી બેઠા હતા.

ઉપરનો ભય ખરો પડયો. સરવીયા અને ઓસ્ટ્રિયા વચ્ચે તા. ૨૪ મી જુલાઇ ૧૯૧૪ ના દિને ચકમક ઝર્યો અને તેનો પ્રચંડ અગ્ની હાલ એટલા મોટા વિસ્તારમાં પ્રસરી રહ્યો છે કે, જેના ભયંકર તાપમાં આખી દુનિયા તરફડીયાં મારી રહેલી છે.

યુરોપની હાલની લડાઇનું તાત્કાલિક કારણ આસ્ટ્રિયાના પાટવી કુંવર આર્ચ ડયુક ફ્રાન્ઝ ફર્ડિનાંડ અને તેની પત્નિનું તા. ૨૪મી જુને આસ્ટ્રિયાએ દબાવી લીધેલા બોસ્નીયાના પ્રાંતમાં આવેલા સેરેજેવો ખાતે થયેલું ખુન છે.

આસ્ટ્રિયાના રાજસત્તાધિકારીઓને આ સંબંધમાં તપાસ કરતાં એમ જણાયું કે, આ કાર્યમાં કેટલાક સરવીયાના સત્તાધિકારીઓનો હાથ હતો. વળી આસ્ટ્રિયાના કેટલાક પ્રાંતો પડાવી લેવાની અને આસ્ટ્રિયામાં વસતી સ્લાવ પ્રજાને રાજ્ય વિરૂદ્ધ ઉશ્કેરી રાજ્યદ્રોહ પ્રસરાવવાનો સરવીયન રાજસત્તાધિકારીઓનો હેતુ હતો. એવી રીતનાં આસ્ટ્રિયન સરકારને કારણો જણાતાં તા. ૨૪મી જુલાઇ ૧૯૧૪ને દિને તેણે સરવીયા સરકાર ઉપર તાકીદનો એક પેગામ મોકલ્યો.



પ્રકરણ ૨ જું.

સરવીયાપર આસ્ટ્રિયાનો અલ્ટીમેટમ.

સરવીયાના રાજ્યને આસ્ટ્રિયન સરકારે એવી મતલબનો સંદેસો લખી મોકલ્યો કે "સરવીયામાં આસ્ટ્રિયાના રાજા વિરૂદ્ધની ખટપટો જન્મ પામી છે, અને તેના રાજ્ય પ્રદેશમાંથી અમુક ભાગ લઇ લેવા તેનો ઇરાદો છે એમ તા. ૨૪ મી જુનના શોકકારક બનાવોથી ખાસ જણાઇ આવે છે. સરવીયન સરકારની નજર નીચે એ ખટપટ ચાલે છે, અને સરવીયાની બંને બાજુની સરહદો ઉપર તે હિલચાલ પ્રસરી છે. તેના પરિણામે ખુનો, હુમલ્લાઓ અને ભય મચાવનારાં સંખ્યાબંધ કૃત્યોનું સ્વરૂપ એ ખટપટે લીધું છે. ઘણા વર્ષથી આ હિલચાલને સરવીયાના પાયતખ્ત બેલગ્રેડમાં ઉત્તેજન અપાય છે. તે એવી સ્થિતિએ પહોંચી છે કે, તે તરફ હવે દરગુજર થઇ શકે તેમ નથી.

આસ્ટ્રિયાના રાજ્ય સામે એ હિલચાલ સેવાય છે અને તે નિરંતરની ધમકીનું સ્વરૂપ ધારણ કરતી જતી હોવાથી, એ કાવતરાંનો એકદમ અંત આણવા અમે ધારીએ છીએ. આ હેતુ સાધવા માટે સરવીયાની સરકાર પાસેથી આસ્ટ્રિયાના સરકાર નિચેની માગણીઓનો તત્કાળ સંતોષકારક ઉત્તર માગે છે.

આસ્ટ્રિયાની માગણી.	સરવીયાનો ઉત્તર.
(૧) આસ્ટ્રિયાના રાજા વિરૂદ્ધની સર્બ લોકની હિલચાલને પોતે ધિક્કારે છે એવી રીતસરની ખાત્રી સરવીયાની સરકારે આપવી	કબુલ.
(૨) આવતા રવિવારના સરવીયાના સરકારી પત્રના આગલા પાનામાં આ ધિક્કાર દર્શાવનારૂં જાહેરનામું પ્રકટ કરવું	કબુલ.
(૩) આસ્ટ્રિયા વિરૂદ્ધની હીલચાલમાં સરવીયાના અધિકારીઓ, અને તેમના માણસો એ ભાગ લીધો તે માટે એ જાહેરનામામાં દિલગીરી પણ પ્રકટ કરવી જોઇશે	કબુલ.
(૪) આવા પ્રપંચો માટે જેઓ ગુન્હેગાર હોય તે સઘળાઓ સામે બની શક્તી સખ્તાઇથી કામ લેવા સરવીયાની સરકારે વચન આપવું	કબુલ.
(૫) સરવીયાના રાજાએ પોતાના લશ્કરને ચાલુ ફરમાન તરીકે એકી વખતે આ જાહેરનામું પ્રકટ કરવું અને લશ્કરના સરકારી તાર પત્રમાં પ્રસિદ્ધ કરવું જોઇશે	કબુલ.
(૬) આસ્ટ્રિયા–હુંગરી પ્રતિના તિરસ્કાર અને ધિક્કારને ઉશ્કેરનારાં સઘળાં સરવીયાના પ્રસિદ્ધ પત્રો દાબી દેવાં	કબુલ.

(૭) નરોદના ઓણ્યાના (નેશનલ યુનીયન) નામની સભાને વિંખેરી નાખવી અને તેનાં આ હિલચાલનાં સાધનો જપ્ત કરવાં .... કબુલ.

(૮) આસ્ટ્રિયા-હુંગરિ વિરૂદ્ધ લાગણી ઉશ્કેરનારી વલણવાળી સરવીયાની કેલવણીની પધતિઓ અને શિક્ષકોનાં મુળીયાં ઉખેડી નાખવાં .... કબુલ.

(૯) આસ્ટ્રિયા-હુંગરી વિરૂદ્ધ ચાલેલી હિલચાલ માટે જેઓ ગુન્હેગાર હોય એવા સઘળા અધિકારીઓ અને તેમના માણસોને સરકારી નોકરીમાંથી બરતરફ કરવા. એવા અધિકારીઓ અને તેમના માણસોના નામ અને કૃત્યો સરવીયાને જણાવવાનો હક્ક આસ્ટ્રિયા-હુંગરીની સરકાર પોતાને હસ્તક રાખે છે .... સાબીત થયે કબુલ.

(૧૦) આસ્ટ્રિયા-હુંગરીના રાજ્યપ્રદેશની અખંડતા સામે જે હિલચાલ સરવીયામાં ચાલી છે. તેને દાબી દેવામાં સરવીયાને આસ્ટ્રિયા હુંગરીના પ્રતિનિધિઓ સાહાયતા આપશે અને સેરેજેવોના ખુનમાં સામેલ હોય

એવા માણસો વિરૂદ્ધ સરવીયાના પ્રદેશમાં ચાલનારી ન્યાય ખાતાની તપાસમાં તેઓ ભાગ લેશે .... ચોક્કસ સરતે કબુલ.

(૧૧) સેરેજેવોના ખુનના બનાવ પછી આસ્ટ્રિયા હંગરીની સરકારનું ભુંડુ બોલવાનું સરવીયાના જે ઉંચા અધિકારીઓએ સરવીયા તથા તેની બહાર સાહસ કર્યું હોય તેમના ઉદ્ગારો સબંધી ખુલાસાઓ આસ્ટ્રિયા હંગરીની સરકારને સરવીયાએ આપવા જોઇશે .... ચોક્કસ સરતે કબુલ.

ઉપર મુજબની માગણીમાં તેઓ ઉમેરતા જણાય છે કે, સરવીયા તરફથી કાંઇપણ સંદેસાનો વ્યવહાર ચલાવવા દેવામાં આવશે નહીં, અને કઇપણ છૂટ મુકવામાં આવશે નહીં; એટલુંજ નહીં પણ વધારાની મુદત કે બીજા રાજયોને વચ્ચે પડવા દેવામાં આવશે નહીં. જો સરવીયા આ યાદીમાં કરવામાં આવેલી માગણીઓ સ્વિકારવાને ના પાડશે તો તે સ્વિકારવાની ફરજ પાડવા માટે લશ્કરને હુકમ આપવામાં આવશે.

આસ્ટ્રિયાની સરકારને સરવીયાની સરકારે તેની માગણીઓનો ઉપર પ્રમાણે આપેલો જવાબ અસંતોષકારક લાગ્યો,

અને તેના રાજા ફ્રાન્સીસ જોસફે તા. ૨૮ જુલાઇ ૧૯૧૪ ને દિને સરવીઆ સામે રીતસરની લડાઇ જાહેર કરી, અને તેણે પોતાની પ્રજાને એ બાબતનો ઢંઢેરો કાઉન્ટ સ્ટુઅર્ગ મારફતે નીચેની મતલબ સર જાહેર કર્યો:—

આસ્ટ્રિયાના રાજાનો પ્રજા જોગ ઢંઢેરો.

——:o:——

આસ્ટ્રિયા અને સરવીયા વચ્ચે લડાઇ જાહેર કરવાની વાત સરવીયાની સરકારને જણાવી દીધી છે. આવા અણીના સમયે મારી વ્હાલી પ્રજાના આશ્રયની મને અગત્ય લાગે છે; તેથી નિચેનુ જાહેરનામું પ્રકટ કરવાનું તમને હું ફરમાવું છું.

"પ્રભુકૃપાથી મારા આયુષ્યના બાકી રહેલા વર્ષો દર્મ્યાન, વિગ્રહના અસહ્ય ભોગ અને ભારથી મારી પ્રજાનું રક્ષણ કરવાની મારી આતુર ઈચ્છા હતી. પ્રભુએ પોતાના શાણપણથી આથી વિરૂદ્ધ ફરમાન ફરમાવ્યું છે. દુષ્ટ આશયવાળા શત્રુના કાવત્રાં, મારા રાજ્યના માનના બચાવમાં તેની પ્રતિષ્ઠાના રક્ષણ અર્થે, તેના પ્રદેશોની સહીસલામતી માટે, લાંબા સમય પછી, તરવાર પકડવાની મને ફરજ પાડે છે. એક સ્વતંત્ર રાજ્ય તરીકે પોતાના આરંભથી તે ઠેઠ અત્યાર સુધી જે સરવીયાને મારા બાપદાદાઓએ ટેકા અને સહાય આપ્યાં હતાં, તેણે એ ઉપકાર

ભૂલી જઇ ઓસ્ટ્રિયા–હુંગરિ વિરૂદ્ધ ખુલા શત્રુવટનો માર્ગ વર્ષો થયાં ખુંદવા માંડયો છે. બોસનીયા અને હર્ઝેગોવીનામાં સુલેહની હિલચાલના ત્રણ દાહેકા વીત્યા પછી એ પ્રદેશને મેં શાહીપનામાં લીધો તેથી સરવીયાના રાજ્યના હક્કને કોઇ રીતે હાની થઇ નહુતી; છતાં ત્યાં નિરંકુશ અને કડવો તિરસ્કાર ફાટી નીકળ્યો તે વેળા મારી સરકારે બળીયાને મળતા હક્કોનો ઉપયોગ કર્યો, અને ઘણીજ રહેમદીલી બતાવી સરવીયાને પોતાનું લશ્કર ઘટાડી સુલેહ વેળાની સ્થિતિએ લાવી મુકવા વિનંતી કરી. બે વર્ષ ઉપર તુર્કી મહારાજ્ય સામે સરવીયા વિગ્રહમાં ઉતર્યું, ત્યારે આવાજ આશયથી રાજ્યના સૌથી વિશેષ ગંભીર અને અત્યંત અંગત્યના લાભોના રક્ષણ અર્થેજ પોતાની લડતમાં રોકાવાને સરવીયાને મારી સરકારે જણાવ્યું હતું.

મને એવી આશા હતી કે, સરવીયાનું રાજ્ય મારી સરકારના ધૈર્ય અને સુલેહના ચાહની કદર કરશે, અને પોતાનું વચન પાળશે. પણ મારા અને મારા રાજ્યવંશ તરફનો તેનો ક્રોધ હમેશાં વધુને વધુ પ્રજળતો રહ્યો છે. મારા રાજ્ય પ્રદેશો પડાવી લેવાની તેની હિલચાલનો પ્રપંચ ખુલ્લો થતો જાય છે; આ રાજ્યના ઇશાન ખુણામાં તેના પાયા ઉખેડવાના, જેમના

તરફ મેં પૂર્ણ વિશ્વાસ દાખવ્યો એ લોકોને મારા રાજ્યવંશ અને રાજ્ય પ્રતિની રાજ્યનિષ્ટાથી ચળાવવાના અને રાજ્યદ્રોહમાં ઉતારવાના હેતુથી ગુન્હાભરી હિલચાલ ચાલે છે. સંખ્યાબંધ ખુની હુમલાઓ ત્યાં થયા છે. સુવ્યવસ્થિત કાવતરૂં ચાલે છે; તેથી મારૂ અને મારી રાજ્યનીષ્ટ પ્રજાનું હૃદય ધવાયું છે.

આ અસહ્ય કામો અટકાવવાંજ જોઈએ, અને સરવીઆની અવિરત ચીડવાટનો પણ હવે અંત આણવો જોઇએ. મારા રાજ્યની પ્રતિષ્ઠા અખંડ જાળવવી જોઈએ, અને એવા નિરંતર ધક્કામાંથી તેની રાજકીય, આર્થિક, અને સૈનિક પ્રગતિનું રક્ષણ કરવું જોઇએ. સરવીયાને શાંતિકર સાધનોથી લલચાવવાનો મારી સરકારે પ્રયત્ન કર્યો, પણ તે વ્યર્થ ગયો. મારી સરકારની વ્યાજબી માગણીઓનો તે હમેશ ઈન્કાર કરતુ આવ્યું છે, તેથી તેની સામે મારે હવે હથીઆર ઉપાડવાં જોઇએ.

આ અણીની વેળાએ પ્રભુ સમક્ષ મારી જવાબદારી અને મારા નિશ્ચયના સંપૂર્ણ ગૌરવથી હું ખરેખરો વાકેફ છુ. મેં શાંત અંતઃકરણથી દરેક બાબત તપાસી અને વિચારી જોઇ છે. મને કર્તવ્યે બતાવેલા રસ્તે હું ચાલું છું. મારી રાજ્યગાદીની આસપાસ મારી પ્રજા હમેશાં હરેક તોફાનવેળા રાજ્યનિષ્ટા અને એકસંપીથી એકત્રિત થતી આવી છે, અને પોતાની

પિતૃભૂમિના માન, મહત્તા અને બળ માટે સખ્તમાં સખ્ત ભોગ આપવા હમેશ તૈયાર થયેલી છે, તેનામાં મને વિશ્વાસ છે. આસ્ટ્રિયા-હંગરિના હિમ્મતવાન અને રાજ્યભક્ત સૈન્યને વિજય પ્રભુ આપશે, એવો પરમાત્મામાં મને વિશ્વાસ છે.

આસ્ટ્રિયન સરકારને પ્રજાનો ટેકો.

આસ્ટ્રિયાના રાજા જોસફે પોતાનો ઢંઢેરો પ્રકટ કરાવ્યા પછી પાટનગર વિએનામાં પ્રવેશ કર્યો, ત્યારે લોકોએ તેને ઉત્સાહ ભર્યો આવકાર આપ્યો. લોકના સત્કારનો ઉત્તર વાળતાં પૂર્ણ લાગણીથી તેણે કહ્યું કે “ રાજ્યના સઘળા ભાગમાં લોકની રાજ્યભક્તિના પૂરાવા મને મળ્યા છે, અને તમારા મુજરા માટે હું તમારો અંતઃકરણપૂર્વક ઘણોજ આભાર માનું છું.” પછી લોકના પ્રતિનિધિઓ અને રાજા વચ્ચે પરસ્પર આભાર-રના ઉદ્‌ગારો પસાર થયા. પ્રજાના ટેકાની રાજાને ખાત્રી અપાઇ અને રાજ્યની પતિષ્ટા જાળવવાના પ્રયાસ માટે ગમે તે જોખમ ખેડવું પડે તો ખેડવાની ઉલટ પ્રજા તરફથી દર્શાવાઈ. પછી રાજગીત ગવાયું. લોકોએ ખુલ્લાં માથાં કરી નમન કર્યું, અને બાદશાહ ફ્રાન્સીસ જોસફ રાજ મહેલમાં સીધાર્યા.

આસ્ટ્રિયાએ સરવીયા ઉપર મોકલેલી ઉપરની યાદી વર્તમાન પત્રોમાં પ્રકટ થઇ અને ટુંક વખતમાં તેણે આખા યુરોપખંડમાં ખળભળાટ જગાવી મુકયો.

ઇટાલીયન પત્રો આસ્ટ્રિયાની એ યાદીમાં જણાવેલા સખ્તાઈપણાથી અજાયબ થયાં અને કહેવા લાગ્યાં કે તે યાદી બહુજ અપમાન કારક છે.

લંડનના રાજદ્વારીઓ આ મામલાને બહુ ધાસ્તીભર્યો ગણી, કોઈપણ સરવીયન કેબીનેટ આસ્ટ્રિયાની આ માગણીઓ સ્વીકારી શકે નહીં એવું જણાવવા લાગ્યાં.

——:o:——

પ્રકરણ ૩ જું.

જાતિદ્વેષ.

હાલની ઉદ્‌ભવેલી ભયંકર લડાઇનું સર્વમાન્ય થયેલું કારણ જાતિદ્વેષ છે.

આપણા આ હિંદુસ્તાન દેશની માફક યુરોપ ખંડમાં મુખ્ય ૨૩ સ્વતંત્ર નાનામોટાં રાજ્યો છે. હિંદુસ્તાનના રાજ્યોમાં અને યુરોપના તે રાજ્યોમાં માત્ર ભેદ એટલોજ છે કે, આપણાં દેશી રાજ્યો શ્રીમાન સાર્વભૌમ બ્રિટિસ સરકારની સત્તા નીચે

નિર્વીધ્ને રાજ્ય તંત્ર ચલાવે છે, ત્યારે યુરોપનાં નાનાં, મોટાં રાજ્યો એકબીજાથી તદ્દન સ્વતંત્ર અને તે સ્વતંત્રતા જાળવવા માટે તેઓ એકબીજા સાથે લડી મરે છે. આ રાજ્યોની વસ્તી આશરે ૩૮ કરોડ માણસની છે. મુખ્ય રાજ્યોની વસ્તીના આંકડા લગભગ નીચે પ્રમાણે છે.

		પ્રગણાં.	વસ્તી.
૧	ગ્રેટ બ્રિટન	૧૧૭	૪,૫૬,૦૦,૦૦૦
૨	ફ્રાન્સ	૮૭	૩,૯૦,૦૦,૦૦૦
૩	જર્મની	૨૬	૫,૩૦,૦૦,૦૦૦
૪	રશિયા	૫૩	૧૦,૦૦,૦૦,૦૦૦
૫	આસ્ટ્રિયા-હુંગરિ	૧૭	૪,૩૦,૦૦,૦૦૦
૬	ઇટાલી	૬૯	૩,૦૦,૦૦,૦૦૦
૭	બેલ્જીયમ	૯	૮૨,૦૦,૦૦૦
૮	સ્પેન	૪૯	૧,૮૦,૦૦,૦૦૦
૯	પોર્ટુગલ	૧૦	૨૨,૦૦,૦૦૦
૧૦	સ્વીડન	૩	૨૦,૦૦,૦૦૦
૧૧	નોર્વે	૬	૨૪,૦૦,૦૦૦
૧૨	સ્વીત્ઝર્લાંડ	૨૨	૪૦,૦૦,૦૦૦
૧૩	યુરોપી તુર્કસ્તાન	૮	૬૦,૦૦,૦૦૦

૧૪ ડેનમાર્ક		૬	૪૦,૦૦,૦૦૦
૧૫ હોલાંડ (નેધરલાંડ)		૧૧	૮૦,૦૦,૦૦૦
૧૬ ગ્રીસ			૨૮,૦૦,૦૦૦
એ સિવાય	સરવીયા		૨૭,૦૦,૦૦૦
	બલગેરિયા		૪૦,૦૦,૦૦૦
	રૂમાનીયા		૧,૦૦,૦૦,૦૦૦
	મોન્ટીનિગ્રો		૪,૦૦,૦૦૦

એ સ્વતંત્ર રાજ્યો છે. જે એક બીજાથી જોડાયેલા છે.

ઉપરની વસ્તીમાં તુર્ક (૭૦,૦૦,૦૦૦) અને યાહુદી (૫૦,૦૦,૦૦૦) જાત સિવાય બાકીના સઘળા યુરોપીયન લોક ક્રિશ્ચિયન ધર્મના અનુયાયી છે.

યુરોપી પ્રજામાં ચાલતા પંથો.

યુરોપી લોકો ક્રિશ્ચિયન ધર્મના અનુયાયી છે છતાં તેમાં પણ હિન્દુ ધર્મના જેવા ફાંટા વિશેષ છે. તેમાં મુખ્ય—રોમન કથોલિક, ગ્રીકચર્ચનો, અને પ્રોટેસ્ટંટ પંથો છે.

યુરોપખંડની વસ્તીના બે ભાગ રોમન કેથોલીક, એક ભાગ ગ્રીક અને એક ભાગ પ્રોટેસ્ટંટ પંથ પાળનારા છે.

વળી ઉપરના મત, પંથોવાળા પણ જુદી જુદી જાતથી ઓળખાય છે. જે નીચે પ્રમાણે છે.

યુરોપી પ્રજાની જુદી જુદી જાતો.

——:o:——

યુરોપની વસ્તીનો લગભગ ઘણો ભાગ કોકેશિઅન જાતના લોક છે અને તેઓ આર્ય કુલનીજ ભાષાઓ બોલે છે. થોડા લોકો માંગોલિઅન જાતના છે.

કોકેશિઅન જાતના લોકોના ત્રણ વિભાગ છે.

ટ્યુટોનિક, રૂમાનિક અને સ્લાવ.

એ ત્રણ વિભાગ સિવાય વળી જે કોકેશિઅન જાત આ ખંડમાં પહેલી આવીને વસી તેને કેલ્ટ જાત કહે છે.

ઉપરની જાતોમાં—જે રૂમાનિક પ્રજા છે તે રોમન કેથોલિક ધર્મ પાળે છે. ટ્યુટોનિક પ્રોટેસ્ટંટ અને સ્લાવ પ્રજા ગ્રીક ધર્મના અનુયાયી છે.

રોમન કેથોલિક પ્રજા પોપને મુખ્ય ધર્મગુરૂ માને છે. ગ્રીક ધર્મીયો પોપની સત્તાને કબુલ કરતા નથી. એ સિવાય તે બંને પંથો એકબીજાને મળતા આવે છે. ઇ. સ. પંદરમી સદીમાં રોમન કેથોલિક ધર્મમાંથી કેટલાક લોકો છુટા પડયા અને તેઓએ રોમન કેથોલિક ધર્મના કેટલાક રીતરિવાજ સામે

વાંધો ઉઠાવી જે ધર્મ ચલાવ્યો તેને પ્રોટેસ્ટંટ ધર્મ કહે છે. પ્રોટેસ્ટંટ ધર્મના લોકો પોપને પોતાનો ધર્મગુરૂ ગણતા નથી, તેમજ તેઓ મૂર્તિને પણ માનતા નથી.

ઉપરની સમગ્ર પ્રજાના ફાંટા જુદા પણ મુખ્ય ધર્મ એક હોવાથી; તેમ રોટી બેટી વ્યવહાર અને પ્રદેશ ગમનનો તેઓમાં પ્રતિબંધ નહી હોવાથી ધંધાર્થે ગમે તે દેશમાં જઇ ત્યાંના કાયમના રહેવાશી તરીકે તેઓની જુદી જુદી જાત આખા યુરોપ ખંડમાં પ્રસરી ગઇ છે. એટલે અમુક એક ભાગમાં અમુકજ જાતના કે શાખાના લોક રહે છે, એ સમજવું ગુંચવણ ભરેલું છે. નીચેના કોષ્ટકથી યુરોપના કયા દેશોમાં કઇ જાતનો વધુ વસવસાટ છે એ સમજાશે.

કેલ્ટા (પ્રથમ આવેલા કોકેશિઅન)—આઇસલાંડ, સ્કોટલાંડની ઉત્તરે એટલે હાયલાંડ, આયર્લાંડ, વેલ્સ તેમ ઇંગ્લાંડની નૈરૂતે કાઉંટીડેવ્હન અને કાર્નવાલ.

ગ્રેકોરોમન—ગ્રીસ અને ભૂમધ્ય સમુદ્રમાંના કેટલાક બેટ (ઇટલીમાં રોમન લોક કેલ્ટ અને ટ્યુટોનિક લોકોમાં મીશ્ર થઇ ગયા છે.)

ટ્યુટોનિક—સ્વીડન, ડેનમાર્ક, હૉલેન્ડ, ઇંગ્લાંડ, સ્કોટલાંડની દક્ષિણનો અર્ધભાગ, આયર્લાંડનું અલ્સ્ટર, જર્મનીનાં

૨૬ સંસ્થાનો (પ્રસિયા, બેવ્હેરીયા, સૅક્સની, સાયલેશિયા, વર્ટેમ્બર્ગ, ફ્રેસી, વેડન, મેકલેનબર્ગ, શ્વેરીન, બ્રન્સ, બુઇક વગેરે) આસ્ટ્રિયા પ્રાંત.

લૅટિન--(આ જાત ઘણું કરીને કેલ્ટ સાથે ટ્યુટોનિક મીશ્ર થવાથી થએલી વિશીષ્ટ જાત છે) ફ્રાન્સ બેલજિયમ, સ્વિત્ઝર્લાંડ, ઇટલી, સ્પેન, અને પોર્ટુગાલ (સ્પેનિસ અને પોર્ટુગીઝ લોકોમાં પણ ફીનીશિયન અને મુર લોકો મીશ્ર થઇ ગયેલા છે.)

સ્લૅવ્હોનીક—આ જાત બે શાખામાં વ્હેંચાયલી છે.

૧ લી માં રશિયા (અત્રે મોટા, નાના, અને ગોરા સ્લેવ્હ એવી ત્રણ પેટા જાતી છે) બલગેરિયા, સરવીયા, આસ્ટ્રિયાના તાબા માહેના ક્રોઆશિયા, ડાલમેશિયા અને સ્લોવ્હેનિયા પ્રાંત.

૨ બીજી શાખામાં—બોહેમિયા, મોરેવ્હિયા, અને ગેલેશિયાનો પ્રાંત (અત્રે લોકોને ઝેચ, સ્લોવ્હાક, સર્બ, લ્યુસિટેનિયન અને કર્યસુબિનિયન એવી સંજ્ઞા છે) અને આસ્ટ્રિયા, પ્રસિયા, અને રશિયામાંથી જુદો પડેલો પોલાંડ દેશ (અત્રેના લોકો લેચિસ સંજ્ઞાથી ઓળખાય છે) મોંટીનીગ્રો અને ૧૯૦૮ માં આસ્ટ્રિયાએ મેળવી લીધેલો બોસ્નિયા અને હરજેગોવિના પ્રાંત.

ઉપરની જાતો આર્ય અને તે ઈન્ડો યુરોપિયન આર્યની સંજ્ઞામાં ગણાય છે. અને નીચેની જાતો અનાર્ય તરીકે ગણાય છે.

હુંગેરિયન—આસ્ટ્રિયાના તાબાનો હુંગરી પ્રાંત.

રૂમેનિયન ઉર્ફે મોગિયાર—રૂમેનીયા દેશ તથા આસ્ટ્રિયાના તાબા-
માંનો ટ્રેન્સલવ્હેનિયા પ્રાંત.

તુર્ક—હાલનું અવશિષ્ટ રહેલું તુર્કસ્તાન.

આલબેનિયન—આલબેનિયા કે ઈતરત્ર.

ઉપરની જાતો સિવાય બીજી કેલ્વ્હેનિષ્ટ પ્રોટેસ્ટંટ અને લ્યુથરન પ્રોટેસ્ટંટ વગેરે શાખાઓ અને ઉપશાખાઓ છે.

ઉપરના કોષ્ટકથી વાંચકવૃંદના સમજવામાં આવ્યું હશે કે સરવીયા સ્લાવ જાતિ અને આસ્ટ્રિયા ટ્યુટોનીક પ્રજાથી વસાએલા દેશો છે. એટલે હાલની લડાઇ ટ્યુટોનીક અને સ્લાવ પ્રજા વચ્ચેનો જાતીદ્વેષ છે.

પ્રકરણ ૪ થું.

રશિયાનો સજાતિ પ્રેમ.

યુરોપના એક અગ્નિખુણામાં આવેલા બાલ્કન પર્વતના એક પહાડી રાજ્યની લડાઇના સંબંધમાં બીજાં મહારાજ્યો તેમાં કેમ જોડાયાં એજ આ લડાઇની હકીકતમાં જાણવા જોગ મુખ્ય પ્રશ્ન છે.

ગયા પ્રકરણમાં આપેલા કોષ્ટક ઉપરથી વાંચનાર સમજ્યા હશે કે યુરોપના સર્વ રાજ્યોમાં રશિયાનું રાજ્ય સર્વથી મોટી વસ્તીવાળું છે. વળી તેમાં વસતી જાતોમાં સ્લાવ જાતના લોકો મુખ્ય છે એટલે તે સ્લાવ જાતનું માતૃસ્થાન ગણાય છે.

બાલકન સંસ્થાનો કે જેમાં સરવીયા આવેલું છે તેમાં પણ રશિયાની ઉપરની જાતની એક પેટા જાત સર્બ લોકની વસ્તી છે.

રશિયાનો સરવીયાપર સજાતિ પ્રેમ.

હાલના રશિયન સરકારની રાજ્યનીતિ દિર્ઘદર્શી અને ઘણી શાણપણ ભરેલી હોય એમ જણાય છે. તે એટલા ઉપરથી કે સ્લાવ જાતી ઉપર તેનો આટલો બધો પ્રેમ અને સરવીયાને મદદ કરવાનો તેનો અંતર આશય એમ સમજાય છે કે, રશિયન રાજ્યને ભુમધ્ય સમુદ્ર ઉપર જોઇએ તેવું એકે દરિયાઇ બંદર નથી; જેથી ખુલ્લા ભુમધ્ય સમુદ્રપર આવવા તેણે બે યુક્તિ ધ્યાનમાં લીધેલી હોવી જોઇએ. એક તો પોતાના બળની અને બીજી સામ, દામ અને સ્નેહની. પહેલી યુક્તીથી તુર્ક લોકો પાસેથી કોન્સ્ટેન્ટિનોપલ પોતાના તાબામાં લઇ મારમોરા સમુદ્ર

અને ડાર્ડાનેલ્સ અને બોસ્ફોરસની સામુદ્રધુની સુધી વિસ્તાર વધારવો.

બીજી યુક્તી–ક્રિશ્ચિયન કે તુર્ક નહી એવી પ્રજામાં પોતા માટે પ્રેમ અને ભક્તિ ઉત્પન્ન કરી તેવાં સ્વતંત્ર સંસ્થાનો સ્થાપવા આશ્રય આપવો, અને એ રસ્તે પણ મેડીટરેનીયન સમુદ્ર સુધીના પ્રાંતો સ્વઆશ્રીત કરી લેવા.

ઉપરની બંને યુક્તીમાં પ્રથમની યુક્તી ચલાવવા જતાં તુર્કસ્તાનમાં રાજકારસ્થાનનું સ્વરૂપ ફરવાથી તથા ગ્રીસની સ્વતંત્રતાને માટે થયેલા યુદ્ધથી તે અટકી પડતાં તેણે બીજી યુક્તી કામે લગાડવા પ્રયત્ન કરેલો હોવો જોઇએ, અને તે એ કે:–બાલ્કન સંસ્થાનોમાં ઘણા લોક સ્લાવ શાખાના છે, એટલે જાતી ગુણોથી તેઓ પોતાના સગોત્રી બંધુ હોવાથી તેમને પોતાની મદદ આપી સ્વતંત્ર બનાવી તે રસ્તે પોતાની યુક્તિ ફળીભૂત કરવા કદાચ વિચાર રાખ્યો હોય. ગમે તેમ હોય પરંતુ યુરોપ રાજ્યના સને ૧૮૨૯ માં થયેલા તહનામાને આધારે તુર્ક સુલતાન પાસેથી સરવીયા વગેરે પ્રાંતને થોડું સ્વરાજ્ય અપાવા અને ગ્રીસના રાજ્યનું સ્વતંત્ર કબુલ કરાવા પોતે આગળ પડયું. વળી ૧૮૬૨ માં સરવીયાને સ્વતંત્ર બનાવવામાં તેણે પોતાની મદદ આપી, અને ૧૮૭૬ માં બલગેરિયાની

સ્વતંત્રતાનો ઉપક્રમ શરૂ કર્યો. તે વખતે પ્રસિદ્ધ સુલતાન અબદુલ હમીદ તુર્ક ગાદીપર આવ્યો અને યુરોપી રાજ્યોના વકીલોની કોન્સ્ટેન્ટિનોપલમાં કોન્ફરન્સ ભરાઇ. આ કોન્ફરન્સમાં તુર્ક રાજ્ય કાયમ રાખી બાલ્કન પ્રદેશમાં સ્વરાજ્ય સ્થાપવાના વિષયપર મજબુત તકરારો ચાલી, પણ તે દરખાસ્ત નિરર્થક ઠરતાં ૧૮૭૭ માં રશિયાએ તુર્કોપર તરવાર ઉચકી.

બહાદુર તુર્કો ઠેઠ સુધી બહાદુરીથી ટકી રહ્યા, પણ છેવટે રશિયાની ફત્તે થતાં સને ૧૮૭૮ માં સેન્ટસ્ટેફાનોમાં તહનામું થઈ યુદ્ધ અટક્યું.

આ કરારનામાથી સરવીયા અને મોંટેનિગ્રોનાં સંસ્થાનોનો વિસ્તાર વધ્યો અને આ સંસ્થાનોની તથા રૂમેનિયાની પૂર્ણ સ્વતંત્રતા અને બલગેરિયાની અર્ધી સ્વતંત્રતા તર્કો પાસે રશિઆએ કબુલ કરાવી, પણ ઇંગ્લાંડ, જર્મની, અને આસ્ટ્રિયા એ, વચ્ચે પડીને સને ૧૮૭૮ માં બર્લીન ખાતે તહનામું કર્યું. આ તહનામાથી બલગેરિયાનું રાજ્ય કમિ થયું, અને બોસ્નીયા તથા હરઝેગોવીનાની રાજ્યવ્યવસ્થા સુલતાનના નામથી ચલાવવાને આસ્ટ્રિયાના રાજ્યને અધિકાર મળ્યો, પરંતુ ફરીથી ૧૮૮૫ માં રશિયાની સાહ્યથી બલગેરિયા અને રૂમેનિયા પ્રાંત મળી તે દેશ સ્વતંત્ર થયો.

જ્યારે સુલતાન અબદુલ હમીદને ગાદીએથી ખસેડી હાલના સુલતાન મહમદને (૧૯૦૮ માં) તુર્કસ્તાનની ગાદીપર બેસાડવામાં આવ્યા, તે તકનો લાભ સાધી આસ્ટ્રીયાએ ટર્કી સુલતાનના બોસ્નીયા અને હરઝેગોવીના પ્રાંત સંપૂર્ણ રીતે કબજે કર્યા.

ઉપરની હકીકતથી તથા તવારીખોનું અવલોકન કરતાં એટલું તો માલમ પડે છે કે, યુરોપખંડમાં તુર્ક રાજ્યમાંથી આજે જે જે પ્રાંતો સ્વતંત્ર થયા છે, તે પ્રત્યેકની સ્વતંત્રતાના પ્રયાસમાં રશિયાની સંપૂર્ણ મદદ હતી અને તેમ કરતાં તેને બે ચાર લડાઇઓ પણ કરવી પડી હતી. આ બધા વખતમાં ફક્ત રૂમેનિયા પાસે આવેલો બેસરેબીયા નામનો પ્રદેશ રશિયાએ કબજે કર્યો છે. શિવાય બાલ્કન સંસ્થાનોમાં વસતા તેના જાતભાઇઓને સ્વતંત્ર બનાવા માટેજ પોતાની સઘળી સહાનુભૂતીનો તેણે ઉપયોગ કરેલો જણાય છે.

ઉપરની હકીકતથી સરવીયામાં વસતા તેના જાતીભાઇયો જેને તેનો લાંબા વખતથી સંપૂર્ણ આશ્રય છે તેવા સર્બ-સ્લાવ લોકોને આસ્ટ્રીયાની ટયુટન પ્રજાથી છુંદાવા-દબાયલા જોવા રશિયા સરકાર કબુલ કરે!? અને કદાચ તેણે સરવીયાની પડતી દશામાં તેને મદદ કરવાનો પ્રયત્ન કર્યો હોય તો તે યુક્ત છે કે અયુક્ત તેનો ખ્યાલ વાચકવૃંદ કરી લેશે.

પ્રકરણ ૫ મું.

જર્મનીનો અંતર આશય.

યુરોપની સુધરેલી પ્રજાના બીજા દેશો કરતાં હુન્નર ઉદ્યોગમાં જર્મનીનું મહારાજ્ય સઉથી ચડતે દરજ્જે ગણાય છે. તેના રાજાને શહેનશાહ અથવા કૈસર કહેવામાં આવે છે. જર્મની છવીસ રાજ્યોના સમૂહનુ બનેલું એક મહારાજ્ય છે. આ બધાં રાજ્યો એકબીજા સાથે સામાન્ય હિતથી બંધાયલાં છે. તેની વસ્તી લગભગ ૪॥ કરોડ માણસની છે. જર્મન દેશ યુરોપની મધ્યોમધ્ય હોવા સાથ તેની વસ્તી એક જથ્થે છે. તેના કૈસરે ૧૮૬૪ માં ડેન્માર્કની દક્ષિણનો ભાગ સ્લેઇસ્વીગ હોલ્સ્ટાઇન કબજે કરવાથી તે ભાગમાં તેણે મોટી નેહેર બાંધી છે, અને પોતાનું નૌકાબળ રાખવાને વીલ્હેલ્મસહેવનનું સંપૂર્ણ કીલ્લે-બંધીવાળું બંદર બાંધ્યું છે. જો આ ભાગ જર્મનના હાથમાં ન ગયો હોત, તો તેને સમુદ્રપર પોતાનો કાબુ બેસાડવાને મોટા લડાયક કાફલો બાંધવા તક મલતે નહીં. ઇંગ્લાંડના રાજ્યે તે વખતે વાંધો લીધો હતો, પણ તેને બીજા રાજ્યોએ સહાનુભૂતી નહીં આપી ત્યારથી જર્મન શહેનશાહતની મહત્વાકાંક્ષા વધવા માંડી. વળી તે મહત્વાકાંક્ષાને પોસવા તેને એક

પછી એક જોઇએ એવા પુરૂષો પણ મળતા ગયા, અને તેના પરિણામમાં ઉદ્યોગ, હુન્નર, વેપાર, ખેતીવાડી, સૈન્ય અને નૌકા શિક્ષણ અને પૈસો એ સર્વે દિશામાં તેની વૃદ્ધિજ થવા લાગી. આ પ્રમાણે વૃદ્ધિ થતી હોય ત્યારે જર્મનીને યુરોપમાં તો શું પણ આખા જગતના સર્વોપરિ થવાને લોભ થાય તેમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી, પરંતુ શેરને માથે સવાશેર એ રીતે જર્મનીના કરતાં ત્રણગણી વસ્તી ધરાવતા રશિયન સરકાર તેના પડોસમાં હોવાથી તેનો તેને હમેશ ડર રહે તો હતો. વળી બીજી બાજુ સમુદ્ર તરફ વળતાં હોલાંડ તથા બેલજીયમની તેને આડ નડતી હતી. આ બે રાજ્યો સ્વતંત્ર હોવાથી તેને કબજે કરતાં, કરારને આધારે બંધાયલા ફ્રાન્સ અને ઇંગ્લાડ તે પ્રાંતોની મદદમાં ઉભા થાય તો ને સર્વેને પહોંચી વળવા એક મોટા રાજ્યની મદદની તેને ઘણી જરૂર હતી.

સ્લાવ પ્રજાનું વિરોધી અને બાલ્કન સંસ્થાનોપર પોતાનો કાબુ બેસાડવાને ઉમેદવાર આસ્ટ્રિયાના રાજ્યને પણ પોતાની મુરાદ બર લાવવામાં રશિયાનો ડર હતો; કારણ તે હરવખતે બાલ્કન સંસ્થાનોમાં વસતા પોતાના જાતિભાઇઓને મદદ કરવા દોડીઆવતો હતો, જેથી એના મહારાજ્યને પહોંચી વળવા કોઇ મોટા રાજ્યની આસ્ટ્રિયાએ પણ મદદ

મેળવવા ઈરાદો કર્યો. આથી જર્મન, આસ્ટ્રિયા બંને ગરજાઉ એક થયા અને સને ૧૮૮૨ ની શાલમાં એક બીજાને સંકટમાં સહાય થવા સંધી કરી. અને તેમાં ઇટાલીના રાજયને પણ જોડયું.

આસ્ટ્રિયા સાથની સલાહમાં જર્મનીના બે લાભ સમાયા હતા; એક રશિયનો ચડી આવે તો તેને અટકાવવાનો, અને બાલ્કન રાજ્યોને મહાત કરી ભૂમધ્ય સમુદ્રનાં બારાં સર કરવામાં આસ્ટ્રિયાને એક હથીયાર રૂપ બનાવવાનો.

ઉપરના કારણથી આસ્ટ્રિયાને જર્મની સંપૂર્ણ મદદ આપતું હતું; એટલુંજ નહીં પણ તેઓ બંનેની જાતી એક હોવાથી તેમ હંગરિના અનાર્ય મગિયારોને પણ સહવાસેકરી પોતાના જેવા કરી લીધા હોવાથી તેઓમાં દિવસે દિવસે સંપ વધ્યો, અને ભૂમધ્ય સમુદ્રે જવા તેઓને સરવીયા અને બીજા બાલ્કન રાજ્યોની સ્લાવ પ્રજાજ આડખીલી રૂપ થઇ પડવાથી તેઓ બંનેએ આખી સ્લાવ જાત ઉપર અણગમો બતાવ્યો; એટલુંજ નહીં પણ આસ્ટ્રિયામાં વસ્તી તેની પ્રજા પૈકીની સ્લાવ જાતીને પણ બીજી રૈયતને બક્ષવામાં આવતા સ્વરાજ્યના હકો જેવા હક આપવા બંધ કર્યા.

વળી આ બંને રાજ્યોએ નિશ્ચય કર્યો કે, બાલ્કન રાજ્યના લોકોને આપણા રાજ્યમાં ખેંચવા અને તેમ ન થાય તો તેના

સંસ્થાનો આપણે તાબે કરી તેના અધિષ્ટાતાને આજ્ઞા પાલક માંડળીક કરવો અને પોતાના રાજ્યમાં વસતા સ્લાવો જેઓ જર્મન ન હોય તેને કનડી નીચી પાયરીએ ઉતારવા અને એમ કરતાં જો રશિયા સામું થાય તો તેની સાથે પણ વિરૂદ્ધતા કરવી. એવો તેઓના હૃદયમાં ઇરાદો ઉપસ્થિત થયો.

વળી સરવીયાના રાજ્યમાં સ્થાપવામાં આવેલી સમગ્ર સ્લાવ લોકોની પેનસ્લાવ નામની સંસ્થાનો સમુહ જો સરવીયામાં એકત્ર થઇ વધુ એક સંપીપર આવે તો પરિણામે સરવીયાને મહારાજ્ય બનાવે અને તેથી ભૂમધ્ય સમુદ્ર તરફની પોતાને વધવાની આશા અટકી પડે એ કારણથી સરવીયાની વિરૂદ્ધનાં સર્વે કાર્યમાં જર્મન શહેનશાહ આસ્ટ્રિયાને સહાનુંભૂતી આપવા લાગ્યો.

આસ્ટ્રિયા પોતાને જર્મન જેવા મહારાજ્યની મદદ મળતાં મગરૂર થયું અને બર્લીનના કોલકરારોને છાપરે નાખી સને ૧૯૦૮ માં તુર્કોના બે પ્રાંત બોસ્નીયા તથા હરઝેગોવીનાને દબાવી બેઠું, અને સરવીયાના સ્લાવોને વશ કરી બાલ્કન સંસ્થાનોને કબજે કરવા જર્મન મદદથી તે ઉપાય શોધવા લાગ્યું. એટલામાં તેના હાથમાં આસ્ટ્રિયાના પાટવી કુંવરનું બોસ્નીયાના સારાજેવો આતે કોઇ સર્બ વિદ્યાર્થીના હાથે થયેલું ખુન કારણભૂત થયું. સરવીયાના રાજ્ય અધિકારીઓનો તેમાં હાથ હતો એવું બહાનું

કહાડી સરવીયાનો ખુલાસો અસંતોષકારક જણાવી આસ્ટ્રિયાએ એકદમ સરવીયા સામે લડાઇ જાહેર કીધી. ઉપરની હકીકતથી જર્મનીનું રાજ્ય આ લડાઇમાં આસ્ટ્રિયા સાથે કેમ જોડાયું તે વાંચનાર સારી રીતે સમજ્યા હશે.

પ્રકરણ ૬ ઠું.

જર્મન કૈસરનો રશિયાપર અલ્ટીમેટમ.

હાલની લડાઇમાં સરવીયાપર આસ્ટ્રિયાએ જે અલ્ટીમેટમ (અંતીમ સંદેસો) આગલ્યા પ્રકરણમાં જણાવ્યા મુજબ મોકલેલો તે પ્રથમ જર્મન કૈસરે પસંદ કર્યાની વાત બહાર આવી છે. વળી એમ પણ કહેવાય છે કે ઉપરનો અલ્ટીમેટમ સરવીયાપર મોકલ્યા અગાઉ આસ્ટ્રિયાનો પ્રતિનિધિ કાઉન્ટ એરન્ડથાળ વીયેનાથી બર્લીન જઇ આવ્યો હતો.

ઉપરની વાત માનવાને કારણ મળે છે કે, ૧૯૦૮ ના કરારો પછી જર્મની સુર, રણધીર પણ બીચારા નાના તેમ ગઇ બાલ્કન લડાઇમાં થાકી ગયેલા સરવીયાને દાંતે તરણું લેવાવી, રશિયાના બાલ્કન સંસ્થાનોના મહત્વનો નાશ કરી, પેન્સ્લેવ્હ કાર્યક્રમ ફેડીનાખી, યુરોપ રાજ કરતાઓમાં પોતાની

પ્રતિષ્ટા બેસાડવા વગેરેનો ઇરાદો રાખતું હતું. તેમાં આસ્ટ્રિયાની મોટી મદદ મળવાથી તેનો તે ઇરાદો ફળીભુત કરવા કૈસર વીલ્લીયમે સરવીયાપર અંતીમ સંદેસો મોકલવાના સંબંધમાં આસ્ટ્રિયાના બાદશાહ ફ્રાન્સીસ જોસફને કદાચ સંમત્તી આપી હોય તો તેમ માનવામાં કંઈ સંશય નથી. સુર સરવીયાએ આ ઘેરાયલા અઘોર વાદળથી ન ગભરાતાં ધીર ધરી તા. ૨૫ જુલાઇએ ઉપલ્યા પ્રકરણમાં જણાવ્યા મુજબ પ્રત્યુત્તર આસ્ટ્રિયાને મોકલી આપ્યો હતો.

વળી જન સમાજમાં એક બીજી વાત ચર્ચાય છે તે એ કે, આસ્ટ્રિયા–જર્મનીનો હાલની લડાઇ જગાવવાનો અગાઉથી ચોક્કસ નિશ્ચય થઇ ગયેલો હોવો જોઇએ. જો એમ ન હોય તો સરવીયાના નમ્ર જવાબથી આસ્ટ્રિયા સંતોષ થયું હોત, પણ ભવિતવ્યતા કંઇક જુદીજ હતી. રશિયાને આ હકીકત સમજાતાં બીજેજ દિવસે રશિયા સરકારના પ્રદેશ ખાતાના પ્રધાન એમ. સેન્ઝોનોફે આસ્ટ્રિયાના એલચીને સરવીયાની સ્વતંત્રતાને ધોક્કો ન લાગે તેવી રીતે આસ્ટ્રિયાનું સમાધાન થાય એવી યોજના સોધવામાં આવશે એવું સલાહભરેલું કહેણ મોકલ્યું. એટલામાં તો તા. ૨૮ જુલાઈએ સરવીયા વિરૂદ્ધ આસ્ટ્રિયાએ લડાઈ જાહેર કરી દીધી અને સરવીયાના પાયતખ્ત બેલગ્રેડપર

લશ્કર મોકલ્યું. એટલે ચકમક ઝરી, અને રસિયાએ પોતાની સરહદના રક્ષણ માટે લશ્કર એકઠું કરવા માંડયું.

આસ્ટ્રિયા અને સરવીયાની લડાઇ જાગવાથી, તે લડાઇનો ઉત્સાહ જર્મનીમાં ઘણો ફેલાયો, અને રશિયાએ જ્યારે લશ્કર એકઠું કરવા માંડયાના સમાચાર ફરી વળ્યા ત્યારે લોકો અતિશય ઉશ્કેરાઇ ગયા. તરત એવી બુમ ઉડી કે કૈસરની સરકારે આસ્ટ્રિયાની અને જર્મનની સરહદ ઉપર રશિયાને આમ લશ્કરી તૈયારી કરવાનું કારણ પુછાવ્યું છે, અને તેનો સંતોષકારક ઉત્તર ફરી નહીં વળે તો જર્મની તેની સામે લડાઇ જાહેર કરશે. જર્મન લોકો સારી પેઠે જાણતા હતાજ કે જર્મનીની ધમકીને રશિયા દાદ આપશે નહીં; અને વિગ્રહનો દવ માત્ર ટુંક મર્યાદામાં ગોંધાઇ ન રહેતાં સમગ્ર યુરોપ ખંડ ઉપર પ્રસરશે.

જર્મન પ્રજાની ઉપરની અફવા ખરી ઠરી. જર્મન શહેનશાહે રશિયા શા માટે લશ્કર એકઠું કરે છે, તેનો તેની પાસે ૨૪ કલાકમાં તા. ૧ લી આગષ્ટે ખુલાસો માગ્યો, અને તે મુદત દરમિયાન ઉત્તર નહીં આવી શક્યાથી જર્મન શહેનશાહ કૈસર વિલ્યમે રશિયા સામે લડાઇ જાહેર કરી અને તેણે પોતાના મહેલના ઝરૂખામાંથી ૫,૦૦૦ માણસો વચ્ચે ખુલાસો

કરતાં જણાવ્યું કે "જર્મની ઉપર કાળું વાદળ ઘેરાયલું છે. આપણા હાથમાં લડાઇ માટે તલવાર પકડવામાં આવી છે. જો સુલેહ થવા અશક્ય હશે તો આપણે તલવાર માનપૂર્વક મ્યાન કરવાનો સમય આવે તેવી રીતે વિંઝીશું. લડાઇમાં મિલ્કત અને જીંદગીના ઘણા ભોગ આપવા પડશે, જર્મનીપર હુલ્લો કરવો એટલે શું, તે આપણે અપણા શત્રુઓને બરાબર બતાવવું જોઇએ. દેવળોમાં જાઓ, પ્રભુ સમક્ષ ઘુંટણે પડો અને આપણા બહાદુર સૈન્યને સહાય આપવા તેની પ્રાર્થના કરો."

સરવીઆ અને આસ્ટ્રિયા વચ્ચેની લડાઇ સળગવાથી રશિયા અને જર્મનીએ લશ્કર એકઠાં કરવા માંડેલાં જોઈ ફ્રાન્સના રાજ્યે સમયસુચકતા વાપરી દેશના રક્ષણ અર્થે લશ્કર એકઠું કરવા માંડયું. જર્મનીએ તેને પણ તેમ કરવાનું કારણ પુછયું, અને ફ્રાન્સે તેનો પ્રત્યુત્તર મોકલ્યો પણ તે તેને અસંતોષકારક જણાતે, તેમ સને ૧૯૦૪ના કોલકરારની રૂએ રશિયાને મદદ આપવા ફ્રેંચ બંધાયલુ હોવાથી કદાચ તે સામું થશે, માટે રશિયા કે જે લશ્કર એકઠું કરવા મંદ ગતિથી કામ લેશે તેથી તેની મદદે આવનાર ફ્રાન્સનેજ પ્રથમ ખોખરૂ કરવું ઠીક સમજી જર્મન સરકારે ફ્રાન્સપર લાગલો હલ્લો કરવા તા. ૨ જી ઑગસ્ટે લગ્ઝમ્બર્ગપર લશ્કર રવાને કર્યું.

પ્રકરણ ૭ મું.

——:o:——

ફ્રાન્સપર આફત.

ફ્રાન્સનો મુલક ગ્રેટબ્રિટનની દક્ષિણે આવેલો છે. એ રાજ્ય યુરોપખંડનાં બળવાન રાજ્યોમાંનુ એક છે. રાજધાનીનું શહેર પારીસ છે, જે દુનિયામાં સુંદરમાં સુંદર શહેર છે. આ પારીસ અને ફ્રાન્સનાં બીજાં સ્થળોનું અવર્ણીય વર્ણન પાછળના ભાગમાં આપેલું છે. આ રાજ્ય પ્રજાસતાક છે અને પ્રજામાંથી તેનો આગેવાન નિમાય છે, તેને પ્રેસીડેન્ટ કહેવામાં આવે છે. હાલનો પ્રેસીડેન્ટ રેમન પોઈન્કારે છે જે ઘણો બાહોશ અને પ્રજાનો માનીતો છે.

જર્મનીનું મહારાજ્ય ફ્રાન્સની પાસેજ પૂર્વ છેડાપર છે. ફ્રાન્સની જાહોજલાલીથી લોભાઇ વર્ષો થયાં તે ફ્રાન્સપર ઝઝુમવાને ટમટમી રહ્યું છે, અને તેણે પોતાની સર્વ તૈયારીઓ તે દિશામાં કરી પણ મુકી છે. આ રહસ્ય ફ્રેન્ચ લોક પણ સમજી ચુકેલા છે, તેથી તેઓએ કામચલાઉ રીતે જર્મનીના લશ્કરની બરોબરી કરી શકે એવી તૈયારી અત્યાર આગમચ ક્યારનીએ કરી મુકેલી છે. રેલવે આદિ અવરજવરનાં સાધનો તેણે ઉત્તમ સ્થિતિએ આણી મુકેલાં છે, જેથી લડાઇ માટે

લશ્કર એકત્ર કરવામાં તે સઘળી સગવડો ધરાવે છે. વળી તેણે સંરક્ષણના ઉપાયો વિશાળ ધોરણે રચ્યા છે, તેની કીલ્લેબંધી સંગીન છે, અને સરહદ પણ સારા લશ્કરી બંદોબસ્ત હેઠળ છે. જર્મનીના કરતાં ફ્રાન્સ આ કામમાં ચડી જાય તેમ છે એવો મત લશ્કરી સ્થિતિ અડસટવામાં પ્રમાણભૂત ગણાતા પુરૂષો ધરાવે છે.

આસ્ટ્રિયા અને સરવીયા સરકાર વચ્ચે લડાઇ જાગતાં તા. ૨૫ મી જુલાઇથી જર્મનીએ ફ્રાન્સની સરહદ ઉપર લશ્કર એકઠું કરવા માંડયું. તેણે થીઓનવીલી અને મેટઝની પૂર્વ બાજુએ ટુકડીઓ ઉભી કરી, સરહદની પાસે થાણાં ઉભાં કર્યાં, અને તાર અને ટેલીફોનનાં દોરડાં કાપી નાખ્યાં. મોટારમાં મુસાફરી કરનારાઓની ગાડીઓ જપ્ત કરી, કેટલીક રેલવે લાઈનો પણ ભાંગી નાખી અને ત્રણ ફ્રેંચ રેલવે ઈન્જીનો અટકાવ્યાં.

જર્મનીનાં આ કૃત્યો જોઇ ફ્રાન્સના પ્રેસિડેન્ટ પોઇન્કારે તા. ૧ લી ઓગસ્ટે સ્વરક્ષણની તૈયારી માટે લશ્કરને એકઠું કરવા જાહેર ખબર બહાર પાડી. અને ત્યાંની આખી પ્રજા સમક્ષ અરજ જાહેર કરતાં, તેણે ચોખ્ખું જણાવ્યું કે, "અન્ય પ્રજાની માફક તેને પણ ફ્રેન્ચ લશ્કરને એકત્ર થવાનો

ફરજીઆત હુકમ આપવો પડયો છે. તેમાં તે વિશેષમાં જણાવે છે કે, લશ્કરની સજ્જતા એ કંઇ લડાઈ નહિ ગણી શકાય. ઉલટું હાલના સંજોગો જોતાં તો એ કાર્ય શાન્તી રાખવાને માટે માનનીય ખાત્રી ગણાશે. સંરક્ષિત ફ્રૅંચ સરકાર પોતાની રાજદ્વારી ચળવળ ચાલુ રાખશેજ અને તે ફત્તે માટે આશા બદ્ધ છે. વળી ફ્રાન્સની સરકારને મદદ આપવા માટે તે એક ઉચ્ચ પ્રજાના સ્વદેશાભિમાન ઉપર મદાર બાંધે છે.

જર્મનીની ઉપરની વર્તણુકના સંબંધમાં લંડનથી ફ્રેંચ એલચી (તાર સમાચારવાળા) રૂટરને જણાવતાં કહે છે કે "લડાઇનું તોફાન જગાવવા માટેની સર્વ પ્રકારની જોખમદારી જર્મનીને શિરે છે, કારણ કે, જ્યારે રશિયા અને આસ્ટ્રિયા બંને તહનામા માટે તૈયારી કરતા હતા, ત્યારે તેણે લડાઇનું જાહેરનામું બહાર પાડયા વગર ફ્રાન્સ ઉપર ઓચિંતી ચઢાઈ કરી છે. તેણે ભાર દઈને જણાવ્યું કે લંડનના તહનામા પ્રમાણે સ્વિકારાયલી લગ્ઝમ્બર્ગની તટસ્થતા જર્મનીએ તોડી છે, અને અકસ્માત પણ અથડા અથડી થાય નહીં તેટલા માટે ફ્રાન્સે તે સરહદ ઉપરનું પોતાનું લશ્કર ખેંચી લીધું છે. જગતની નજરે અમારી હિલચાલ કેવી છે તે જણાવવાની જરૂર છે."

જર્મનીએ ફ્રાન્સ સાથની લડાઇનો આરંભ કર્યો ત્યારથી આખા ફ્રાન્સમાં લશ્કર મોટે પાયે એકઠું કરવાની તૈયારીઓ

થવા લાગી (તા: ૩ જી આગસ્ટ) પેરીસથી સરહદ માટે બલુનો ઉપડતાં હોવાથી વાતાવરણમાં ગણગણાટ થઇ રહ્યો, અને ઇફીલના ટાવર ઉપરની સર્ચલાઈટથી બલુનોની ગતિ ઉપર આખીરાત દેખરેખ રખાવા માંડી. ફ્રાન્સની ખાદ્ય ખોરાકીના ભાવમાં વધારો થાય નહિ તે માટે સખ્ત પગલાં લેવામાં આવ્યાં અને નાણાંની ધીરધાર ઉપર અંકુશ મૂકાયો; તેમજ લેણદારોને અમુક ચોક્કસ રકમ સૂધીજ નાણાં ઉપાડવા દેવામાં આવશે એમ જાહેર કરવામાં આવ્યું. જર્મનીને ધીરવા માટે ચાર કરોડ ફ્રાંક કાઢવામાં આવ્યા હતા તે બધા અટકાવવામાં આવ્યા. તેમજ હજારો ફ્રેંચ સ્ત્રીઓ લડાઇમાં નર્સનું કામ કરવાને સ્વઇચ્છાએ બહાર પડી. ફ્રાન્સ અને જર્મનીની સરહદો પર લશ્કર ભેગુ થવા લાગ્યું અને એક મોટી લડાઈ થશે એવી લોકોમાં આશા રખાઇ.

ફ્રાન્સની ચેમ્બર ભેગી મળતાં તેમાં પ્રમુખ મી. પોઇન્કારનો સંદેસો વાંચવામાં આવ્યો. તેમાં તેણે જણાવ્યું છે કે, "તેમના-પર કરવામાં આવેલો હલ્લો અમાનુષિક છે. ગત ચાલીસ વર્ષ સુધી ફ્રાન્સે જર્મની ઉપર બદલો લેવાની લોકોની ન્યાયી ઇચ્છા સામે થઇને, તેની નવી શક્તિનો સર્વ ઉપયોગ દેશની અંતર સ્થિતિ સુધારવા માટે કરી, પોતાની મોટા મનની એક

પ્રજા તરિકેની ઉદારતા બતાવી આપી છે. છેલ્લી ઘડી સુધી તેણે લડાઈ ન થાય અને સુલેહ જળવાય તે માટે પ્રયત્નો કર્યા હતા. લડાઇ માટે ભવિષ્યનો ઇતિહાસ જર્મનીનેજ જોખમદાર ગણશે. ફ્રાન્સને જગતની બીજી પ્રજા તરફથી સહાનુભૂતિ મળી છે. આજે તે જગત આગળ સ્વતંત્રતા અને ન્યાયને માટે ઉભું છે.”

પ્રકરણ ૮ મું.

સુલેહ માટે બ્રિટીશ પ્રયત્નો.

યુરોપ ખંડમાં આસ્ટ્રિયાના રાજકુમારનું ખુન થયું ત્યારથી સર્વેના હૃદયમાં લડાઇ જાગવાના ભણકારા તો વાગીજ રહ્યા હતા, પણ ઇંગ્લાંડનું ધારવું એમ હતું કે, આ લડાઈ જાગશે નહીં, શાન્તી રહેશે, અને કદાચ જાગશે તો સ્થાનિક રહેશે, પરંતુ તા. ૨૬ મી જુલાઈ અને રવીવારે યુરોપથી લડાઈ જાગવાની ચોંકાવનારી ખબર લંડનમાં આવી. આજે ગુડવુડનો મેળાવડો હતો. સાંભળવા પ્રમાણે અધિકારી વર્ગ રવીવારની મોજ મારવા લંડન છોડી ચાલ્યા ગયા હતા તે આ ખબર સાંભળી એકદમ રાત્રેજ પાછા આવ્યા, અને શું કરવું

તેને માટે મસલત ચલાવવા લાગ્યા. તેઓએ ઉભી થનાર લડાઇ અટકાવવા, સુલેહ પ્રસરાવવા અને તે ન બને તો વિગ્રહનો વિસ્તાર મર્યાદિત કરવા અગણીત પ્રયત્નો કર્યા. તા. ૨૭ મી જુલાઇને સોમવારે દિવાને આમમાં લડાઈ ખાતાના પ્રધાન સર એડવર્ડ ગ્રેએ તે સંબંધમાં જાહેર કરતાં જણાવ્યું કેઃ—

"હાલની મુશ્કેલીયોની વ્યવસ્થા કરવાનું સાધન સાધવા માટે ફ્રેન્ચ, જર્મન અને ઇટાલીના એલચીઓ લંડનમાં મને મળવા ખુશ છે કે નહીં ? તે જાણવા માટે પેરિસ, બર્લીન અને રોમમાં રહેતા બ્રિટીશ એલચીઓને સૂચના કરી દીધી છે. તે સાથે ફ્રાન્સ, ઇટલી અને જર્મનીની સરકારોને વિએના, સેંટપિટસબર્ગ અને બલગ્રેડ ખાતેના પોતાના એલચીઓને આ પરિષદ્ સંબંધી માહીતી આપવા અને તેનું પરિણામ આવતા સુધી સઘળી ચાલાક લશ્કરી તૈયારીઓ બંધ રખાવવા સત્તા આપવાનું કહેવાની બ્રિટીશ એલચીઓને સૂચના કરાઈ છે."

બ્રિટીશ રાજ્યના બાહોશ અધિકારીઓએ આ સંબંધમાં સીતમ પ્રયત્નો કર્યા છતાં તે સઘળા નિષ્ફળ જવાથી ઉપરના પ્રદેશ ખાતાના માનવંતા પ્રધાન સર એડવર્ડ ગ્રેએ પારલામેંટ સમક્ષ ખુલ્લેખુલ્લું જણાવી દીધું કે, "જયાં સુધી આસ્ટ્રિયા અને સરવીયા વચ્ચેજ વિગ્રહ ગોંધાઇ રહે ત્યાં સુધી આપણે વચ્ચે પડી શકીએ નહીં, એવી મારી સમજ છે, પણ જો રશિયા અને આસ્ટ્રિ-

યાના સંબંધ ભયંકર થાય તો યુરોપની સુલેહનો પ્રશ્ન આપણા સઘળા માટે ચિન્તાતુર થઇ પડે. રશિયાની સરકાર કેવો મત ધરાવે છે તેની મને ખબર નથી. અને સંજોગો કેવી વલણ લેશે, એ જાણ્યા વિના કોઈ સૂચના થઇ શકે એમ નથી, પણ જો આસ્ટ્રિયા અને રશિયાના સંબંધ ભયંકર થઇ પડે તો માત્ર ચાર રાજ્યો જર્મની, ફ્રાન્સ, ઇટલી, અને ગ્રેટબ્રિટન—જેઓ આમાં સીધો લાભ ધરાવતા નથી તેમણે એકઠાં થઇ આસ્ટ્રિયા અને રશિયાને લડાઇના પગલાં ભરતાં અટકાવવાં અને સમાધાન કરાવવું જોઇએ, પણ જર્મનીને આવી કોન્ફરન્સ બોલાવવામાં કાંઇ ફળ ન જણાયું."

આસ્ટ્રિયા અને સરવીયા વચ્ચે યુદ્ધ જાગતું અટકાવવાને યુરોપી રાજ્યોની કોન્ફરન્સ બોલાવાની સર એડવર્ડ ગ્રેની ઉપરની સૂચનાના સંબંધમાં તા. ૨૭ મી એ જર્મનીએ કહ્યું કે,—આવા પ્રકારની કોન્ફરન્સ એ બે રાજ્યો વચ્ચેની લવાદ કોર્ટ થાય, ને તે લવાદ કોરટ આસ્ટ્રિયા જે પાડોશીને બળવાન થતો અટકાવવાને ઇચ્છે છે અને સરવીયા જે આગલ વધવા ઇચ્છે છે, એ બેને લડતાં અટકાવી કેમ શકે? વળી અંગ્રેજી એલચી અને જર્મન સ્ટેટ સેક્રેટરી વચ્ચે થયેલી વાતચિતના પ્રસંગમાં જર્મન સ્ટેટ સેક્રેટરીએ જણાવ્યું કે, જો રશિયા દક્ષિણ દેશમાં પોતાનું સૈન્ય ભેગું કરશે તો જર્મની પોતાનું સૈન્ય જમા કરશે નહિ, પણ જો ઉત્તર દેશમાં તે તેમ કરશે તો જર્મનીને તૈયારી કરવી પડશે. " પણ રશિયન પદ્ધતિ ઘણી ગુંચવાડા ભરી હોવાથી તેના સૈન્યનું સ્થાન

નક્કી કરવું મુશ્કેલ થઇ પડે છે; અને તેથી જર્મનીને થાપ ન આપે માટે સંભાળ રાખવી પડશે.”

જર્મનીએ ઉપરથી દલીલ જણાવી લશ્કર એકઠું કરી તા. ૧ લી ઑગસ્ટે તેણે રશિયા સામા લડાઇ જાહેર કરી અને કોલ-કરારને લીધે ફ્રાન્સ તેની મદદે આવશે માટે પ્રથમ ફ્રાન્સપર હુમલો કરવો દુરસ્ત ધારી તા. ૨ જી ઑગસ્ટે તેનાપર લશ્કર મોકલ્યું. વળી ફ્રાન્સ જતાં બેલ્જીયમ વચ્ચે નડતું હોવાથી તેના મુલકમાંથી ફ્રાન્સની સરહદપર જવા દેવા જર્મનીએ તા. ૩ જીએ બેલ્જીયમ પાસે માગણી કરી. આમ કરતાં Public Law of Europe યુરોપનો જાહેર કાયદો—કે નાનાં રાજ્યોને મોટાંએ ખુંદવાં નહિ–તે જર્મનીએ તોડયો છે, એમ જે કહેવામાં આવે છે તે માનવા જેવું છે.

દુશ્મનોને હાથે બેલ્જીયમની સ્વતંત્રતા લુંટાવાનો સંભવ પ્રાપ્ત થતાં બ્રિટીશ પાર્લામેંટની કાર્ય કારીણી સભા તા. ૩ જી આગષ્ટ સને ૧૯૧૪ ના રોજ એકઠી થઇ. વડા પ્રધાન, સર એડવર્ડ ગ્રે આદી પ્રધાનોનો દીવાને આમે સારો સત્કાર કર્યો. યુરોપની સાંપ્રત રાજકિય પરિસ્થિતિમાં ગ્રેટબ્રિટ ન કઇ રાજ્યનીતિ અખત્યાર કરવા ધારે છે તેના સંબંધમાં એક ઉપયોગી લંબાણુ ખુલાસો કરતાં સર એડવર્ડ ગ્રે સભામાં બોલ્યા કેઃ—

સુલેહની નીતિની નિષ્ફળતા

"ગયે અઠવાડીયે મેં જણાવ્યું હતું કે, ગ્રેટબ્રિટનનીજ નહીં પણ યુરોપની સુલેહનું રક્ષણ કરવાને અમે મહેનત કરતા હતા; આજે બનાવ એટલી ઝડપથી બન્યા જાય છે કે, ખરી સ્થિતિ જણાવવી એ અતિશય મુશ્કેલ થઇ પડયું છે. હવે યુરોપની સુલેહ જાળવી નહીં શકાય એ સ્પષ્ટ છે. રશિયા અને જર્મનીએ સામસામા વિગ્રહ જાહેર કર્યો છે. બ્રિટિશ સરકારની આ સંબંધમાં જવાબદારીઓ શી છે એનો હું પ્રથમ ખુલાસો કરીશ. જેથી આ સભાને કોઇ નિર્ણયે આવવાની સવળતા થાય. સુલેહ જાળવવાને બનતી બધી આતુરતાથી અમે અમારી શક્તિ ખંતથી અજમાવી છે. આ સભાને આ મુદ્દાથી સંતોષ થશે. બાલ્કન વિગ્રહ વેળા સુલેહ માટે અમે મથ્યા હતા. તે વેળા મહાન રાજયોનો સહચાર સફળ નીવડયો હતો. આ નિર્ણયે આવતાં, કેટલાંક રાજયોને ચર્ચાસ્પદ મુદ્દાઓનો નિકાલ આણવામાં મુશ્કેલીઓ નડી હતી, એ સત્ય છે. અને તેમાં ઘણો શ્રમ અને સમય પણ ગયાં હતાં; પરંતુ એ સર્વનો સુલેહ એ મુખ્ય આશય હોવાથી સુલેહ જળવાઇ; મતભેદ તીવ્ર થવા દેવા કરતાં એટલી મુશ્કેલી વેઠવા તેઓ ખુશી હતા. કમભાગ્યે, હાલના મામલા વેળા યુરોપમાં સુલેહ જાળવી શકાય એવો સંભવ નથી. કારણ સમય થોડો છે. અને સુલેહના મોટા જોખમનો સત્વર અંત આણવાની વૃત્તિ કેટલાંક રાજયો ધરાવે છે, તેનું પરિણામ આપણે જાણીએ છીએ; મોટાં રાજયો સંબંધમાં સુલેહની નીતિ નિષ્ફળ નીવડી છે.

બ્રિટીશ લાભ, બ્રિટીશ માન અને બ્રિટીશ જવાબદારી

એ નીતિ નિષ્ફળ કેમ નીવડી તે વિષે અથવા તો કયા દોષ છે, તે વિષે હું કાંઇ કહેવા ઈચ્છતો નથી, કારણ સઘળા રાગદ્વેષથી રહીત થઈ બ્રિટીશ લાભ, બ્રિટીશ માન અને બ્રિટીશ જવાબદારીના દૃષ્ટિબિંદુથી, શા માટે સુલેહ જળવાઇ નથી તે સંબંધમાં આ મામલો સભાને સમજાવવા હું ચાહું છું. ગયા અઠવાડીયામાં અમે સલાહ માટે શું શું કર્યું છે, અને શું બન્યું છે તે સંબંધી પત્રવ્યવહાર બનશે એટલો સત્વર પ્રકટ કરીશું, અને તે પ્રકટ થશે, ત્યારે મને કાંઇ શક નથી કે, સુલેહ માટે અમારા પ્રયાસો કેટલા શ્રમભર્યા, શુદ્ધ હૃદયના અને અંતઃકરણપૂર્વક હતા, તે તમને સ્પષ્ટ થશે; અને સુલેહ સામે કામે લાગેલાં બળ સંબંધી પોતાનો નિર્ણય બાંધવામાં એ પત્રવ્યવહાર લોકને સમર્થ બનાવશે.

હવે હું બ્રિટીશ જવાબદારીના પ્રશ્ન વિષે કહું છું. મેં અને વડા પ્રધાને આ સભાને એવી ખાત્રી આપી છે કે, જો કોઇ અણીનો મામલો ઉઠશે તો અમે આ સભા સમક્ષ તે રજુ કરીશું અને તે સંબંધમાં બ્રિટીશ વલણ કેવી હોવી જોઇએ, તેનો નિર્ણય કરવાને તે છુટી છે અને અમે કોઇ ખાનગી બંધન રાખીશું નહીં, એમ કહેવાને સક્તિમાન થઇશું. યુરોપમાં બે રાજ્યનૈતિક સમૂહો બંધાયાં છે; (૧) ત્રેખડી મિત્રાચારી (Triple alliance) અને ત્રેખડો મુસદ્દી સંબંધ (triple entente) આ છેલ્લો સમૂહ મિત્રાચારીનો નહીં પણ રાજકીય મુસદ્દીગીરીનો છે. આ

સભાને સ્મરણમાં હશે કે, ૧૯૦૮ માં બોસનીઆ અને હર્ઝેગોવીના કબજે કર્યાથી અણીનો મામલો ઉઠયો હતો. રશિઅન પ્રધાન લંડન આવ્યો અને તેને મેં ચોક્કસ રીતે એમ જણાવી દીધું કે, એ બાલ્કનની બાબત છે, તેથી એમાં રાજનૈતિક ટેકા સિવાય બીજા કશાની આશા આપવા જેવો લોકમતનો ટેકો અમને મળે નહીં. મારી પાસે આથી વધુની માગણી કદી કરાઇ નહતી, તેમ એની એથી વધુ આશા પણ અપાઇ પણ નહતી, અને ગઈ કાલ સુધીમાં પણ એ કરતાં વધુ ટેકાનું અમે કોઇ વચન આપ્યું નહતું.

મોરોક્કાના મામલાનું સ્મરણ

જવાબદારીનો આ પ્રશ્ન હું સ્પષ્ટ કરૂં છું. ૧૯૦૬ ના મોરોક્કાના મામલાના સમયનું સભાને સ્મરણ કરવું પડશે. એલ્જીરીવાની પરિષદ્‌નો સમય સરકાર માટે ઘણોજ મુશ્કેલીનો હતો, કારણ તે વેલા સામાન્ય ચુંટણી ચાલતી હતી. તે વેલા મને એમ પૂછવામાં આવ્યું હતું કે, જો ફ્રાન્સ અને જર્મની વચ્ચે વિગ્રહ જામવા જેવો મામલો ઉભો થાય તો અમે આ યુદ્ધને ટેકો આપીશું કે નહી, અને મેં જણાવ્યું હતું કે, પ્રસંગ આવતાં લોક મતનો અંતઃકરણપૂર્વક ટેકો પરિણામે મળવાનો સંભવ ન હોય ત્યાં સુધી એવું કોઇ વચન પરદેશી રાજાને હું આપી શકું નહીં. મેં કહ્યું હતું કે, ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સ વચ્ચે મોરોક્કોના પ્રશ્ન વિષે સમજુતિ થયેલી છે, તેથી તે સંબંધમાં જો ફ્રાન્સ સાથે પરાણે વિગ્રહ ચલાવ્યામાં આવશે, તો ગ્રેટબ્રિટનનો લોકમત ફ્રાન્સની

સહાય તરફ વળશે, તે વેળા મેં કોઇ વચન આપ્યું ન હતું તેમ કોઇ ભય પણ બતાવ્યો ન હતો, પરંતુ લોક મત દર્શાવ્યો હતો અને ફ્રેન્ચ સરકારે એ અવસ્થિતિ સ્વીકારી હતી. પણ તે સમયે તેમણે અમને એમ કહ્યું કે, સત્વર અણીનો મામલો ઉઠતાં, અગાઉથી જે સશસ્ત્ર સહાય આપવાનું તમે હાલ વચન આપી શકતા નથી. તે સહાય ફ્રાન્સને આપવાના કાર્યમાં લોકમત તમને વ્યાજબી ઠરાવશે, એમ જો તમને લાગતું હોય તો લશ્કરી અને નૌકા ખાતાના નિપૂણો વચ્ચે મસલત ચલાવી નહીં હોય ત્યાં સુધી એવો સમય આવતાં પણ તમારી ઇચ્છા હશે તોયે તે વેળા એવી સહાય આપવા તમે શક્તિવાન નહીં થઇ શકો! આ દલીલ વજનદાર છે. મેં તે કબુલ રાખી અને એવી મસલત ચલાવવાની સત્તા તેને આપી, પરંતુ તેય સખ્ત એવી સમજુતિથી કે, એ નિપુણો વચ્ચે વિચારાયલી કોઇ પણ બાબત સરકારને બંધનકર્ત્તા નહીં થાય. એગેદીરનો મામલો આવ્યો અને તે માટે ૧૯૦૬ નોજ માર્ગ મેં અખત્યાર કીધો. તે પછી અને ૧૯૧૨ માં એવો નિર્ણય થયો કે, આવી ચાલેલી વાતચીત બન્ને સરકારોને બંધનકર્ત્તા નથી, એવો લેખી ઠરાવ થવો જોઇએ; અને ૧૯૧૨ ના નવેમ્બરની તા. ૧૧ મીએ ફ્રેન્ચ એલચી એવો પત્ર લખાયો અને તેનો એ મતલબનો ઉત્તર પણ આવ્યો.

હાલની પરિસ્થિતિ વિલક્ષણ છે

મોરોક્કોના મામલા જેવીજ ચોક્કસ પરિસ્થિતિ હાલના મામલામાં નથી. એતો મુખ્યત્વે ફ્રાન્સને લગતો કલહ હતો અને તેની ઉપર પરાણે ઠોકાયો હતો. અને રાજ નૈતિક સહાય સિવાય બેશક બીજા કશાનું વચન આપ્યું નહતું. હાલનો મામલો જુદી રીતે ઉભો થયો છે. મોરોક્કો સંબંધી તે નથી. ફ્રાન્સ સાથે કોઈ ખાસ કરાર નથી, અને તે સબંધમાં આ મામલો ઉભો થયો નથી. આસ્ટ્રિયા અને સરવીયા વચ્ચેનો કલહ એજ એનું મૂળ છે. ફ્રાન્સની અને આ દેશની સરકારની ઇચ્છા એ કલહના વિગ્રહમાં સામેલ થવાની છેજ નહીં. રશિયા સાથેની ચોક્કસ મિત્રાચારીની રૂએ ઉભી થતી જવાબદારીઓથી ફ્રાન્સ તેમાં ગોતાયું છે. એ જવાબ-દારી તેટલે અંશે આપણને લાગુ પડી શકે નહીં. ફ્રાન્સ અને રૂશિઆઇ મિત્રાચારીના આપણે પક્ષકાર નથી; તેમ એ મિત્રાચા-રીની સરતો પણ અમે જાણતા નથી.

ફ્રાન્સ તરફની આપણી ફરજ

હવે આવી પરિસ્થતિમાં આપણે શું કરવાની જરૂર છે, તે વિષે હું કહું છું. ફ્રાન્સ સાથે ઘણા વર્ષની કાયમી મિત્રાચારી આપણે ધરાવીએ છીએ. જયારે એ કરાર થયો, ત્યારે આ બંને પ્રજાઓએ પોતાના સતત મતભેદોનું નિવારણ કરી, મિત્રતા બાંધી, તે વેળાની આતુર અને અંતઃકરણપૂર્વકની પ્રકટેલી લાગણી સારી રીતે મારા સ્મરણમાં છે. એ મિત્રાચારીજ કેટલે અંશે આ

જવાબદારીઓ ઉભી કરે છે, અને બંને પ્રજાઓએ મંજુર કરેલી એ મિત્રાચારી છે તે માટે પ્રત્યેક મનુષ્યે આત્મનિરીક્ષણ કરવું જોઇએ, અને પોતેજ તેના અંગની જવાબદારીનો વિચાર કરવો જોઇએ. મારા પોતાના સંબંધમાં હુ કહીશ કે ફ્રેન્ચ નૌકા કાફલો હાલ ભૂમધ્ય સમુદ્રમાં છે; ફ્રાન્સના ઉત્તરના અને પશ્ચિમના કીનારા તદ્દન રક્ષણ વિનાના છે. બંને દેશો વચ્ચેની જે મિત્રાચારીથી મારી સલામતીની સમજ બંધાઇ, તે બંધાતાં પહેલાં જે પરિસ્થિતિ હતી તે હાલ ભૂમધ્ય સમુદ્રમાં તેના એકઠા થયેલા કાફલાથી તદ્દન જુદીજ થઇ છે. મારી પોતાની એવી લાગણી છે કે, ફ્રાન્સે વ્હોરી નહીં લીધેલો અથવા તો નહીં ઉશ્કેરેલો વિગ્રહ જો કોઇ પરદેશી કાફલો તેની સામે મચાવી ઇંગ્રેજી ખાડીમાં ઉતરી આવી ફ્રાન્સના અરક્ષિત કીનારાઓ ઉપર તોપોના મારા ચલાવે, તો આપણે અલગ રહી નહીં શકીએ. આંખ આગળ બનાવ બને, અને આપણે હાથ જોડી બેસી રહીએ અને લાગણી વિના મામલો જોઇએ અને કાંઇ ન કરીએ એ બને નહીં. આ દેશમાં આવી લાગણી છે, એમ હું માનું છું. પ્રત્યેક વ્યક્તિને આવી લાગણી થાય, એવો સમય પણ આવે છે. સામી આંખે બનાવો બનતાં બીજા તરફ અનિવાર્યપણે દોડી જાય એવી લાગણી ઉઠવાના સંજોગો પણ આવે છેજ. પરંતુ હું કોઈ લાગણીને વશ થયા વિના, બ્રિટીશ લાભોના દૃષ્ટિબિન્દુથી, આ વસ્તુસ્થિતિ નિહાળવા ઇચ્છું છું. મારે આ સભાને જે હાલ કહેવાનું છે, તેનો આધાર હું એના ઉપર રાખું છું. જો આ વેળા આપણે કાંઇ નહીં બોલીએ તો

ભૂમધ્ય સમુદ્રમાં પોતાનો કાફલો હોવાથી ફ્રાન્સે શું કરવું? આપણે શું કરીશું તેના કોઇ મુચરકા સિવાય તે પોતાનો કાફલો ત્યાં રાખે છે, તેના જીવન અને મરણના આ વિગ્રહમાં પોતાને ફાવે તેમ ઇંગ્લીશ ખાડીમાં આવતા જર્મન કાફલાની દયા ઉપર, કેવળ અરક્ષિત સ્થિતિમાં પોતાના પશ્ચિમ અને ઉત્તરના કીનારા આવી પડેલા તે જુએ છે. આપણે કાંઇ તેનું ન ગણીએ તો ફરેન્ચ કાફલો ભૂમધ્ય સમુદ્રમાંથી પાછો ખેંચી લેવાય. યુરોપીયન દવની સમક્ષ આપણે છીએ, તેથી નીપજનારાં પરિણામોની કોઇ મનુષ્ય મર્યાદાઓ ઠરાવી શકે તેમ છે? ધારો કે, આજે આપણે તટસ્થતાની વલણ ધારણ કરીને અલગ બેઠા અને કહીએ કે, "ના, આ વિગ્રહમાં કોઈ પક્ષને મદદ કરવા અમે સામેલ થઈ શકતા નથી;" ધારો કે ફ્રેંચ કાફલો ભૂમધ્ય સમુદ્રમાંથી ખેંચી લેવાયો, ધારો કે, તત્કાલ તેથી ઉઠતાં કોઇ અણધાર્યાં પરિણામોએ અત્યંત અગત્યના બ્રિટીશ લાભોના રક્ષણ અર્થે આપણે વિગ્રહમાં ઉતરવું જરૂરનું થઇ પડે; અને ધારો કે, તદ્દન સંભવિત છે તેમ હાલ તટસ્થ અને વાજબી રીતે પોતાના લાભોનો વિચાર કરવાને થોભેલું ઇટલી આપણને લડાઈમાં ઉતરવાની ફરજ પડેલી જોતાં પોતાની વલણ પડતી મુકે, તો પછી ભૂમધ્ય સમુદ્રમાં શી વ્યવસ્થા થાય? આ દેશને જીવંત અગત્યના વ્યાપાર માર્ગો સબંધમાં કોઇ અણીની વેલા આ પરિણામો આપણા ઉપર આવી પડે, જે માર્ગનું ખુલ્લું રહેવું આ દેશને જીવંત અગત્યનું હવેના થોડાં અઠવાડીયામાં થઈ નહીં પડે એવો કોઇ ખાસ વ્યાપાર

માર્ગ છે, એમ કોઇ કહી શકશે નહી. તેમ થાય તો પછી આપણી શી અવસ્થિતિ થાય. ?

ફ્રેન્ચ સરકારને આપેલી ચોક્કસ ખાત્રી

ત્યાંના બીજા કાપૂલાઓના સંયોગને એકલે હાથે પહોંચી વળે એવો કાફલો આપણે ભૂમધ્ય સમુદ્રમાં રાખ્યો નથી. આ વેળા એવી છે કે જ્યારે ભૂમધ્ય સમુદ્ર માટે આપણે વધુ વહાણો છુટાં પાડી શકીએ એમ નથી; અને હાલની આપણી તટસ્થ વલણથી અતિશય પીડાકારક જોખમ આ દેશમાં આપણી સમક્ષ ખડુ થાય. હું કહું છું કે, બ્રિટીશ લાભોના દૃષ્ટિ બિન્દુથી અમને એમ પ્રબળપણે લાગે છે કે, તેના ઉત્તર અને પશ્ચિમના અરક્ષિત કીનારાઓ ઉપર હુમલો આવતાં બ્રિટીશ ટેકો તેને મળશે કે નહીં, તે જાણવાનો હક્ક ફ્રાન્સ ધરાવે છે. આ દબાણકારક સંજોગોમાં ગઇ કાલે બપોરે ફ્રેન્ચ એલચીને મેં નીચેનો મુચરકો આપ્યો છે.

"ફ્રેંચ કીનારો અને વહાણ સામે શત્રુવટનું પગલું ભરવા જો ઇંગ્રેજી ખાડી કે ઉત્તર સમુદ્રમાંથી જર્મન કફલો ઉતરી આવે તો પોતાથી બનતું સઘળું રક્ષણ બ્રિટીશ કાપૂલો તેને આપશે. પાર્લામેંટના ટેકા ઉપર આ વચનનો આધાર રહે છે. જર્મન કાફલાના પગલાથી આવી મુશ્કેલી ઉભી થાય નહીં ત્યાં સુધી આ વચન સરકારને બંધન કર્તા થઇ નહીં પડે."

બેલ્જીયમની તટસ્થતા જાળવવાનું વચન

વસ્તુ સ્થિતિ એટલી ઝડપથી ગતિમાં ચાલે છે કે, આમ ઉદ્ધડ રીતે તેનો ખ્યાલ અમે આપી શકતા નથી, પણ હું એમ સમજું છું કે, જો આપણે આપણી તટસ્થતાનું વચન આપીએ તો જર્મન કાફલો ફ્રાન્સના ઉત્તર કીનારા ઉપર હુમલો નહીં આણવાને બંધાશે. હું આ સભામાં આવ્યો તે પહેલાં માત્ર ટુંક સમય પૂર્વેજ મેં આ સાંભળ્યું પરંતુ તે વચન આપણા માટે અતિશય મર્યાદિત છે, અને તે ઉપરાંત દર કલાકે, વધુ ગંભીર થતો એક પ્રશ્ન આપણે વિચારવાનો છે—બેલ્જીયમની તટસ્થતાનો એ પ્રશ્ન છે. આમાં નિયામક અંશ ૧૮૩૯ નું તહનામું છે, અને ૧૮૭૦ માં બીસ્માર્કે બેલ્જીયમની તટસ્થતાની ખાત્રી આપી હતી; કરારના હકકોની પવિત્રતાનો જર્મનીએ આમ અમુલ્ય સ્વીકાર કર્યો હતો. ૧૮૭૦ માં મી. ગ્લેડસ્ટનની સરકારે આપણી જવાબદારીઓનો જે વિચાર કર્યો હતો તેનાથી ઓછો ગંભીર વિચાર આપણે કરી શકીએ એમ નથી. ગયે અઠવાડીએ લશ્કર એકઠું થવાની શરૂઆત થઇ ત્યારે આપણી રાજ્ય નીતિમાં આ પ્રશ્ન એક અતિશય અગત્યનું તત્વ થઇ પડશે; એમ મને જણાયું. પેરીસ અને બર્લીન મેં એવા આશયનો તાર કર્યો કે, બેલ્જીયમની તટસ્થતા સબંધમાં કોઈ બાંધણી ઉઠાવવા ફ્રેંચ અને જર્મન સરકારો તૈયાર છે કે નહીં ? ફ્રેંચ સરકારે તેનો એવો ઉત્તર વાળ્યો કે, એ તટસ્થતાને માન આપવાનો નિર્ણય થયલો છે અને કોઇ બીજુ રાજ્ય એ તટસ્થતાનો ભંગ કરવા તત્પર થશે તોજ ફ્રાન્સને તેની વિરૂદ્ધ ફરજીયાતપણે

થવું પડશે. જર્મનીએ એવો ઉત્તર આપ્યો કે, પરદેશ ખાતાનો સેક્રેટરી શહનશાહ અને ચાન્સેલરની સલાહ લીધા પૂર્વે આનો ઉત્તર આપી શકે નહીં. અને સર વીલીયમ ગોટેશને જણાવ્યું કે તેનો ઉત્તર વાળવામાં ઝાઝો વિલંબ લગાડશે નહીં. પછી સેક્રેટરીએ સર વીલીયમને એમ જણાવ્યું કે, વિગ્રહ આરંભાતાં, પોતાની ચઢાઈની બાજીનો એક અંશ ખુલ્લો થવા જેવી, નહી ઇચ્છવા જોગ અસર થવાના કારણે આનો ઉત્તર બીલકુલ આપી શકાશે કે નહીં, તેની મને શંકા છે. મેં બ્રુસેલ્સ તાર કર્યો. તેના પરદેશ ખાતાના પ્રધાને પોતાની તટસ્થતા જાળવવા બેલ્જીયમ પોતાથી બનતું સઘળું કરશે—એવો તેણે ઉત્તર વાળ્યો. તેણે વધારામાં એમ જણાવ્યું કે, તેની તટસ્થતા ભંગ કરવાનો પ્રયાસ થતાં આ દેશની તટસ્થતાનું રક્ષણ કરવા જેવી સ્થિતિમાં અમે છીએ. એમ બેલ્જીયમ સરકાર માને છે.

જર્મનીનું બેલ્જીયમને છેવટનું કહેણ

હવે એવા સમાચાર આવે છે કે, જર્મનીએ બેલ્જીયમને છેવટનું કહેણ મોકલ્યું છે; તેનો હેતુ એ છે કે, બેલ્જીયમમાંથી જર્મન લશ્કરોના માર્ગને અનુકુળતા કરી આપવાની શરતે જર્મની બેલ્જીયમ સાથે મિત્રાચારીના સંબંધ જાળવવા તૈયાર છે. ગયે અઠવાડીએ અમને છેલ્લા નાણી જોવામાં આવ્યા હતા કે વિગ્રહને અંતે જો બેલ્જીયમના અખંડિતપણાની જામીનગીરી અપાય તો તેથી અમને સંતોષ થશે કે નહીં. અને તેનો એવો ઉત્તર વાળ્યો કે, બેલ્જીયમની તટસ્થતામાં જે કોઇ લાભ અને જવાબદારીઓ

અમે પુરાવીએ છીએ તેનું આથી ઓછું કરી શકીયે નહીં. પછી રાજા જ્યોર્જને બેલ્જીયમના રાજા તરફથી નીચેનો તાર મળ્યો છેઃ—

"આપ નામદારની અને આપના પૂર્વજની મિત્રાચારીની અસંખ્ય સાબીતીઓ તથા ૧૮૭૦ ની ગ્રેટબ્રિટનની વલણ—મિત્રાચારીભરી વલણ તેમજ હમણાંજ મિત્રતાની આપેલી ખાત્રી, યાદ કરતાં બેલ્જીયમનું અખંડિતપણું જાળવવા આપ નામદારની સરકારને મુસદ્દીગીરીથી વચ્ચે પડવાની હું વિનંતિ કરૂં છું."

બેલ્જીયમની તટસ્થતા જાળવવાની ફરજ

ગયે અઠવાડીએ અમે મુસદ્દીગીરીથી વચ્ચે પડયા, પણ એ પ્રકારનું વચ્ચે પુરાવું એ હવે શું કરી શકે એમ છે? બેલ્જીયમના અખંડિતપણામાં અને સ્વતંત્રતામાં આપણે ઘણા અગત્યના લાભ ધરાવીએ છીએ. યુરોપના એ પ્રદેશનાં નાનાં રાજ્યો પોતાને વિના અંતરાયવાળી સ્થિતિમાં રહેવા દેવાની માગણી કરે છે. યુરોપ સન્મુખ ખડા થયલા વિગ્રહમાં જો આ દેશોમાંના એકની તટસ્થતાનો ભંગ થાય, વિગ્રહ કરનારાઓમાંના એકનું લશ્કર તેની તટસ્થતાનો ભંગ કરે અને તે સામે કોઇ વાંધો ન ઉઠાવાય તો વિગ્રહને અંતે તેનું અખંડિતપણું રહ્યું હોય કે નહીં, તોપણ તેની સ્વતંત્રતા તો જતી રહે. તેની તટસ્થતાનો ભંગ કરવાની બેલ્જીયમની માગણી કરનારા છેવટના કહેણમાં જો એવું કાંઇ હોય તો તેની સ્વતંત્રતા જતી રહે છે, અને જો તેની સ્વતંત્રતા જતી રહે તો હોલાંડની સ્વતંત્રતાનો પણ નાશ થાય. બ્રિટીશ

લાભોની દૃષ્ટિથી શું જોખમ છે, તે સમજવા આ સભાને હું વિનવું છું. એમ કહેવાશે કે, આપણે અલગ રહીએ, બળ એકઠું કરીએ અને છેવટે અસરકારક રીતે વચ્ચે પડીએ. અને સર્વ તંત્ર પાછું યોગ્ય વ્યવસ્થામાં મુકીએ. પણ જો આવા અણીના મામલા વેળાએ જો આપણે બેલ્જીયમ સંબંધી આપણી જવાબદારીઓ, આપણા લાભ અને આપણું માન જાળવવાને બદલે અલગ રહીએ તો મને શક છે કે અંતે આપણી પાસે ગમે તેટલું બળ હોય તેની ઘણી કીંમત ખોયલા માનની સામે ઉતરી પડશે.

સામ્રાજ્યની જવાબદારીઓનો વિચાર

આપણો કાફલો પ્રબળ છે, તેથી જો આપણે વિગ્રહમાં ઉતરીએ તો, વિગ્રહથી અલગ રહેવામાં આપણને જે સહેવું પડે તેના કરતાં ભાગ્યેજ વધારે આપણે સહન કરવુ પડશે. આપણે ઝોકાવીએ કે નહીં તોપણ આ વિગ્રહમાં આપણે ઘણું ભયંકર રીતે સહન કરવાનું છે. પરદેશનો વ્યાપાર બંધ થતો જાય છે, વ્યાપારના માર્ગો બંધ થશે, તે કારણે નહીં પણ બીજે છેડે કોઈ વ્યાપાર ચાલે નહીં તેથી આમ થાય છે. દેશની બહાર ચઢાઇ કરનારૂં લશ્કર મોકલવાની કોઇ સમજુતી હજી અમે કરી નથી. નૌકાબળ એકઠું કરવાનું શરૂ થયું છે. લશ્કર એકઠું કરવાનું કામ ચાલેછે; પણ ચઢાઇ માટે બહાર મોકલવાની હજી કોઈ સમજુતી કરેલી નથી. હિન્દમાં અને સામ્રાજ્યના બીજા અજાણ્યા વિભાગોમાં તથા બીજા અજાણ્યા વિભાગો સાથે આપણી વિશાળ જવાબદારીઓ છે, તેથી એ સઘળું ધ્યાનમાં લઇ, આપણી સ્થિતિ ચોક્કસ જાણ્યા સિવાય ચઢાઈનું લશ્કર મોકલતાં આપણે સંભાળપૂર્વક વિચાર કરવો જોઇએ.

આ ભયંકર પરિસ્થિતિમાં એક ઉજ્વળ ચિન્હ છે, અને તે આયર્લાંડ છે. આ હું સ્પષ્ટતાથી જણાવવાને ચાહું છું કે, સમગ્ર આયર્લાંડની લાગણી આપણી તરફ છે.

બીનસરતી તટસ્થતા બ્રિટન જાહેર કરી શકે નહીં. ફ્રાન્સ સાથે આપણે તે સંબંધમાં બંધાઈ ગયા છીએ; એટલે એમ આપણે કહી શકીએ નહીં, બેલ્જીયમનો વિચાર પણ આપણને તેમ કરતાં અટકાવે છે, બનતા સઘળા બળનો ઉપયોગ કરતાં આપણે ખચકવાના નથી, આપણે તૈયાર થવુંજ જોઇએ અને આપણા સઘળા બળના ઉપયોગથી થનારાં પરિણામો માટે આપણે તૈયાર છીએ એ મારે ઘડીભર પણ ગુપ્ત રાખવું નહીં જોઈએ. ગમે તે પળે આપણે આપણું રક્ષણ કરવાનું અને આપણો ભાગ ભજવવાનો છે.

સમગ્ર દેશના ધૈર્ય અને નિશ્ચયનો આધાર

હાલના કરતાં કોઈ વેળા આપણાં બળની કાર્ય સાધક સ્થિતિ અને તૈયારી આટલી ઉંચી સ્થિતિ એ કદી ન હતી. આપણા વ્યાપાર અને કીનારાઓનું રક્ષણ કરવાની સરકારની શક્તિમાં આટલો વિશ્વાસ કદીએ નહોતો વિગ્રહના સંકટ અને પીડાથી કોઇ દેશ મુક્ત હોઇ શકશે નહીં. અને કોઇ તટસ્થતા આપણને બચાવી શકશે નહીં. દુશ્મનના વહાણોથી આપણા વ્યાપારને થનારી હાનિની કીમત આર્થિક સંજોગોથી થનારી હાનિ કરતાં વધુ નથી. ઓસ્ટ્રિયા અને સરવીયાના આ કલહથી કઢંગી ગુંચવણો ઉભી થઇ છે. પરિસ્થિતિ એટલી ઝડપથી ખીલી છે કે, વિગ્રહ સબંધમાં અરેખરૂં શું બન્યું છે તે કહેવું અશક્ય છે. આપણી નીતિ ઉપર

અસર કરનારી બાબતો ખુલ્લી કરવા હું માગતો હતો. મેં સભા સમક્ષ અત્યંત અગત્યની બાબતો જાહેર કરી છે. અને જો આપણને ફરજ પડતી હોય કે એ મુદાઓ ઉપર આપણે લીડવું તો મને એમ લાગે છે કે, તેને શું જોખમ ખેડવાનું છે; કીયા ખરા મુદા છે? ઝઝુમતા ભયનું પ્રમાણ શું છે? તે દેશ સમજે છે, અને એકલી આ સભાદ્વારાજ નહીં પણ સમગ્ર દેશના નિશ્ચય, ધારણા, ધૈર્ય અને સહનશીળતાદ્વારા અમને ઠેઠ સુધી ટેકો મળશે."

સર એડવર્ડ ગ્રેના ઉપરના ભાષણથી સભાના સઘળા પક્ષોએ મતભેદ દૂર કરી આવી અણીની વેળાએ એકત્ર થઇ સરકારને સહાય અને મહારાજ્યને એકત્રિત બળ આપવા ઉત્સૂકતા દેખાડી. યુનીયનીસ્ટ પક્ષના વડા મી૦ બોનરલોએ અંતઃકરણપૂર્વક ટેકો આપ્યો, અને સંસ્થાનોનાં ટેકો આપવાનાં વચનો વધાવી લેવામાં આવ્યાં. આઇરીશ પક્ષના મી૦ રેડમંડે આયર્લાંડનો સમભાવ પ્રકટ કરતાં કહ્યું કે, સરકાર આયર્લાંડમાંથી લશ્કર તત્કાળ ખસેડી લે. તેના કીનારાઓનું સંરક્ષણ સઘળા પક્ષના આઇરીશો કરશે. યુનીયનીસ્ટો સર એડવર્ડ ગ્રેના ખુલાસા અને બેલ્જીયમને પક્ષે રહેવાના મક્કમ નિશ્ચયથી ઘણાજ ખુશી થયા અને તેમની સાથે સેકહેન્ડ કરી. સભા બહાર લોકો એકઠા થયા હતા તેમણે વડા પ્રધાન મી૦ એસ્કવીથ અને સર એડવર્ડ ગ્રેને હર્ષના પોકારોથી વધાવી લીધા. દીવાને આમે એકદમ મહેસુલ બીલ બધા ક્રમોમાંથી પસાર કર્યું અને માત્ર વટાવનાંજ બીલો મોકુફ રાખવામાં આવ્યાં.

પ્રકરણ ૯ મું.

બ્રિટીશ અલ્ટીમેટમ.

યુરોપી પ્રજાઓની હાલની મારામારીમાં ઇંગ્લાંડના રાજ્યને ઘસડાવાનો સમય પ્રાપ્ત થયા સંબંધીના સર એડવર્ડ ગ્રેના ઉપરના સંપૂર્ણ ખુલાસા ભરેલા વિવેચનથી વાંચનાર સારી રીતે સમજ્યા હશે કે આ ખાના ખરાબી થતી અટકાવવા અને બનતા સુધી તેમાં પોતાને ઉતરવું ન પડે તેનો પુરેપુરો પ્રયત્ન કરવા છતાં તે નિષ્ફળ જવાથી આપણા મહાપ્રતાપી બ્રિટીશ સરકારને કાંઈ ખાસ સ્વાર્થ સાધવાને કે કોઇ મુલ્કો જીતવાના લોભથી નહીં પણ પડોશનાં નાના નાના સ્વતંત્ર રાજ્ય જેઓની સ્વતંત્રતા મોટાં રાજ્યોએ કબુલ કરી છે તેને મોટાં બળવાન રાજ્યોથી છુંદાતાં, કચડાતાં બચાવવા માટેજ વિગ્રહમાં ભાગ લેવા જરૂર જણાઇ છે.

યુરોપનાં નાનાં રાજ્યોનો એવી રીતે બચાવ કરવા સાથ પોતાના રાજ્યોની સ્વતંત્રતા અને સુલેહ સચવાવા યુરોપી રાજ્યોમાં બે ત્રીપુટીઓ બંધાઇ છે. ઇંગ્લાંડે સને ૧૮૧૪ માં હોલાંડની, સને ૧૮૧૫ માં સ્વીત્ઝર્લાંડની અને સને ૧૮૩૯

માં બેલ્જીયમની તટસ્થતા અને સ્વતંત્રતા સ્વીકારી છે. સને ૧૮૬૪ માં ડેન્માર્કનો એક ભાગ સ્લેસ્વીગ હોલ્સ્ટાઇન જર્મની દબાવી પડયું અને કોઈ કંઈ બોલ્યું નહીં. તે પછી સને ૧૮૮૨માં આસ્ટ્રિયા, જર્મની અને ઇટાલીની ત્રીપુટી બંધાઇ એ આપણે વાંચી ગયા છીએ. આ ત્રીપુટીને સને ૧૮૯૨–૧૯૦૨ અને ૧૯૧૨ માં પુનઃ પુનઃ ચાલુ રાખવા ઠરાવો થયા હતા. ઉપરની ત્રીપુટી સામાં ફ્રાન્સ અને રશિઆએ (સને ૧૮૯૧–૧૮૯૨માં) એક ગુપ્ત કરાર કરી મૈત્રી બાંધેલી સને ૧૯૦૪માં ઇંગ્લાંડના સામ્રાટ સાતમા એડવર્ડે ફ્રાન્સ સાથની ઇજીપ્ત અને મોરોક્કોની ખટપટનો અંત લાવવાનો કરાર કર્યો અને આપણા હાલના બાહોશ અને દીલસોજ વાયસરાય નામદાર લોર્ડ હાર્ડિંજે સેંટપીટર્સબર્ગમાં બ્રિટીશ એલચી તરીકે ઇંગ્લાંડ, ફ્રાન્સ અને રશિયા સાથે મૈત્રી કરાવી તેનો પાયો નંખાયો. નામદાર વાઇસરાય લોર્ડ હાર્ડિંજની મેહેનતથી એશિયામાં ઇંગ્લાંડની રશિયા સાથની ખટપટનો અંત આવ્યો હતો.

ઉપરના કરારને લીધેજ ફ્રાન્સને જર્મની સાથ સને ૧૯૦૬ માં મોરોક્કોના સંબંધી ખટપટમાં તથા તે પછી ૧૯૧૧ અગાદીર ખાતે ફ્રાન્સ જર્મની પાછા આથડયાં ત્યારે ઇંગ્લાંડે ફ્રાન્સને મદદ આપવા કબુલ્યું હતું.

સને ૧૯૧૨ માં ફ્રાન્સ સાથે ઈંગ્લાંડને ઉભય દેશની સૈનીક અને નાવીક વ્યવસ્થા કરવાને એક મસલત થઇ અને તે પ્રમાણે ફ્રાન્સના ઉત્તર અને પશ્ચિમ કીનારાઓનું જર્મનીના સંભાવિત હુમલા સામે રક્ષણ કરવાનું ઇંગ્લાંડે માથે લીધું, અને ભૂમધ્ય સમુદ્રમાં અંગ્રેજી લાભો, આસ્ટ્રિયા અને ઈટલી વિરૂદ્ધ સંભાળવાનું ફ્રાન્સે સ્વીકાર્યું. ઉપરના કરારને આધારે હાલની લડાઇમાં પણ જો જર્મન કાફલો ઉત્તર સમુદ્રમાંથી ઉતરી આવી ઇંગ્લીશ ખાડીમાં ફ્રાન્સના કીનારા ઉપર હલ્લો કરે તો ફ્રાન્સને ઇંગ્લાંડે મદદ આપવા કબુલ્યું.

ઉપરની રીતે ફ્રાન્સને મદદ આપવા ઇંગ્લાંડનો આશય હતો એટલામાં જર્મનીએ સને ૧૮૭૦ બેલ્જીયમના નાનકડા રાજ્યને તટસ્થ તરીકે જાળવવાને આપેલી કબુલાત છતાં તેનો તેનેજ હાથે ભંગ થવાનો સમય પ્રાપ્ત થયો.

બ્રિટીશ સરકારે બેલ્જીયમની તટસ્થતા કોઈ પણ જોખમે જાળવવાનું સ્વીકાર્યું હતું એટલે ફ્રાન્સને મદદ કરવા ઉપરાંત બેલ્જીયમને જર્મનીથી બચાવવાનો પ્રશ્ન ઉભો થયો. ફ્રાન્સે બેલ્જી-યમને નહી છેડવાનું કબુલ્યું અને ઇંગ્લાંડે ફ્રાન્સના કિનારાપર જર્મનીનો કાફલો ઉતરી ન આવે તે સંબંધી તથા બેલ્જીયમમાં પણ તેણે દાખલ ન થવુ, તેની જર્મની પાસે કબુલત માંગી.

જર્મનીના પરદેશ ખાતાના સેક્રેટરીએ ઉપરના પ્રશ્નનો જવાબ આપતાં જણાવ્યું કેઃ—શાહનશાહ અને ચાન્સેલરની સલાહ લીધા પૂર્વે આનો ઉત્તર પ્રદેશખાતાનો સેક્રેટરી આપી શકે નહીં.

વળી સેક્રેટરીએ સર વિલ્મને જણાવ્યું કેઃ—વિગ્રહ આરંભાતાં પોતાની ચઢાઇની બાજીઓનો એક અંશ ખુલો થવા જેવી નહીં ઈચ્છવા જોગ અસર થવાના કારણે આનો ઉત્તર બીલકુલ આપી શકાશે નહીં, તેની મને શંકા છે.

અંગ્રેજી પ્રધાને બેલ્જીયમની સરકાર જર્મની અને ફ્રાન્સ વચ્ચે લડાઇ જાગે તો કેવી રીતે વર્તશે તે પૂછાવ્યું, અને બેલ્જીયમે જણાવ્યુ કે તે તટસ્થ રહેશે. જર્મનીએ આજ બાબતમાં ઇંગ્લાંડને થાપ આપવાને જણાવ્યું કે, બેલ્જીયમની સ્વતંત્રતા લડાઇ પુરી થતાં પાછી ચાલુ કરવામાં આવે તો ઇંગ્લાંડને સંતોષ થાય કે કેમ? અંગ્રેજી પ્રધાને તે સ્વીકારવાની ના પાડી.

એક બાજુ જર્મનીએ ઉપરની હીલચાલો શરૂ રાખી બીજી તરફ બેલ્જીયમની તટસ્થતાનો ભંગ કરી ફ્રાન્સપર ચઢી આવવાનો પ્રયત્ન ચલાવ્યો. આથી બેલ્જીયમે ગ્રેટ-બ્રિટન પાસે તેની સને ૧૮૭૦ ની મિત્રાચારી ભરી વલણની

યાદ આપી પોતાનું અખંડિત પણું સચવાવાના કામમાં મદદ માગી.

ઉપરના સંજોગો બનતાં બ્રિટિશ સરકારે તા. ૪-૮-૧૪ જર્મની ઉપર અલ્ટીમેટમ મોકલ્યું અને વડા પ્રધાન મી. એસ-ક્વીથે દીવાને આમમાં જણાવ્યું કે "ગઇ કાલે ગ્રેટબ્રિટને જર્મની સામે બેલ્જીયમની તટસ્થતાનો ભંગ કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો અને એવી ખાત્રી માગી હતી કે, જર્મની હવે બેલ્જીયમ પાસે કોઇ એવી માગણી કરશે નહી અને તેની તટસ્થતાને માન આપશે, પરંતુ બ્રુસેલ્સનો બ્રિટીશ એલચી તારદ્વારા જણાવે છે કે 'જર્મન પ્રધાને આજે બેલ્જીયમના પરદેશ ખાતાના પ્રધાનને એવી ખબર આપી છે કે, સારી ધારણાથી કરાયલી સૂચના બેલ્જીયમે માન્ય નહી રાખ્યાથી જર્મનીને દીલગીરી સાથે જરૂર પડશે તો શસ્ત્રથી ફ્રેંચ ધમકીને પહોંચી વળવા માટે અટળ પગલાં ભરવાં પડશે."

મી. એસ્કવીથ આગલ ચાલતા જણાવે છે કે:-"જેન-રલ સ્ટાફ જાહેર કરે છે કે બેલ્જીયમ મુલક ઉપર ગેમેનીચ નજદીક હુમલો થયો છે. વળી પાછળથી ખબર મળી છે કે, એક જર્મન લશ્કર બેલજીયમ મુલકમાં હજી ઘણું આગળ વધ્યુ છે.

જર્મનીએ આપેલી હસવા સરખી ખાત્રી.

મી. એસ્કવીથે જણાવ્યું કે આપણને આજે સવારના જર્મન એલચી તરફથી એક તારનો સંદેશો મળ્યો છે. જે જર્મનીના પ્રદેશખાતાના પ્રધાને તેની ઉપર નીચલા શબ્દોમાં રવાના કર્યો હતો:–

"આપણા ઈરાદાના સબંધમાં બ્રિટીશ સરકાર તરફથી જેબી કાંઇ અવિશ્વાસ ધારવામાં આવ્યો હોય તે આ ઘણીજ મક્કમ અને સત્તાવાર ખાતરી ફરીથી જણાવીને મેહેરબાની કરીને દુર કરજો કે બેલ્જીયમ સાથે એક હથીયાર બંધ લડાઈ થવાના દાખલામાં વટીક જર્મન કોઇપણ પ્રકારના બહાના હેઠળ બેલ્જીયમ મુલક જોડી નાખશે નહીં. આ જાહેરનામાની સચાઇ આ બીનાથી પુરવાર થાય છે કે આપણે હોલાંડના અલગપણાને બરાબર રીતે માન આપવાને ગંભીરપણે આપણી કબુલત આપી છે."

બ્રિટીશ અલ્ટીમેટમ–અને જર્મની સામે જાહેર લડાઇ.

ઉપરના જવાબના સબંધમાં આમની સભામાં બોલતાં મી. એસ્કવીથ જણાવ્યું કે:–મેં તેને છેવટનો એવો તાર કર્યો છે કે "આને અમે કોઇ રીતનો સંતોષ કારક સંદેશો માની શકતા નથી. અમે બેલ્જીયમની તટસ્થતાની ખાત્રી જર્મન

સરકાર પાસે માગી છે. ફ્રાન્સે એવી ખાત્રી આપી છે. માટે મધ્યરાત્રિ પહેલાં સંતોષકારક જવાબ આપો.

બ્રિટને બેલ્જીયમની તટસ્થતા જાળવવાની જર્મની પાસે ખાત્રી માગતાં તે તેણે આપી નહીં. બ્રિટીશ એલચીને તે વખત જર્મન વિદેશ ખાતાના પ્રધાને કહ્યું કેઃ—મારી રાજનીતિ ઇંગ્લાંડ સાથે અને તેની મારફત ફ્રાન્સ સાથે મીત્રતા બાંધવાની હતી પરંતુ તે હવે ભાંગી પડી છે. બન્ને રાજદ્વારીઓની મુલાકાત થતાં જર્મન પ્રધાન ઉશ્કેરાઈ ગયો હતો.

લડાઇનું સતાવાર જાહેરનામું.

જર્મનીના અસંતોષકારક જવાબથી લંડન ખાતે સતાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે કે, ગ્રેટબ્રિટને જર્મની સામે આજ રાતના ૭ વાગતે લડાઈ જાહેર કીધી છે.

——:o:——

પ્રકરણ ૧૦ મું.

બ્રિટીશ તૈયારીઓ.

જર્મની સામાં બ્રિટને લડાઇ જાહેર કરતાં ઇંગ્લાંડની પ્રજામાં ભારે ખુશાલી ફેલાઇ રહી. લડાઇ જાગ્યાની રાત્રે શહેરના રસ્તામાં ઠામઠામ લોકોનાં મોટાં ટોળાં સરઘસ રૂપે ફરવા લાગ્યાં.

તેઓએ "નેશનલ એનથેમ" "રૂલ બ્રિટનીયા" અને "માર સેલેઝ" નાં રાજ્ય ભક્તિના ગીતો ઉત્સાહથી ગાતાં બકીંગહામ રાજમહેલ બહાર યાદગાર દેખાવ કરી મુકયો. ઉપરના રાજ્ય ભક્ત ગીતોના પોકારોથી નામદાર રાજા અને રાણીએ અગાસીમાં આવી તેઓને માન આપ્યું. શેહેરમાં ઠેકાણે ઠેકાણે લોકો એકઠા થઇ તેઓ પ્રધાન મંડલીના કાર્યને ટેકો આપવા લાગ્યા.

લડાઇ જાહેર થતાં આસ્ટ્રેલીયા, ન્યુઝીલાંડ, અને કેનેડાના સઘળા રાજ્યકીય પક્ષો એકત્ર થઇ મહારાજ્યને સહાય કરવા તત્પર થયા. કેનેડાએ નૌકા ખાતાના અનામત લશ્કરીઓને હાજર કર્યા. આસ્ટ્રેલીયાએ લશ્કર એકઠું કરવા માંડયું અને ૨૦ હજાર માણસોનું સૈન્ય સુપ્રત કરવા અને તેનો ખર્ચ પોતે ઉઠાવી લેવા તત્પરતા દર્શાવી. હિન્દના વાઈસરોય ના. લોર્ડ હાર્ડીંજ તરફથી પણ હિન્દની રાજ્ય નિષ્ઠા અને સહાયતાની તત્પરતાનો તથા હિન્દી લશ્કરની વફાદારીનો બ્રિટીશ સરકારપર તાર આવ્યો. અને લીવરપુલ કોટન એસોશીએશનના ડિરેકટરોએ ધંધો અચોકસ સમય સુધી બંધ રાખવા ઠરાવ કર્યો.

લડાઇ માટે તાત્કાલિક નાણાની જોગવાઇ કરવા પ્રીવી કાઉન્સીલ મળી અને તેણે નાણાંની પરિસ્થિતિનો વિચાર કર્યો.

લડાઇમાં ઉતરવાનો ખર્ચ ૧૦,૫૦,૦૦,૦૦૦ ગીની થશે એવું અડસટવામાં આવ્યું અને તેની મંજુરી પાર્લામેંટે પાંચ મીનીટમાં આપી દીધી.

લોર્ડ કીચનરને લડાઇ ખાતાના સેક્રેટરી બનાવવા ઇજીપ્ત જતાં અધવચથી પાછા બોલાવ્યા.

દીવાને આમની પેઠે દીવાને ખાસે પણ પ્રધાન મંડળના આ નિશ્ચયને હરેક રીતે ટેકો આપવાનું જણાવ્યું છે.

બેલ્જીયમને લડાઈથી અલગ રાખવાની બ્રિટીશ માગણીનો જર્મનીએ છેવટનો સ્વીકાર નહીં કરવાથી બર્લીન ખાતેના બ્રિટીશ એલચીને બર્લીન છોડી જવાની પાસ પોર્ટ મળી છે. અને નામદાર શહેનશાહ જોર્જે જાહેર કીધું છે કે ગઇ કાલે રાતનાં જર્મની અને ઇંગ્લાંડ વચ્ચે લડાઇ શરૂ થઈ ચુકી છે.

બ્રીન્ડીસી અને મારસેલ્સ જતી પેનીન સુલર અને ઓરીએંટલ કંપનીની બોટો બંધ કરી છે.

તા. ૫ મી ઓગષ્ટ મી. એસ્કવીથે લડાઇના સેક્રેટરી તરીકેના ઓદ્ધાનું રાજીનામું આપ્યું અને તેની જગા લોર્ડ કીચનરને આપવામાં આવી.

અર્લ કીચનરની લડાઇ ખાતાના સેક્રેટરી તરીકેની પસં-

દગી લોકપ્રિય ગણાઇ છે. મી. એસ્કવીથે પાર્લામેંટમાં તા. ૬ ઠી એ જાહેર કર્યું કે અર્લકિચનેરે લશ્કરમાં પાંચ લાખ માણસોનો વધારો કરવાની સત્તા માગી છે.

ના. શહેનશાહે (તા. ૫ મી એ) નૌકા ખાતાની તપાસ લીધી અને હજારો લોકોએ તેમને હર્ષથી વધાવી લીધા. ડાનિંગ સ્ટ્રીટમાં લશ્કરી કૌસીલ મળી હતી.

મી. એસ્કવીથે આમની સભામાં (તા. ૬ ઠીએ) જણાવ્યું કે છાપાંઓ વાંચવાથી જણાશે કે સર એડવર્ડ ગ્રે સુલેહ માટે કેવી માથાકુટ કરે છે. જર્મનીની સુચનાઓ તેમણે વખોડી કહાડી હતી અને બેલ્જીયનોની કરૂણાજનક અપીલ ઉપર ભાર દીધો હતો. તેમણે કહ્યું કે જો આપણે જર્મનીની અપકીર્તિ ભરેલી માગણી કબુલ કરી હોત તો આપણા દેશના લાભને આપણે દગો દીધો હોત અને આપણું માન ખોઇ દીધું હોત.

ખુશકી અને તરીનું લશ્કર ઝપાટાબંધ એકઠું કરવા હુકમો છુટયા. પાર્લામેંટમાં પરશીઅન ઘાસતેલનું બીલ ત્રીજીવાર પસાર થયું. પારલામેંટની બેઠક આઠમી તારીખ સુધી બંધ રહી. દર્મ્યાન પ્રધાન મંડળીમાં કેટલીક ફેરફારી થઇ ગઇ. સરકારે બધી રેલ્વે લાઇનોનો વહિવટ પોતાના

હાથમાં લીધો. ઈંગ્લાંડ અને જાપાનની વચ્ચે ભાઇબંધી ચાલુજ છે. અને જાપાન મદદ આપવા તૈયાર છે. તરીના લશ્કરનું નાયક પદ વાઇસ–એડમીરલ જેલીકોએ લીધું અને રીઅર એડમીરલ મેડન અધિકારી મંડળમાંનો વડો થયો. અને સરજોન ફ્રેન્ચ તમામ લશ્કરના ઇન્સ્પેકટર જનરલ નિમાયા.

સંસ્થાનોને શહેનશાહનો સંદેશો.

નામદાર શહેનશાહ જોર્જે એક સંદેશો બહાર પાડી બ્રિટીશ સંસ્થાનોએ લડાઇના બારીક વખતમાં ઇંગ્લાંડને ઉદાર મદદ અને જાતી ભોગ આપવાને જે ખાયસ બતાવી તેને માટે ઉપકાર માન્યો અને તેમણે એવી આશા દર્શાવી કે, સમગ્ર સામ્રાજ્ય ઇશ્વરમાં વિશ્વાસ રાખીને શાંતિથી એક સંપીને રહેશે.

નૌકા ખાતાને સંદેશો.

વળી તે નામદારે લશ્કરીઓને સંદેશો કહેવડાવ્યો કે;—મહારાજા તેઓમાં વિશ્વાસ રાખે છે. અને આશા રાખે છે કે, નૌકા લશ્કર પોતાની જુની કીર્તિ જાળવી રાખશે. અને પૂર્વની માફક તે એકવાર ફરીથી બ્રિટનની ઢાલ રૂપ થઇ પડશે.

બ્રિટીશ કાફલાની વ્યવસ્થા.

બ્રિટીશ કાફલો છેલ્લીવાર સને ૧૮૮૨ માં અલેકઝા-ન્દ્રીઆ આગળ લોર્ડ ચાર્લ્સ બેરીસફોર્ડની સરદારી હેઠળ


લડ્યો હતો, ત્યાર પછી તેને લડાઇમાં ઉતરવાનો વારો આવ્યો નથી. છેલ્લી તેની તપાસ ગયા જુલાઈ માસની તા. ૨૦ મી એ નામદાર શાહનશાહ જોર્જે લીધી હતી. તે વેળા તેની કુલ સંખ્યા ૪૯૩ હતી. તે સમયે અંગ્રેજી ખાડીમાં એકઠો થયેલો કાફલો અદ્યાપિ પર્યંત વેરાઇ ગયો નથી. હાલના સમયે બ્રિટીશ કાફલો ખાસ કરીને મજબુત છે. તેની ૨૯ મનવારોની ચાર લડાયક ટુકડીઓ પાડેલી છે. પહેલી, બીજી અને ત્રીજી ટુકડીમાં આઠ આઠ અને ચોથીમાં ચાર મનવારો છે. ઉપરાંત દરેક ટુકડી સાથે ૪ આરમારી અને ૮ નાવ નાશક બોટો છે. વળી ન્યુઝીલાંડનાં ચાર વહાણોનો કાફલો વધારાનો છે; ને તેર વહાણોની ત્રણ ટુકડીઓ છે. તેમ તેમાં ચાર આરમારીઓ અને તળીયાં ફોડવાની છ બોટો છે.

ઇંગ્લાંડનું વિમાનબળ.

યુરોપના સાંપ્રત દવમાં હવાઇ વિમાનો અગત્યનો ભાગ ભજવશે એવો નિપૂણો મત ધરાવે છે. વિમાની બળમાં રશિયા કરતાં જર્મની સરસાઇ ભોગવે છે. આસ્ટ્રિયાનું નૌકાબળ પણ કોઇ રીતે ઉતારી પાડવા જેવું નથી. આ સ્વરૂપ અંગ્રેજી નૌકાખાતું સમજેલું હોવાથી તેણે શાહી નાવિક વિમાની ખાતું ઉંચી કક્ષાએ લાવવાનાં પગલાં હાલમાં ભર્યાં



બ્રીટીશ હવાઇ વિમાન.



બ્રીટીશ હવાઇ વહાણ




દુશ્મનના વિમાનોનો નાશ કરનાર વખણાતી તોપ.

The Bombay Art Printing Works, Fort.



ब्रिटिश नौकाखातांतील मंत्री.



यूरोपीय युद्धमां मराठा वीरो.

છે. હાલમાં અંગ્રેજી નૌકાખાતું ૧૪૦ કાર્ય સાધક વોટરપ્લે-ઈનો, દરીયા ઉપર અદ્ધર સફર કરે એવાં વિમાનો અને ૭ એરોપ્લેનો ધરાવે છે. વધારામાં ૬૯ વોટરપ્લેઇનો અને હવાઇ વિમાનો બાંધવાના હુકમ કાઢેલા છે. આખા વધારાના વિમાનો મળતાં જુનાં વિમાનો કાઢી નંખાશે; એટલે કેટલાક સમયમાં આ ખાતે ૨૦૦ વિમાનોની સંખ્યા થશે.

નામદાર શહેનશાહનું ભાષણ.

જર્મની સામાં લડાઈ જાહેર થયા પછી તા. ૧૮ મીએ પાર્લામેંટ મુલતવી રાખતાં નામદાર શેહેનશાહે એક ભાષણમાં જણાવ્યું કે, ભાષણ કરવાના જમાનાને બદલે કાર્ય કરવાના પ્રસંગોમાં હું તમારી આગળ આ ભાષણ કરૂં છું. મારી સરકારે જગતની શાન્તિ જાળવી રાખવા માટે દરેક પ્રયત્ન કર્યા પછી, સુલેહના કરારોના બંધનને જર્મનીએ જાણી જોઈને નકામુ ગણ્યું છે, એવી મને ખાત્રી થયા પછી, યુરોપના જાહેર કાયદાના તથા સામ્રાજ્યના ગંભીર લાભોના સંરક્ષણ માટે મને લડાઇ જાહેર કરવાની ફરજ પડી છે. મારા લશ્કર અને નૌકા-સૈન્યને ચોકસાઈ, હિંમત અને બુદ્ધિથી આપણા બહાદુર અને એકનિષ્ઠ મિત્ર રાજ્યોની સાથે મળીને એક વ્યાજબી અને ખરા કારણ માટે લડવું પડે છે. મારા સામ્રાજ્યના દરેક

ભાગમાંથી આપણા સામાન્ય વાવટા નીચે આનંદ અને ઉત્સાહથી લડાઇમાં જવા માટે માગણીયો થઇ છે. આ મોટા કટોકટ પ્રસંગમાં તમે જે ઉદારતાથી કામ લીધું છે તે માટે હું તમારો આભાર માનું છું. આપણે એક ખરા કારણસર લડીએ છીએ અને જ્યાં સુધી તે હેતુ આપણે પરિપૂર્ણ કરીશું નહીં ત્યાં સુધી આપણે આપણાં હથીયાર પડતાં મુકીશું નહીં. મારી બધી પ્રજાઓનાં રાજનિષ્ઠ અને એકત્ર પ્રયત્નોમાં મને વિશ્વાસ છે. અને તે સર્વ શકિતમાન પ્રભુ આપણું સારૂં કરે એમ હું તેની પ્રાર્થના કરૂં છું.

અર્લ કીચનરની સૂચનાઓ.

લડાઇ ખાતાના પ્રધાન અર્લ કીચનરે દરેક સીપાઈની પગાર બુકમાં નોંધી રાખવા માટે કેટલીક સૂચનાઓ બહાર પાડી છે. જે સૂચનાઓ એ છે કે—"આપણા સામાન્ય શત્રુના હુલ્લાની સામે થયેલા આપણા મિત્ર ફ્રેન્ચોને મદદ કરવા માટે મહારાજાધિરાજના એક સીપાઇ તરીકે તમને પરદેશમાં મોકલવામાં આવે છે. તમારી હીંમત, તમારી શક્તિ અને તમારૂં ધૈર્ય જે માટે વાપરવા જોઇએ છે તે કામ બજાવવાનું તમારે માથે આવેલું છે. યાદ રાખજો કે બ્રિટીશ લશ્કરનું સંમાન તમારી પોતાની વ્યક્તિગત હિંમત ઉપર આધાર

રાખે છે. નીતિ નિયમનનો દાખલો બેસાડવો એટલુંજ નહિ પણ, જેઓની વાહરે તમે જાવછો, તેઓની સાથેનો મિત્રભાવ ચાલુ રાખવાની ફરજ પણ તમારે શીર છે. તમે જે લડાઇ માટે લડવા જાવછો તે સ્થળ મોટે ભાગે મિત્ર રાજ્યમાંજ છે જો તમે ફ્રાન્સ અને બેલ્જીયમમાં એક બ્રિટીશ લશ્કરી સિપાઈની વર્તણુંક કેવી ઉત્તમ છે, તે સારી રીતે બતાવી આપશો તો તમારા દેશની એથી વધારે સારી અન્ય કોઈ સેવા કરી શકશો નહિ. તમે વખતો વખત હીમતવાન, બુદ્ધિશાળી અને ધ્યાનવંત થજો. કોઈની પણ માલમતાને નુકશાન થાય એવું કરશો નહીં. હમેશાં લુંટ કરવી એ નીચ કૃત્ય છે એવું માનજો. તમને જરૂર સર્વત્ર આવકાર મળશે. તમે વિશ્વાસને લાયક બનજો તે આવકાર અને વિશ્વાસને તમે પાત્રછો એ તમારી ચાલ ચળગણુંથી સિદ્ધ કરી આપવું જોઇશે. જો તમે નિરોગી અને મજબુત હશો તોજ તમે તમારૂં કર્તવ્ય કરી શકશો. માટે હમેશાં અતિશય સર્વત્ર વર્જશો એવી આશા છે. આ નવા અનુભવમાં તમને મદિરા અને માનિનીમાં લપટાવાનું મન કદાચ થઇ આવશે. આ બંને લાલસાથી દૂર રહેજો અને સર્વ સ્ત્રીઓ તરફ માનની અને પૂજ્યતાની લાગણીથી જોશો અને તેઓની સાથે પરિચય કરવાથી દૂર રહેસો. તમારૂં કર્તવ્ય હિમ-

તથી બજાવશો! ઇશ્વર, કીર્તિ અને તમારા રાજાનો ભય હમેશાં રાખજો."

ફ્રાન્ચ ભૂમિ ઉપર અંગ્રેજ સૈન્ય

ફ્રાન્સને મદદે રહીને જર્મનીની સામે થવા માટે બ્રિટીશ સરકારે ખાધાખોરાકી, સરસામાન અને લડાઇની સંપૂર્ણ સામગ્રી સાથે ૩૬૦ વહાણો ભરીને ફ્રાન્સમાં લશ્કર મોકલ્યુ છે. આ લસ્કર ફ્રાન્સની ભૂમિ ઉપર બોલોન ખાતે જઇ પહોચ્યુ છે. અર્લકીચનેરે લશ્કરોની હીલચાલની કોઇ પણ જાતની ખબરો છાપાખાનાઓએ છાપી નથી તે માટે તેઓનો દેશ તરફથી આભાર માન્યો છે. લશ્કર લઇ જવાનું કામ એટલી ચુપકીથી અને કંઈપણ નુકશાની વગર કરવામાં આવ્યું છે કે તે કાર્ય ઇતિહાસમાં મહાન ગણાશે, એમ આશા રખાય છે યુનાઇટેડ કીંગડમમાં રાખેલા સ્વદેશાભિમાનયુક્ત મૌનથી આ કાર્ય પાર પડયું છે. બોલોનમાંથી ખાકી પહેરવેશવાળું અંગ્રેજી લશ્કર જયારે પસાર થયું હતું ત્યારે લોકોએ તેને વધાવી લીધું હતું. અને યુદ્ધનાદ પોકાર્યા હતા કે, "શું અમે નાશીપાસ થયા છીએ? ના. ના. શું અમે જીતીએ છીએ હા કંઈક એવો જય ઘોષ કરી આગળ વધ્યા હતા. ફ્રેન્ચ ભૂમિ ઉપર ઉતરેલા સૈન્યનું નાયકપણું ફીલ્ડ માર્શલ સર જોન ફ્રેંચે

લીધું હતું અને તેને બોલોના ગવર્નરે આવકાર આપ્યો હતો. આ મેળાપ ઈતિહાસમાં નોંધવા જેવો છે. કારણ કે આજે ઘણા વર્ષે એક શત્રુ તરિકે નહી પણ મિત્ર તરીકે અંગ્રેજો ફ્રેંચ ભૂમિપર મળ્યા હતા. ત્યાર પછી ફ્રાન્સના પ્રમુખ પોઇનકારેને મળવાને અને બ્રિટીશ લશ્કરની આગેવાની લેતા પહેલાં સલામ ભરવાને માર્શલ ફ્રેંચ પેરીસ ગયા હતા પેરીસ ખાતે તેને ફ્રેંચોએ સારો આવકાર આપ્યો હતો.

નામદાર શહેનશાહનો સંદેશો.

બેલ્જીયમ અને ફ્રાન્સની મદદ માટે ઇંગ્લાંડથી લશ્કર મોકલવામાં આવ્યું તેને તત્ર ભવાન સામ્રાટ જોર્જ પંચમે સંદેશો મોકલી આપ્યો છે કે:—

'તમે મારા સામ્રાજ્યના રક્ષણ અને આબરૂ માટે લડવાને સ્વદેશ છોડી જાવછો. બેલ્જીયમ કે જેના પ્રદેશનું રક્ષણ કરવાને આપણે બંધાયલા છીએ તેના ઉપર હલ્લો કરવામાં આવ્યો છે, અને ફ્રાન્સ ઉપર પણ તે મહાન શત્રુ મોટો હલ્લો લઈ આવશે એવી વકી છે. મારા શૂર વીરો! તમારા ઉપર મારો સંપૂર્ણ વિશ્વાસ છે. તમે તમારી ફરજ ઉમદા રીતે બજાવશો એ હું જાણું છું. તમારી દરેક હિલચાલ ઉપર હું ધ્યાન આપતો રહીશ અને તમારી સૈનિક પ્રગતિ આતુરતાથી અને સંતોષથી જોયા કરીશ.

ખરેખર તમારૂં હિત મારા વિચારમાંથી કદી પણ ગેર હાજર રહેશે નહીં. તમને આશિર્વાદ આપવા, સંભારવા અને વિજયી થઇ ગ્રહપ્રતિ મોકલવા માટે હું ઇશ્વરની પ્રાર્થના કરૂં છું.'

લૉઇડ જ્યોર્જનું ભાષણ.

ઇગ્લાંડના નાણાં ખાતાના પ્રધાન મી. લૉઈડ જોર્જ લશ્કર માટે નવા વેલ્સમેનો મેળવવાની ગોઠવણ કરવાને આલ્બર્ટ હોલમાં મળેલી એક સભામાં (તા. ૧૯–૯–૧૪) ભાષણ આપ્યું હતું કે, પ્રજાને કલંક લગાડયા વગર લડાઇથી આપણે તટસ્થ રહી નહી શકત. વચન તોડવાના જર્મનીના કામને તેણે વખોડી કહાડયું અને જાહેર કર્યું કે, ભવિશમાં વચનને માન આપી ચાલવાને જર્મનીને શીખવવું જ જોઇએ. જર્મનીના જંગલીપણાની અસર ઉખેડી નાંખવીજ જોઇએ. "કાગળના ચીથરાં" સમાન કરારનામાને ગણવાની વાત સધળા જાહેર કાયદાનાં મૂળીયાં ખોદવા સમાન છે. જર્મનો તરફનાં બહાનાઓની ખબર લેતાં તેણે જણાવ્યું કે એક મોટી પ્રજાએ એક તર્કટબાજ નામદારના સરખું વર્તન ચલાવી પોતાની જોખમદારી પૂર્ણ કરવાની ફરજમાંથી મુક્ત થવાની તજવીજ કરતાં શરમાવું જોઈએ છે. જે પ્રજા પોતાની આબરૂની દરકાર નહિ કરે તેનું આમજ બને. પ્રશીઆ આખા યુરોપમાં બીહામણા ગોધા

સમાન છે, પણ આપણે તેને તેની બેઠકમાંથી ઉખેડી કહાડીશું. (હર્ષનાદ) તે કામ કાંઈ સહેલું નથી, તે બહુ લાંબી મુદતનું કામ છે પણ શાન્તિથી શરૂઆત કરીને આખરે આપણે ફત્તેહને માર્ગે પહોંચીશું. (ભારે હર્ષનાદ).

—:o:—

પ્રકરણ ૧૧ મું.

જર્મનીની તૈયારીઓ.

બેલજીયમની તટસ્થતા નહી સ્વીકારવાથી જર્મની સાથે બ્રિટીશ સરકારે લડાઇ જાહેર કરતાં જર્મન શહેનશાહે પણ બ્રિટીશ સામા લડાઇ જાહેર કરી છે.

જર્મન રાજ સભા ખુલ્લી થતાં નામદાર શહેનશાહ બાનું તેમજ બાદશાહી રાજ પુત્રો હાજર હતા. પ્રારંભના ભાષણમાં કયસર વિલ્યમે જણાવ્યું કે, અમે દિગ્વિજય માટે આકાંક્ષા રાખતા નથી કે તે માટે લડાઇ કરતા નથી. અમને ઇશ્વરે જે શાન્તિ આપી છે તે જાળવી રાખવાને માટેજ અમારે અકંપતી દ્રઢતાથી લડવાની જરૂર પડી છે, અને અમારા સ્વાત્મરક્ષણ માટે શુદ્ધ અંતઃકરણથી અને શુદ્ધ હસ્તથી અમે તલ્વાર ઝાલી છે. ભાષણ થઇ રહ્યા પછી કઇસરે પક્ષકારોની સાથે હસ્ત ધુનન કર્યું હતું અને તેઓએ રાજગીત ગાયું હતું.

ડા. વોન બેથમેન હોલવેગે જણાવ્યું કે, અમારૂ લશ્કરી લક્ષ જ્યારે સિદ્ધ થશે, ત્યારે અમારાથી બેલ્જીયમને જે નુકશાન થશે તે અમે ભરપાઇ કરી આપીશું. અમને જેમ ભડકાવવામાં આવ્યા છે, તે પ્રમાણે બીજાને પણ ભડકાવવામાં આવ્યા હોતતો તેઓ પણ અમારી માફક પોતાના પવિત્ર હક્કો માટે લડત ચલાવત. તેણે ભાર દઇને જણાવ્યું કે જો લંડન તટસ્થ રહેશે તો જર્મની ફ્રેંચ વહાણોને નુકશાન નહીં કરવાનું માથે લે છે.

બેલ્જીયમને બીજો અલ્ટીમેટમ મોકલતાં જર્મનીએ જણાવ્યું કે તે જો રાજી ખુશીથી જર્મનીને બેલ્જીયમમાં દાખલ નહિ થવા દેતો, તે બળાત્કારે પણ પોતાનું કાર્ય સાધશે.

જર્મનીનો લડાઈ જાહેર કર્યાનો ઢંઢેરો.

જર્મનીના શાહ કઇસરે પોતાની પ્રજાને લડાઈ જાહેર કર્યાનો ઢંઢેરો બર્લીન ગેઝેટમાં નીચે પ્રમાણે પ્રકટ થયો છેઃ—

" સામ્રાજ્યની સ્થાપનાને ૪૩ વર્ષ થયાં ત્યારથી મારા અને મારા પૂર્વજોના પ્રયાસો દુનિયાની સુલેહ જાળવવાના અને શાન્તિનાં સાધનોથી આપણી પ્રબળ પ્રગતી સાધવાના હેતુથી થયલા છે. પણ આપણા શત્રુઓ આપણા કાર્યની ફત્તેહથી ઇર્ષાળુ થયા છે. પૂર્વ તરફ શત્રુવટ ગૂઢ છુપાયલી છે, અને પશ્ચીમે તથા દર્યાપાર પણ તેમજ છે. આપણે આપણી જવાબદારી અને શક્તિથી વાકેફ

હોવાથી આ સર્વ અત્યાર સુધી બન્યું. હવે અલબત આપણા શત્રુઓને એક આગામી હુમલા માટે તૈયારી કરતાં નિરખતાં છતાં હાથ જોડીને બેસી રહેવાનું આપણને આપણા વિરોધીઓ કહે છે. તે રીતે તેઓ આપણું માન ભંગ થતું જોવા ઇચ્છે છે. અમારા સહમિત્ર (આસ્ટ્રિયા) પ્રતિ દૃઢ નિષ્ઠા અમે ધરાવીએ છીએ અને એ મહાન રાજ્ય પોતાની પ્રતિષ્ઠા માટે લડે છે અને તેના માનભંગ સાથે અમારી સત્તા અને માન પણ સરખી રીતે હણાવાનાં, એનો તેમને વિચારજ આવતો નથી, તેથી તરવારજ આનો નિર્ણય કરશે. સંપૂર્ણ શાન્તિ વચ્ચે શત્રુએ આપણને આશ્ચર્યચકીત કર્યા છે. તેથી ચાલો, હથીયાર પકડો! કોઇ રીતની ચેષ્ટા કે દહીં દુધમાં પગ રાખવા જેવી નીતિ આપણી પિતૃભૂમિને દગો દેવા જેવી થશે. હયાતી કે બીનહયાતીનો પ્રશ્ન આપણા પૂર્વજોએ સ્થાપેલા સામ્રાજ્ય માટે ઉભો થયો છે. જર્મન સત્તા અને જર્મન અસ્થિત્વ રહેવાં કે ન રહેવાં તેનો આ પ્રશ્ન છે. માણસ અને અશ્વમાં છેલ્લો શ્વાસ રહેશે તે પર્યંત આપણે સામા થઇશું અને શત્રુઓની સામા વિગ્રહ ખેલશું. સંયુક્ત જર્મની કદી પણ જીતાયું નથી. આપણા પૂર્વજોની પેઠે પ્રભુ આપણી સાથે છે; તેને અગ્રે રાખી આગળ વધો."

વળી તા. ૧૯ મી ઑગષ્ટે જર્મન શહેનશાહે જે હુકમ બહાર પાડયો હતો તે "ટાઇમ્સે" પ્રકટ કર્યો છે તેમાં જણાવ્યું છે કે "મારો રાજવંશી અને શહેનશાહી હુકમ છે કે હાલ તુર્ત તમે ફક્ત એકજ બાબત પર છગ ખંતથી મંડયા રહો અને તે એ

કે આખોર અંગ્રેજોનો નાશ કરવા માટે તમે તમારી બધી હોંશિ-યારી અને મારા સૈનિકોની બધી બહાદુરીનો ઉપયોગ કરો. જનરલ ફ્રેન્ચના ધિક્કારવા લાયક નાનકડા લશ્કરને પગ તળે કચડી નાખો.”

જર્મનોએ (તા. ૨ જી આગસ્ટ) ફ્રાન્સપર હલ્લો કર્યો અને લોગવી ઉપર લશ્કર મોકલ્યું. ત્યારબાદ જર્મન લશ્કરથી ભરેલી આગગાડી સરસામાન સાથે લગ્ઝમ્બર્ગના સ્ટેશન ઉપર મોકલી આપી. ફ્રાન્સમાં લશ્કરને કુચ કરવામાં ખપ લાગે તે પહેલાં ગ્રાંડ ડચેસના પુલો વગેરેનો કબજો કર્યો. લગ્ઝમબર્ગના સત્તાધિશોએ જર્મનોના આ કામ સામે વાંધો ઉઠાવતાં લગ્ઝમ-બર્ગની તટસ્થતા નહી તોડવા તેમને કહ્યું; વળી સને ૧૮૬૭માં યુરોપનાં મોટાં રાજયોએ લગ્ઝમબર્ગની સ્વતંત્રતા જાળવી રાખવા જામીનગીરી આપી ત્યારે પ્રુશીયા પણ સામેલ હોવાની બીના તેને જણાવી અને તે માટે એક મીટીંગ મેળવી. પણ જર્મનોએ જણાવ્યું કે રેલવેની લાઇનો અમારી છે માટે તેઓ ફાવે તેમ કરવા મુખત્યાર છે. તેઓએ ત્યાંથી પાછા હઠવાની ના પાડી. કહે છે કે લગ્ઝમબર્ગનાં રાજય કરતાં રાણી નામદાર ગ્રાંડ ડચેસ મેરી એડોલેડ જર્મનીની આ વર્તણુંક સામે સખત પ્રોટેસ્ટ કરીને તરતજ પોતાની મોટાર ગાડી મગાવી તેમાં બેસી પોતે તે ચલાવીને લશ્કર પસાર થવાના મારગમાં આવી ઉભાં. જર્મનોએ તેના પ્રોટેસ્ટનો નફટાઇથી જવાબ વાળ્યો, કે રેલવે

ઓ અમારે કબજે આવી છે અને અમને ગમશે તેવો તેનો ઉપયોગ કરીશું. ડચેસનું લશ્કર માત્ર ૨૪૦ માણસોનું હતું !

ગ્રાંડ ડચેસ યુરોપના એક પુરાણા પ્રસિદ્ધ વંશથી ઉતરી આવેલાં છે. જેમના વડવાઓ અગીયારમી સદીમાં એ તરફના ભાગોના કાઉંટ ગણાતા હતા. પુરૂશ ગાદી વારસ ન હોવાથી હવેથી લગ્ઝમબર્ગની ગાદી ઉપર છોકરીના વંશજો આવશે. મરહુમ ગ્રાંડ ડયુકની છ છોકરીઓ મધેનાં વડાં ગ્રાંડ ડચેસ છે. જેઓ પોતાના પિતા પછી સને ૧૯૧૨ માં ગાદીએ આવ્યાં છે. તેઓની ઉમર માત્ર વીસ વર્ષની છે. પોતાના રાજ્યનું અલગપણું અને સ્વતંત્રતા સચવાવા તેણે ઉપરનો જે પ્રયત્ન યોજ્યો, તે નિષ્ફળ ગયો છે. કહેવાય છે કે આ ગ્રાંડ ડચેસ મેરી એડીલેડ જર્મનોને હાથ કેદ પકડાયાં છે. અને જર્મન શહેનશાહે તેઓને જર્મનીના ન્યુરેનબર્ગના કીલ્લામાં કેદ રાખવાનો હુકમ કર્યો છે.

સ્વદેશ રક્ષણને માટે પ્રાણાહુતી આપી અમર નામ કરી ગયેલી રજપુતાનાની સુરી વિરાંગનાઓના જેવું આ વીસમી સદીમાં લેગ્ઝમબર્ગના રાજ્ય કરતાં ગ્રાંડ ડચેસ મેરી એડીલેડે યુરોપ જેવા સુધરેલા દેશની ભૂમિપર સ્વદેશની સ્વતંત્રતા માટે ઉજ્જવલ કીર્તિથી ભરેલું અમર નામ પ્રકટ કર્યું છે. કહેવામાં

આવ્યું છે કે (ડચેસને કેદ કરવાનું) આ કામ સુધરેલી દુનિયાનો ફીટકાર મેળવનાર ઘાતકી પગલું છે.

એક વિચિત્ર લશ્કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે તથા જણાવવામાં આવ્યું છે કે, શાન્ત જર્મન લોકો પર હલ્લો લઇ જઇને તેઓને પરરાજ્યોએ ગુસ્સે કર્યા છે. તેઓ જય અપાવવા માટે ઇશ્વરને પ્રાર્થના કરે છે.

જર્મનીની રાજ દરબારે લડાઈ માટે રૂ. ૩,૭૫,૦૦,૦૦,૦૦૦ ધીરવાનું જણાવ્યું.

જર્મનીની ત્રણ ટુકડીઓ (તા૦ ૫ મી આગષ્ટ) તા. ૪ થીએ સવારનાં નવ વાગતે બેલ્જીયમના ત્રણ શેહેરમાં પેઠી. તેઓએ પહેલાં મ્યુઝ નદીના જમણા કાંઠા ઉપર પડાવ નાખ્યો અને ત્યાંથી સામે પાર કામ ચલાઉ પુલ નાખી જવા તજવીજ કરી, પણ બેલ્જીયનોએ લીજના કીલ્લા ઓથે રહીને બહાદુરીથી તેમને અટકાવ્યા, છતાં પણ નાળુ કુદાવી તેઓ આગલ વધવા લાગ્યા. તેઓએ લીજની કીલ્લેબંદી તાબે કરવાની માગણી બેલ્જીયમ પાસે કરી, પણ તે સ્વીકારવામાં નથી આવી. બેલ્જીયનોએ રેલ્વે લાઇનો અને પુલો તોડી નાખ્યા છે તેથી જર્મનથી આગળ વધી શકાતુ નથી; તે સિવાય જર્મનોએ ડચના રાજ્યપર સ્વારી કરી તેની તટસ્થતાનો ભંગ કર્યો છે.

—:o:—

પ્રકરણ ૧૨ મું.

બહાદુર બેલ્જીયમ.

યુરોપની હાલની લડાઇના પશ્ચિમ રણક્ષેત્રનું કેન્દ્રસ્થાન બેલ્જીયમનો મુલક છે. આ દેશ હોલાંડની દક્ષિણે આવેલો છે. તેમાં જુના વખતમાં વસતા બેલ્જી નામના લોક પરથી તેનું બેલ્જીયમ નામ પડેલ છે. યુરોપ ખંડમાં આ ઘણી ઘાડી વસ્તી વાળો અને વેપારમાં આગળ પડતો દેશ છે. આપણા કાઠિયાવાડથી આ દેશ અડધો છે પણ એમાં વસ્તી કાઠિયાવાડથી ત્રણ ગણી છે.

બેલ્જીયમ અને હોલાંડ પ્રથમ નેધરલાંડને નામે ઓળખાતા હતા અને ૧૮૩૨ માં ધર્મ સંબંધી મતભેદને કારણે બેલ્જીયમ અને હોલાંડ જુદા પડયા. ૧૪૭૭ માં બેલ્જીયમનો ભાગ આસ્ટ્રિયાના તાબામાં હતો અને પછી થોડા પછી સ્પેનના ફીલીપ બીજાના હાથમાં તે ગયું. સ્પેનના વહીવટદારોના જુલમને લીધે હોલાંડ સ્વતંત્ર થયું અને ૧૫૯૮ માં બેલ્જીયમ પણ સ્વતંત્ર થયું. પણ ૧૬૨૧ માં સ્પેને તે પાછું લીધું અને ૧૭૧૩ માં તે પાછું આસ્ટ્રિયાના હાથમાં ગયું અને મરાયા થેરીસા પાસેથી ફ્રાન્સે તે પડાવી લીધું પણ ૧૭૪૮ માં

થયેલા એલાશાપેલના કરારથી તે પાછું આસ્ટ્રિયાના હાથમાં ગયું, પણ ૧૭૯૪ માં ફ્રાન્સે તે પાછું જીતી લીધું અને ૧૮૧૫ માં વિયેનાની કોન્ગ્રેસે તેને હોલાંડના કબજામાં સોંપ્યું, અને ૧૮૩૨ માં ઈંગ્લાંડ અને ફ્રાન્સની મદદથી તે પાછું સ્વતંત્ર થયું. બેલ્જીયમના કીનારાપર સારાં સારાં નૈસર્ગીક બંદરો છે, અને ઈંગ્લાંડના કીનારાથી તે માત્ર સો માઈલ એટલે ઝડપી ચાલની આગબોટોને હીસાબે ચાર કલાકની મુસાફરી જેટલાં દૂર છે. આ કારણે આ બંદરો કોઇપણ બળવાન યુરોપી રાજ્યના હાથમાં જાય તે જોવાને ઈંગ્લાંડ રાજી નથી. વળી બેલ્જીયમના રાજવંશ સાથે ઈંગ્લાંડને સંબંધ છે. જર્મનીનો કયસર અને શ્રીમાન સામ્રાટ જોર્જ પણ પાકા સંબંધી છે, એટલે તે જોતાં પહેલાં સંબંધનો વિચાર બહુ અગત્યનો નથી. રાજખટપટમાં સગાઇ કરતાં સ્વાર્થ વધારે બળવાન ગણાય છે. ઈંગ્લાંડે પોતાના હિતને ખાતર ૧૮૩૯ માં બેલ્જીયમને તટસ્થ બનાવ્યું. અને પાછળથી ફ્રાન્સ અને જર્મનીએ પણ તે સ્વીકાર્યું, ૧૮૭૦ માં ફ્રાન્સ સાથે જર્મનીને યુદ્ધ થયું, ત્યારે બેલ્જીયમના તટસ્થપણાનો ભંગ થવાનો ભય ઉભો થયો હતો, પણ જર્મનીને તેમ કરવું પડયું નહતું. પરંતુ મોરોક્કો વિષે ખટપટ જાગી ત્યારે જર્મની બેલ્જીયમના તટસ્થપણાનો ભંગ કરશે એમ જણાયું હતું અને તે આજે ખરૂં પડયું છે.

બેલ્જીયમનો જુનો ઇતિહાસ જણાવે છે કે, ત્યાં લાંબો વખત શાંતિ રહી નથી. તેના બળવાન પાડોશીઓએ તેને કબજે કરવાનો લોભ રાખ્યો છે અને આજે તે પાડોશીઓ જર્મની અને ફ્રાન્સ છે. જર્મનીના હાથમાં બેલ્જીયમ જાય તો તે પોતાના નૌકાબળથી ઇંગ્લાંડને અને સૈનિક બળથી ફ્રાન્સને દબાવી શકે. કારણ કે બેલ્જીયમ અને ફ્રાન્સની સરહદ વચ્ચે જેવા જોઇએ તેવા નૈસર્ગિક અટકાવો નથી. જર્મનીને ફ્રાન્સમાં દાખલ થતાં અટકાવવાને જે નૈસર્ગિક અટકાવો છે તે મ્યુઝ નદીપર આવેલા લીજ અને નામુરના કીલ્લા અને આર્ડેન્સનું જંગલ અને ટેકરાળ પ્રદેશ છે. આ કિલ્લાઓ જો જર્મની જીતે તો ફ્રાન્સમાં દાખલ થવાનો ઉત્તર તરફનો માર્ગ બીલકુલ ખુલો થઈ જાય છે. પણ બેલ્જીયમે પોતાનાં તટસ્થપણાનો ભંગ કરી ફ્રાન્સપર ધસી જવાનો માર્ગ જર્મનોને ન આપવાથી જર્મનીએ બાજી બદલેલી છે, અને બેલ્જીયમપર પુરતા જોરથી તેણે તા૦ ૩ જી ઓગસ્ટે પગ મુકયો છે, અને અઢાર દિવસના તુમુલ યુદ્ધ પછી તેના ઉપરના સુવિખ્યાત કિલ્લાઓનો નાશ કર્યો છે. એક અંગ્રેજી (કોમનવીલ) પત્રના એક પત્ર લેખક એચ. એમ. બ્રેઈલ્સ ફોર્ડે તા૦ ૨૫ મી સપ્ટેમ્બરના અંકમાં પોતાનો પત્ર પ્રકટ કરેલો જે અત્રેનું એક પ્રસિદ્ધ પત્ર પ્રકટ કરતાં જણાવે છે કેઃ—

"તટસ્થ બેલજીયમ છ મહાન રાજ્યોને મન ખ્રિસ્તીઓના સૈબાથ-રવિવાર જેવું પવિત્ર હતું. ભિન્ન પ્રજાવર્ગીય સ્પર્ધા, ઇર્ષ્યાના શાપથી તેમજ લશ્કરી બોજાથી તે તદ્દન મુક્ત હતું. કોલકરારોથી તેના અખંડીતપણાની જામીનગીરીઓ અવરનવર અપાઈ હતી. એક સાધુ જીવન ગાળતી સ્ત્રીની પવિત્રતાનો ભંગ કરવો અને બેલ્જીયમની તટસ્થતા ભાગવી એ બે બરોબર ગણાતુ હતું. તે સંસ્કૃતિવાળી-સુધરેલી યુરોપી પ્રજાઓના વચનના વિશ્વાસમાં બેલજીયમ ઘોરતું હતું. તેનું આંતર જીવન સમૃદ્ધિવાળું અને ઉજ્જવલ હતું. તેની ખેતીવાડી, ધાતુશોધન, કોલસાની ખાણો, આદિથી યુરોપમાં એક સમૃદ્ધિવાન પ્રદેશ બન્યુ હતું. યુરોપના મહાન વિદ્વાનો, તત્ત્વવેત્તાઓ તેની યુનીવર્સીટીના ફૂળ રૂપે પંકાયા છે.

"હાય? કરારોમાં તેણે મુકેલો વિશ્વાસ આખરે ઉંધો વળી ગયો છે. જર્મન હુમલાએ તેનાં ગામડાં બાળ્યાં, ખેતરોનો ખોડો કહાડી નાખ્યો; અને અનેક ઘવાયલાં તથા મર્ણ પામેલાં માણસોથી તેને છાઇ નાખી તેનું જીવન ઉજ્જડ કરી મુકયું છે. બેલ્જીયનોએ પોતાનું સ્વદેશાભિમાન અનુપમ રીતે દાખવ્યું છે. લીજગઢ આગળ ૧,૨૦,૦૦૦ જર્મનો સામે ૨૫,૦૦૦ થી ૪૦,૦૦૦ બેલ્જીયનો બહાદુરીથી લડયા; ૧૮ દિવસ સુધી ગઢ ટકાવ્યો. આખરે જર્મનોના ૨૦,૦૦૦ માણસો ખપી ગયાં. પણ જર્મનોના પૂરપાટ ધસારા સામે વધુ જોખમ ન ખેડતાં બેલ્જીયનો એન્ટવર્પનું રક્ષણ કરવા ગયા. બચાવ વિનાનું બ્રુસેલ્સ શહેર શત્રુઓને શરણે થયું. આ સુંદર શહેરના લોકોએ જર્મનોના

અપમાનથી મુક્ત રહેવા ઘાતકી અને ક્રોધી જર્મનોને સમજાવ્યા, અને મોં માગ્યાં નાણાં લડાઇના દંડ પેટે કાઢી આપ્યાં; છતાં બેલ્જીયન સ્ત્રીઓ, શાન્ત શહેરીઓ, ગોળી બહાર થયા!! બ્રુસેલ્સ વાશીઓએ રૂ. ૧૨,૦૦,૦૦,૦૦૦ દંડના આપ્યા; લીજવાસીઓએ રૂ. ૩૭,૫૦,૦૦૦ આપ્યા. શું આ વર્ણન નેપોલીયનના સમયના વિગ્રહનું રે, જંઘીસખાન, નાદીરશાહે ચલાવેલી લુંટનું આપણુને ભાન કરાવતું નથી?

જર્મનોએ બેલ્જીયમમાં લુવેન શહેરની યુનીવરસીટી, પુસ્તકાલય, અને દેવળનો નાશ કરવામાં ન માફ થઇ શકે એવો એક ગુન્હો કર્યો છે.

મી૦ એસ્કવીથ તેને માટે જે સખ્ત શબ્દોમાં કહે છે કે:—the greatest crime committed against civilization and culture since the Thirty Years' War, the sack of Louvain, a shameless holocaust of irreparable treasures lit up by blind barbarian vingeance. ત્રીસ વર્ષી વિગ્રહ પછી સુશિક્ષિતપણા અને કેળવણી સામેના કૃત્યમાં સર્વથી ઘોર કૃત્ય તે લુવેન શહેરને બાળી નાંખવાનું છે. જે અંધ જંગલીઓના વેરથી પ્રકાશમાન છે. અને જે પાછા સમારી શકાય નહી તેવા ખજાનાનું બે શરમ બલીદાન છે.

એન્ટવર્પનો અજીત કિલ્લો જેનું બંદર યુરોપની સૂવર્ણ ભૂમી સમાન પૃથ્વીપર પંકાતું હતું તે શહેરને જર્મનીએ જમીનદોસ્ત કરી તેના મજબુત વખણાતા કિલ્લાઓની

સુંદરતાનો નાશ કર્યો છે. અને બીજાં પણ બેલ્જીયમનાં બંદરો સર કર્યાં છે. બહાદુર બેલ્જીયનો મિત્ર રાજ્યોની સાહ્યતાથી હજુ લડે છે, એટલે બેલ્જીયમની પુરેપુરી સત્તા જર્મનો હજુ મેળવી શકયા નથી.

——:o:——

પ્રકરણ ૧૩ મું.

હિન્દની વફાદારી.

નામદાર વાઇસરોયનું જાહેરનામું.

આપણા મહાપ્રતાપી મહારાજા સામ્રાટ જ્યૉર્જે જર્મની સામે લડાઈ જાહેર કર્યાના સમાચાર હિન્દમાં આવતાં આપણા નામદાર વાઇસરોએ તા૦ ૫ મી (ઑગસ્ટ)એ હિન્દના ગેઝેટના વધારા દ્વારા નીચેનો ઢંઢેરો લોકની જાણ માટે પ્રકટ કર્યો છેઃ—

"હુ, પેન્શર્ટનો બેરન હાર્ડીંજ, હિન્દનો ગવરનર જનરલ અને નૌકા ખાતેનો અધિકારની રૂએ વાઇસ એડમીરલ મને મળેલી માહિતીથી સંતોષ પામી, આથી એમ જાહેર કરૂં છું કે નામદાર શહેનશાહ અને જર્મની વચ્ચે વિગ્રહ જાગ્યો છે."

નાo વાઇસરોયના હુકમથી,

એલ. રોબર્ટસન,

સરકારનો સેક્રેટરી.

ના૦ વાઇસરોયનો બ્રિટીશ સરકારને તાર.

ઉપરનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું અને નામદાર વાઇસરોયે બ્રિટીશ સરકારને નીચે પ્રમાણે હિન્દી લોક તરફથી રાજ્યનિષ્ઠાનો તાર કરતાં જણાવ્યું કેઃ—

જો જરૂર પડશે તો હિન્દમાં લશ્કરનો દરેક માણસ હિન્દી યુરોપીયન અને દરેક તોપની મદદ મળશે, એવો ઇંગ્લાંડના લોકોએ વિશ્વાસ ધરાવવો અને કોઈ ઉભો થનારા દુશ્મનને પહોંચી વળવા હિન્દના લોકની રાજ્યનિષ્ઠા ઉપર ઇંગ્લાંડે વિશ્વાસ-પૂર્વક આધાર રાખવો.

દેશી રાજાઓના સહાયતાના વચનના તાર.

બ્રિટીશ તાજને અડગ સહાયતા આપવાના તાર હિન્દ દેશી રાજાઓએ તેમ હિન્દની જુદી જુદી જાતોના આગેવાનોએ કરવા માંડયા. નિઝામ સરકાર અને વિકાનેરના મહારાજાએ પોતાના લશ્કરો હાલના મામલામાં સુપ્રત કરવાનું તથા રાજ્યના સઘળાં સાધનો સાથે પોતે લડાઈ માટે હાજર થવાનું જણાવ્યું છે.

કપરથલાના મહારાજાએ શાહી સરકારને હસ્તક જરૂર પડે ત્યારે પોતાની ઇમ્પીરીયલ ટુકડીઓ સોંપવાની માંગણી કરી છે. આ ઉપરાંત તેમણે પોતાના રાજ્યના સઘળાં સાધનો પુરાં પાડવાની ખુશી દર્શાવી છે. રાજપૂતાનાના રાજાઓએ તારથી હીન્દી સરકારને એમ જણાવ્યું છે કે પોતાની વંશ પરંપરાગત રાજ્યનિષ્ઠા અને સૈનિક જુસ્સાનું દ્રષ્ટાંત દાખ-

વવામાં અમે પછાત પડીશું નહીં. જોધપુરના મહારાજા તથા પાલનપુરના નવાબે પણ અંગત સેવા તથા રાજ્યના સાધનો સરકારને હસ્તક અણીના મામલા માટે મુકવા તત્પરતા દર્શાવી છે, અને એવા તાર કર્યા છે. એવી રીતે હિન્દના બીજા લશ્કરીબળવાળા ઘણા રાજા, મહારાજાઓએ પણ સંદેશા મોકલાવ્યા છે.

માઇસોરના મહારાજાની મોટી મદદ.

નામદાર માઇસોરના મહારાજાએ રૂ. ૫૦,૦૦,૦૦૦ રકમ લશ્કરના સંબંધમાં ખર્ચવાને આપો છે.

સૈનિક સારવાર માટે હિન્દનું ફંડ.

ના૦ વાઇસિરોયની ફંડ માટે અપીલ.

નામદાર વાઇસરોય તરફથી શહેનશાહી "હિન્દી સંકટ નિવારણ ફંડ" ઉઘાડવાના સંબંધમાં ગઈ તા૦ ૧૭ મીએ એવી અપીલ બહાર પાડવામાં આવી હતી કે:—

"બ્રિટીશ સામ્રાજ્યને હાલમાં લડાઇમાં ઉતરવાની ફરજ પડી છે, અને દરીઆ પારના સામ્રાજ્યના રક્ષણાર્થે હિન્દ ખાતેથી ચઢાઇ કરવા માટેનું એક સૈન્ય મોકલવાની તૈયારી કરવામાં આવે છે. આ સૈન્ય મોટું થશે, અને તેમાં આપણી વીર હિન્દી ટુકડીઓ તથા દેશી રાજ્યોની શહેનશાહી ટુકડીઓ પણ જોડાશે. હિન્દમાંથી જે સિપાઇઓ રણક્ષેત્રમાં સીધાવશે, તેમના કુટુંબોમાં દુઃખ ઉત્પન્ન થશે અને દુર્ભાગ્યે કદાચિત તેઓની સ્રીઓને વિધવાઓ

થવાનો અને બાળકોને પિતા વિનાના બનવાનો વારો આવશે. આથી એક મોટા ફંડની આવશ્યકતા છે. એવું એક ફંડ એકત્ર કરવાનાં પગલાં સત્વર લેવા ઇચ્છવા યોગ્ય થઇ પડશે. આ કામ માટે મારી આગેવાની નીચે એક મુખ્ય કમિટી સ્થાપવાની સૂચના થઇ છે. એ કમિટીમાં બંગાળાના ગવર્નર, મદ્રાસના ગવર્નર, મુંબઈના ગવર્નર, સેનાપતિ, મારી કારોબારી કાઉન્સીલના સભાસદો તેમજ અન્ય સ્થાનિક સરકારો અને ખાતાઓના ઉપરી અમલદારો તથા નીચેના દેશી રાજવંશીઓને નિમવામાં આવશે. બિકાનેરના મહારાજા, ભોપાળનાં બેગમ, ગ્વાલિયરના મહારાજા, હૈદ્રાબાદના નિઝામ, ઇંદોર, જેપુર, જોધપુર, કાશ્મિર, કોટા, માઇસોર, પતિઆલા અને ઉદેપુરના મહારાજાઓ સદરહુ મુખ્ય કમિટીની દેખરેખ નીચે એક વહીવટકર્ત્તા કમિટી સ્થાપશે, જેની સ્થાનિક શાખાઓ સ્થાપવામાં આવશે. દેશી રાજકર્તાઓ, ધનિકો, વેપારીઓ તથા હિન્દની યુરોપી અને હિન્દી પ્રજાને અપીલ કરૂં છું કે દરેકે પોતાની શકિત અનુસાર આ ફંડમાં મદદ કરવી અને ખાસ કરીને સામ્રાજ્યની સલામતિ માટે અને સામાન્ય હિત માટે અનેક વિટંબણાઓ સહન કરવાને તથા મૃત્યુ સામે વીરતાથી ટક્કર ઝીલવાને બહાર પડેલાઓ ઉપર આધાર રાખનારા કુટુંબોને લડાઇને લીધે જે સંકટ અને દુઃખ આવી પડશે તેઓના નિવારણાર્થે બનતા પ્રયાસ સેવવા.

શહેનશાહતના હિન્દી સંકટ નિવારણ ફંડમાં, નીચેની બેંકોએ તથા તેમની શાખાઓએ નાણું સ્વીકારવાને કબુલ કર્યું છે, તેથી આ નાણું તેઓ સ્વીકારશેઃ—બંગાળા બેંક (કલકત્તા)

મુંબઈ બેંક (મુંબઈ), મદ્રાસ બેંક (મદ્રાસ) એલાયન્સ બેંક ઓફ સીમલા (સીમલા તથા દિલ્હી). આ ફંડના ખજાનચી તરીકે કામ કરવા માટે સીમલાવાળા સર એ. કેરે કબુલ કર્યું છે, અને મી૦ એફ. ડબલ્યુ જોન્સ્ટન તથા મેજર જોન મેકેંઝીને મદદનિશ સેક્રેટરીઓ તરીકે નિમવામાં આવ્યા છે. આ ફંડને લગતો બધો પત્રવ્યવહાર મેજર જોન મેકેન્ઝી, વાઇસરીગલ લોજ, સીમલાને નામે ચલાવવો."

મુંબઇના ના૦ ગવર્નરની અપીલ.

મુંબઇના નામદાર ગવર્નર લાર્ડ વિલિંગ્ડને ઉપર્યુક્ત ફંડ માટે એવી અપીલ બહાર પાડી છે કેઃ—

"મુંબઈની શાખાવાળા ફંડનો વહિવટ સ્થાનિક કમિટીદ્વારા ચલાવવામાં આવશે, અને તેનો પ્રમુખ હું થઇશ, તથા લડાઇના વખતમાં જે સંકષ્ટ આવ્યા વિના રહેનારજ નથી તેનું કંઇક અંશે નિવારણ કરવાની ધારણા રાખીશ આ ઈલાકાના બધા ભાગોમાંથી તથા સર્વ વર્ગો તરફથી જાતિ સેવા અને ધનની મદદ આપવાની માગણીઓ કરવામાં આવી છે. એ માગણીઓની મોટી સંખ્યા જોતાં મને વિશ્વાસ છે કે, મારી અપીલનો પ્રત્યુત્તર ઉદારતાથીજ અપાશે. લડાઇની અસર બધા શહેરીઓ ઉપર સખ્તપણે થવા પામે છે. પરંતુ ખાસ કરીને ગરીબ જનો ઉપર તે વધુ થાય છે અને તેમાં પણ રણક્ષેત્રમાં ગયલા સૈનિકોના, અને જખમી થયલાઓના સંબંધીઓ ઉપર સવિશેષપણે થાય છે.

તેઓને કંઇક અંશે નિવારણ આપવું, એ કામ વિશાળ પ્રમાણમાં કરવાનું છે. અને આપણે ગમે તેટલું મોટું ફંડ એકત્ર

કરીશું તો પણ તે ઓછું થઇ પડશે. આપણે સર્વ જ્યારે રણમાં જઇને સામ્રાજ્યની સેવા કરી શકનાર નથી ત્યારે આવા દયાના કામમાં સહાય આપીને આપણી સેવા કરી શકીશું. મને આતુર ઇચ્છા છે કે, સેવાની આશાઓ ધરાવતો પ્રત્યેક નાગરિક, પોતાની શક્ત્યાનુસાર આ ફંડમાં નાણાં ભરશે. અત્યાર સુધીમાં જે રકમો મળી છે અથવા જે રકમો માટે કબુલાત અપાઇ છે તેની ટીપ નીચે મુજબ છે. આ ફંડનાં નાણાં માનદ ખજાનચી સર જેમ્સ બેગ્લી ઉપર અથવા તો માનદ સેક્રેટરીઓ ઓન૦ મી૦ ગ્રેહામ અથવા ઓન૦ સર ફાજલભાઇ કરીમભાઇ ઉપર મોકલી આપવાં."

મુંબઇ ઇલાકાની શાખાની ટીપમાં (તા. ૨૭–૧૦–૧૪ સુધી) રૂ. ૨૪૪૩૯૯૯–૧૨–૧૧ ની રકમ ભરાએલી છે.

લડાઇ ફંડ માટે સ્ત્રીઓની સભા.


લડાઇ ફંડને માટે આપણા ગવરનરનાં પત્નિ લેડી મેરી વિલિંગ્ડન તરફથી મુંબઇની સ્ત્રીઓની એક મોટી સભા તા૦ ૨૧–૮–૧૪ શુક્રવારે સાંજના પાા વાગે અત્રેના ટાઉન હોલમાં બોલાવવામાં આવી હતી. આ સભામાં "વિમેન્સ બ્રેંચ ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી, વોર એન્ડ રિલિફ ફંડ" એ નામનું ફંડ ઉઘાડવામાં આવ્યું જે ફંડમાં તા. (૨૮–૧૦–૧૪ સુધીમાં) રૂ. ૨૧૬૭૫૧ ભરાયા છે તથા બીજી ઉપયોગી વસ્તુઓનો મોટો જથો મળ્યો છે.

તાજ તરફ મક્કમપણે વફાદારી અને રાજ્યભક્તિની લાગણી પ્રદરશીત કરવા તા૦ ૧૭ મી ઑગષ્ટ ૧૯૧૪ ના દિને સાડા પાંચે ટાઉન હોલમાં મુંબઇના રહેવાશીઓની એક જાહેર સભા મુંબઇના શેરીફ તરફથી ભરવામાં આવી હતી. તેમાં બ્રિટીશ રાજ્ય પ્રત્યે વફાદારી બતાવનાર ઘણાં ભાષણો થયાં હતાં. આ સિવાય આખા હિન્દુસ્તાનમાંના દરેક રાજા, રજવાડા કે દરેક દરેક ન્યાતજાતે પોતાની બ્રિટીશ શહેન-શાહત પ્રત્યેની વફાદારી પ્રદરશીત કરવાના તારો નામદાર વાઇસરોય અને નામદાર વીભાગી ગવરનરો ઉપર મોકલી આપ્યા છે જેનો તે નામદાર તરફથી દરેકને યોગ્ય પ્રત્યુત્તર આપવા તજવીજ થઈ છે.

હિન્દી પ્રજા બ્રિટીશ રાજ પ્રત્યે વફાદાર છે અને લડાઈમાં બ્રિટીશ શહેનશાહને પોતાનું સર્વસ્વ સમર્પણ કરવા એક પગે તૈયાર છે.

God Save Our Gracious King.

રાજ્ય કર બ્રિટાનીયા.



પ્રકરણ ૧૪ મું.

પાર્લામેન્ટમાં હિન્દની પ્રશંસા.

ગઇ તા૦ ૯ મી (સપ્ટેમ્બર)એ આમની સભામાં મદદનિશ હિન્દી પ્રધાન મી૦ ચાર્લ્સ રોબર્ટસે હિન્દના નામદાર વાઈસરાય તરફથી મળેલો એક અગત્યને। હેવાલ વાંચ્યો હતો. એ સંદેશાથી સભામાં ઉત્સાહ વ્યાપી રહ્યા હતો, અને હિન્દી રાજનિષ્ઠાની ખરેખરી નોંધ લેવાઇ હોય તે પ્રમાણે વાંરવાર તાળીયોના ગગડાટ થઇ રહ્યા હતા. ના૦ વાઇસરોય તરફના હેવાલને। સાર નીચે પ્રમાણે હતો :—

રાજાઓનું સર્વસ્વ સમર્પણ.

હિન્દમાં ના૦ વાઇસરોયને નાણાં માટે, અંગત સેવાઓ માટે તથા બીજા પ્રકારની મદદો માટે નીચેની માગણીઓ કરવામાં આવી હતી. હિન્દના દેશી રાજકર્ત્તાઓ જેમની સંખ્યા લગભગ ૭૦૦ ની છે તે સર્વે સામ્રાજ્યના બચાવ માટે બહાર પડયા છે તેમણે પોતાની અંગત સેવાઓ તથા પોતાના રાજ્યનાં સાધને। અર્પણ કરવાની માગણી કરી છે. જે અનેક રાજાઓ અને અમીરોએ લડાઈમાં જવાની ખુશી બતાવી છે, તેમાંથી વાઈસરાયે જોધપુર, બિકાનેર, કિશનગઢ, રતલામ, સચીન, અને પતીયાલાના રાજાઓ, જોધપુરના કામચલાઉ રાજકર્ત્તા સર પ્રતા-

પસિંહ, ભોપાલના પાટવી કુમાર અને કુચબિહારના મહારાજાના એક ભાઇને તથા અમીરી કુટુંબોમાંથી લશ્કરી નોકરીમાં જોડાયેલા કેટલાક "કેડેટો" ને પસંદ કર્યા છે. બહાદુર સર પ્રતાપ સિંહ જો કે ૭૦ વર્ષની વયના છે તોપણ ના. શહેનશાહની સેવામાં જવાનો પોતાનો હક્ક છોડવાની ના પાડી બેઠા છે અને તેમનો ૧૬ વર્ષની ઉમરનો નાનો ભત્રીજો પણ તેમની સાથે જનાર છે. સર્વે જણાઓ સેનાધિપતિની પ્રસંદગીથી હિન્દથી જતા ચઢાઈના લશ્કરમાં અત્યાર પહેલા જોડાઇ ચુકયા છે.

ગ્વાલિઅરના મહારાજા સિંધિયા, જાવરા તથા ધોલપુરના રાજકર્ત્તાઓ અને પાલનપુરના પાટવી કુમારને પોતાની ભારે દીલગીરી સાથે પોતાનું રાજ્ય છોડીને બહાર નીકળવા દીધા નથી. મોટાં દેશી રાજયોમાંનાં ૨૭ રાજયો પાસે સામ્રાજયની સેવા માટે ખાસ લશ્કરો છે. અને તે સર્વ લશ્કરો લડાઇની શરૂઆતથીજ હિન્દી સરકારની સેવામાં અર્પણ થયલાં છે. ના. વાઇસરોયે તેમાંથી ૧૨ રાજયો પાસેથી ઘોડેસ્વાર, પાયદળ અને ના. બિકાનેર તરફના ઉંટોની ટુકડી, એ સર્વ સ્વીકાર્યાં છે. અને તે અત્યાર પહેલાં વહાણો ઉપર ચઢી ચુકયાં છે. દેશી રાજાઓનાં ઔદાર્ય અને દૃઢ રાજનિષ્ઠાના ખરા પુરાવા તરીકે નીચેની બાબતો જાહેર કરી શકાશે. જુદાં જુદાં રાજયોએ એકત્ર થઈને ચઢાઇ ઉપર જતાં લશ્કરોના ઉપયોગ માટે "રાજનિષ્ઠા" એ નામનું હોસ્પિટલની સગવડવાળું એક વહાણ સરકારને ભેટ આપ્યું છે. માઇસોરના મહારાજાએ પચાસ લાખની રકમ લશ્કરના સંબંધમાં ખર્ચવાને આપી છે. ગ્વાલીઅરના રાજાએ પણ કેટલાક ઘોડાઓ આપ્યા છે.

રેવાના મહારાજાએ] પોતાના રાજની ત્રીજોરી તેમજ પોતાનું ખાનગી ઝવેરાત પણ ના. શહેનશાહની સેવામાં અર્પણ કરવા જણાવ્યું છે. કાશ્મીરના મહારાજાએ ઇમ્પીરીઅલ ફંડમાં નાણાં આપ્યાં છે અને પ્રજામાંથી વધુ નાણાં ઉઘરાવે છે. નીઝામની સરકાર અને જામનગરના જામની પણ નાણાંની મદદ મળી છે. એ ઉપરાંત ઘણાં રાજ્યો તરફથી સમભાવ અને રાજનિષ્ઠાના અસરકારક પત્રો મળ્યા છે. હિન્દી સરહદ ઉપરના નેપાલના મહારાજા તરફથી પણ મદદ મળી છે. એ સ્ટેટના લશ્કરીઓ તેમજ તેના વડા પ્રધાને રૂ. ૩ લાખ બ્રિટીશ અને ગુરખા ટુકડીઓ માટે તોપો ખરીદવાને આપ્યા છે. ટીબેટના ડલાઇલામાએ પણ એક હજાર ટીબેટીયન લશ્કરીઓ સરકારની સેવા માટે આપ્યા છે. બ્રિટીશ હિન્દમાં પણ આજ પ્રકારનો જુસ્સો વ્યાપી ગયેલો છે.

હિન્દનાં ઘણાં સ્થળોએથી સેંકડો કાગળો અને સંદેશાઓ ના. વાઇસરોયને મળેલા છે, અને સર્વમાં બ્રિટનના જયની શુભેચ્છા દર્શાવી છે.

અનુપમ રાજનિષ્ઠા.

મી. રોબર્ટસે વધારામાં જણાવ્યું કેઃ—જે કેટલાક રાજાઓ હાલમાં યુરોપમાં છે તેમણે પણ આવીજ માગણીઓ કરી છે. વડોદરાના ગાયકવાડ અને ભરતપુરના મહારાજાએ પોતાનાં રાજ્યનાં સાધનો સરકારની સેવામાં મુકયાં છે. ઇંગ્લાંડમાં વસતા હિન્દીઓ, હિન્દી વિદ્યાર્થીઓ વગેરેએ પણ પોતાની રાજનિષ્ઠાભરેલી માગણીઓ જાહેર કરી છે. છેવટે મી. રોબર્ટસે કહ્યું કે—મને વિશ્વાસ

છે કે યુરોપને ખાતર હિન્દના લોકો અને તેના રાજાઓએ રાજનિષ્ઠાની જે અનુપમ પ્રકારની માગણીઓ કરી છે તે માટે ખરેખર આ સભાને અને આ દેશને ઘણોજ આનંદ થશે.

ના. વાઇસરોયનો ઉપરનો રિપોર્ટ ઉમરાવોની સભામાં વંચાઇ રહ્યા બાદ લૉર્ડ ક્રુએ જણાવ્યું કે:—

નામદાર શહેનશાહ તથા સરકાર તરફની શુદ્ધ અંતઃકરણ પૂર્વકની આ રાજ્યનિષ્ઠાનો દેખાવ, હાલની લડાઈમાંના એક સંતોષકારક બનાવ સમાન છે. સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનો તરફની મદદ ઘણી અસરકારક છે. હિન્દમાંની જુદી જુદી કોમો કે જે ન કહી શકાય એવા અસલના સુધારાઓના પ્રતિનિધિઓ જેવી છે અને જે કોમો હથીઆરો, હુન્નરો અને રાજ વહીવટના શાસ્ત્રમાં પ્રવિણ છે, તેઓ આમ અંતઃકરણપૂર્વક બ્રિટીશ સરકારની આસપાસ અને ખાસ કરીને ના. શહેનશાહની આસપાસ એકત્ર થઇ છે, તેથી મારી ખાત્રી છે કે આ સભા તરફથી જેઓને બોલવાનો હક છે તેઓ મારફત એ કોમોની વલણની કદર કરવાની અને તેઓએ ભજવેલા ભાગનો સ્વીકાર જાહેર કરવાની આ સભા ઇચ્છા રાખશે.

લોર્ડ લેન્સડાઉને જણાવ્યું કે આપણે મદદની માગણીઓની અજાયબ પમાડે એવી હાર કટાર જોઇ છે. આ બીના શહેનશાહના ઇતિહાસમાં ખાસ અગત્યની છે. એ પછી લોર્ડ લેન્સડાઉને ઘણા રાજાઓને પોતાની અંગત ઓળખાણવાળા જણાવ્યા હતા. સર પ્રતાપસીંગને તેમણે પોતાના એક જુના મિત્ર તરીકે

જણાવ્યા હતા. અને વધુમાં કહ્યું કે:-આપણે નેપાલની સરકારના આભારી છીએ. કેમકે તેની મદદ અને તેની મંજુરીથી આપણે ગુરખાઓનું એક બલવાન લશ્કર ઉભું કરી શકયા છીએ. લોર્ડ લેન્સડાઉને છેવટે ના. વાઈસરોયને ધન્યવાદ આપ્યો હતો, કે જે વખતે તેઓ આગળના વિચારો કરવા બેસશે ત્યારે હિન્દી પ્રજાનો જવાબ તેમને ઉત્સાહ અને દિલાસો આપનાર નીવડશે.

લોર્ડ કર્ઝનની હિન્દ માટેની આશાઓ.

ગ્લાસગો ખાતે એક સભામાં ભાષણ કરતાં લોર્ડ કર્ઝને જણાવ્યું હતું કે:—

વાઈસરોયનો સંદેશો ઘણા જમાનાઓ સુધી પાર્લામેંટમાં રજુ થયલા એક ઘણાજ અગત્યના ખરીતા માફક જળવાઇ રહેશે. તેણે આશા બતાવી હતી કે–હિન્દી લશ્કર મરતાં સુધી લડશે એમ હું માનું છું. બંગાળાના લાન્સર્સને બર્લીનના મહેલ્લાઓમાં જોવાની અને ગુરખાઓને પોસ્ટડેમના બાગમાં વિશ્રાન્તિ લેતા જોવાની હું ઇચ્છા રાખું છું.

હિન્દ માટે ઇંગ્લાંડમાં ફેલાયલો ઉત્સાહ.

ના. વાઈસરોય તરફથી ગયલા સંદેશાને ઈંગ્લાંડના લોકોએ આશ્ચર્ય અને પ્રશંસાની લાગણીથી વધાવી લીધો છે. ઘણાં છાપાંઓ મુખ્ય મુખ્ય હિન્દી રાજાઓના ફોટોગ્રાફો પ્રકટ કરે છે. અને હિન્દી લશ્કરને યુરોપીઅન લશ્કર સાથે સરખાવે છે "ડેલીમેલ પત્રે વાઈસરાયના સંદેશા સબંધમાં લખેલા લેખનું મથાળું" "A day worth living for" એવું

કરેલું છે. "ટાઇમ્સ" જણાવે છે કે—આમની સભા ઉપર વાઇસરોયના સંદેશાએ જે અસર કરી હતી તે ભાગ્યેજ બીજી કોઈ વેળાએ થઈ હશે. હિન્દના અભિમાન લેવા જોગ રાજાઓ તરવાર સાથે રણક્ષેત્રમાં જઇને ઉભા છે, એજ હિન્દુસ્તાનનો કયસરને કીર્તિભર્યો જવાબ છે. મોર્નીંગપોષ્ટ જણાવે છે કેઃ—ના. શહેનશાહની કીર્તિમાં તે નામદારની બધી પ્રજા ભાગ લે છે.

હિન્દી લશ્કરનો યુરોપમાં સ્વિકાર.

માકર્વીસ ઓફ ક્રુએ હિન્દી લશ્કરના સંબંધમાં કેટલોક ખુલાસો કર્યો હતો. તેમણે જણાવ્યું કે—સરકાર ઉપર એવી સારી અસર થઇ છે કે હિન્દમાં સ્થળે સ્થળે રાજ્યભક્તિ અને ઉત્સાહનાં અજબ મોજાંઓ ઉભરી નીકળ્યાં છે. તે ઘણે ભાગે બ્રિટીશ લશ્કરમાં હિન્દી સૈનિકો પોતાના મિત્ર સાથે ઉભા રહીને લડે એવું જોવાની હિન્દી પ્રજાની ઈચ્છાને લીધે છે. ફ્રાન્સ તરફથી આફ્રિકન લશ્કરનો ઉપયોગ કરવામાં આવે છે એ હિન્દ જાણે છે અને તેથી જો હિન્દીઓને આ લડાઇમાં ભાગ લેવા દેવામાં ન આવે તો તેઓને નિરાશા ઉપજશે. આ રીતે લશ્કરમાં એવા સૈનિકોનો વધારો થશે કે જેઓ ઉન્નત આત્માવાળા અને પહેલા વર્ગની કવાયદ પામેલા છે. અને મને ખાત્રી છે કે તેઓ પોતાનું સૌથી ઉત્તમ બળ આ લડાઈમાં બતાવશે. હિન્દી સરહદનું બીજી ટુકડીઓથી મદદથી રક્ષણ કરી લેવામાં આવશે, અને મને આશા છે કે જે ઉત્સાહ હિન્દના બધા વર્ગો અને જાતિઓમાં પ્રવર્તેલો છે તેથી અંદરની ચળવળ તદ્દન અશકય બનશે.

— —:0:— —



स्वदेशाभिमानी फ्रेंचबालक
' शत्रूनी गर्दन कापनार ! '



जर्मन पलटणमां दाखल थयेलां
स्वदेशाभिमानी जर्मन बालको.

ब्रिटिश शाहानशाहततरफथी जर्मनी साथे लढती शीख सेना.



પ્રકરણ ૧૫ મું.

યુરોપ રણસંગ્રામમાં હિન્દી સૈનીકો.

પ્રેસ મંડલીને જાહેર કરવાની રજા મલી છે કે, હિન્દી લશ્કર ફ્રાન્સમાં ઉતર્યું છે. લંડનથી જણાવવામાં આવે છે કે, ના. શહેનશાહના હિન્દી લશ્કરને લઇને જ્યારે વહાણો ફ્રાન્સના કીનારે આવી પહોંચ્યાં ત્યારે ઇતિહાસમાં એક નવું પાનું ઉઘાડયું હતું. દિવસ ખુલ્લો અને સુંદર હતો. અને પાઘડીઓની લાંબી હારો વિસરી શકાય નહીં એવું ચિત્ર રજુ કરતી હતી. આખા શહેરમાં ઉત્સાહ ફેલાઇ રહ્યો હતો, અને જ્યારે શીખ સિપાઇઓ સાથે આ લશ્કર શહેરમાંથી પસાર થયું ત્યારે લોકો ઘણા હર્ષમાં આવી ગયા હતા. શીખો, ગુરખાઓ, પંજાબીઓ, બલુચીઓ, અને રત્ન જડીત મુકટોવાળા હિન્દી રાજ કુમારોનો દેખાવ હૃદય હલમલાવે તેવો હતો. લોકોની ઠઠ રસ્તામાં, મકાનોની બારીઓમાં અને અગાશીઓ તથા કઠેરાઓમાં એકઠી થઇ હતી, અને હિન્દીઓને ફ્રેન્ચોએ તાળીઓના ગગડાટોથી વધાવી લીધા હતા. તેઓ ઉપર પુષ્પ વૃષ્ટિ પણ કરવામાં આવી હતી. વળી તેઓના પોષાકોમાં ફુલો અને ત્રિરંગી વાવટો ખોસવા માટે તથા તેમના હાથ હર્ષથી દાબવા માટે લોકો આગલ વધ્યા હતા અને બલુચીઓ

જ્યારે "લા મારસેલીસ" નું ગીત વગાડતા પસાર થયા ત્યારે ઉત્સાહ હદ ઉલ્લંઘી ગયો હતો. સૈનીકોનાં હસતાં મોઢાંથી જણાતું હતું કે તેઓ પોતાને મળેલા આ ભવ્ય આવકારથી ખુશી થયા હતા. તેમને શુદ્ધ મિત્રતાભર્યો આપવામાં આવેલો આવકાર સૈનીકોની ધીરજ, સહનશિળતા, તેમનું કૌશલ્ય અને લડાયક સામગ્રીઓ માટેના આદરને આભારી હતો. આ લશ્કર પાસે દરેક પ્રકારની લડાઇને લગતી સામગ્રી હતી.

આ સંબંધમાં "ડેલી ટેલીગ્રાફ" જણાવે છે કે અંગ્રેજોને તેમની પ્રજામાં અભિમાન લેવાનું હોય તો તે આજ વખત છે કે જે વખતે હિન્દી સામ્રાજ્યના સૈનીકો, દરીઆ પાર પાંચ હજાર માઇલ દુરના આપણા વિગ્રહમાં ખુશીથી લડવાને આવ્યા છે.

હિન્દી લશ્કરને નામદાર શહેનશાહનો સંદેશો.

પાયોનીયરનો લંડન ખાતેનો ખબરપત્રી તા. ૨ જીએ તાર મારફત જણાવે છે કેઃ—નામદાર શહેનશાહે હિન્દી સૈનિકો જોગ એક સંદેશો મોકલ્યો છે જેમાં તે નામદાર જણાવે છે કે "મારા બધા હિન્દી સૈનિકો ઉપર મને વિશ્વાસ છે કે એક લડાઇખોર અને ક્રુર શત્રુ સામે બ્રિટીશ રાજ્યની કીર્તિ તમે જાળવશો. મારા વિર અને રાજ્યનિષ્ઠ હિન્દી સૈનિકો આ પવિત્ર વિશ્વાસનું કામ સામ્રાજ્યના બધા ભાગોમાંના પોતાના

મિત્રોની સાથે મળીને પરિપૂર્ણ કરવા માટે કેવી ત્વરાથી બહાર આવ્યા છે તે હું જાણું છું. તમારે ખાત્રી રાખવી કે, અહર્નિશ મારી ઇશ્વર પ્રાર્થનામાં તથા બીજા વિચારો વખત, તમને હું યાદ કરીશ. હું તમને આજ્ઞા કરૂં છું કે આગળ વધો, અને મારા હિન્દી સૈન્યની જે કીર્તિ તમારે હાથ છે તેમાં પરાક્રમ, હિમ્મત તથા નિર્બળને સહાય આપવાના સદ્‌ગુણોથી વધારો કરો.

વળી હિન્દથી ઇંગ્લાંડ ગયેલા હિન્દી લશ્કર ઉપર તે નામદારે એવો સંદેશો મોકલાવ્યો છે કે, "મારા સૈનિકો, તમારી ઉપર મને સંપૂર્ણ વિશ્વાસ છે. ધર્મ એ તમારો મુદ્રા લેખ છે અને હું જાણું છું કે તમે તમારો ધર્મ ઉત્તમ રીતે બજાવશો."

—:o:—

પ્રકરણ ૧૬ મું.

યુરોપી યુદ્ધમાં બંધાએલા મહારાજ્યોના બે પક્ષ.

યુરોપમાં વર્તમાન ચાલતી લડાઇમાં એક પક્ષમાં સરવીયા, ફ્રાન્સ, રશિઆ, બેલ્જીયમ અને ઇંગ્લાંડ છે, ત્યારે સામા પક્ષમાં આસ્ટ્રિયા અને જર્મની છે. વળી તુર્કી અને બ્રિટીશ વચ્ચે લડાઇ જાહેર થયાના સમાચાર તા. ૨ જી નવેમ્બરે સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ થયા છે; ત્યારે યુરોપનાં બીજાં

રાજ્યો ઇટાલી, હોલાંડ, સ્પેન અને પોર્ટુગાલ ફકત આ લડાઇથી અત્યાર સુધી હજી તટસ્થ રહ્યાં છે.


વર્તમાન લડાઇથી તમામ યુરોપી ભૂમિમાં સર્વ સ્થળે દવ લાગી રહ્યો છે. એક બાજુ રશિયાએ સરવીયાની વ્હારે ચઢી જર્મની અને આસ્ટ્રિયાની સામે થઇ યુરોપનું પૂર્વ રણક્ષેત્ર ધ્રુજાવી મુકયું છે, ત્યારે બીજી તરફ બેલ્જીયમની સ્વતંત્રતા સાચવવા અને ફ્રાન્સનું રક્ષણ કરવા બહાદુર બ્રિટીશ સરકાર મિત્ર રાજ્યોની સાથે મળી યુરોપની પશ્ચિમ રણભૂમીમાં જર્મન શત્રુને હંફાવે છે. આ તુમુલ યુદ્ધથી પૃથ્વીપરના તમામ દેશો વ્યાપાર સંબંધમાં હલમલી ગયા છે.

બ્રિટન સાથે કરારથી બંધાએલું જાપાન પણ બ્રિટન તરફે તૈયાર થયું છે. અને તેણે ચીનના કીયાંઉચાંઉમાંથી જરમનોને હાંકી કહાડવા લડાઇનો આરંભ કરી દીધો છે. વળી આફ્રીકામાં વસતા જર્મનો અને બ્રિટનો વચ્ચે પણ સળગી છે; ત્યારે કેનેડા અને હિન્દના તમામ રાજારજવાડાએ પોતાના તરફથી તન, મન અને ધનથી મદદ આપી બ્રિટીશ સરકાર પ્રત્યે પોતાની વફાદારી પ્રદર્શીત કરી છે.

આપણા નામદાર પ્રીન્સ ઓફ વેલ્સ લડાઈમાં જોડાયા છે. ત્યારે આપણા પ્રજાપ્રિય નામદાર વાઈસરોય લોર્ડ હાર્ડીંજ ના પુત્ર લેફ. ઓ. ઇ. સી. હાર્ડીંજ પણ લડાઇમાં સામેલ થયા

છે. તેઓને યુદ્ધમાં ભારી જખમ થયો છે, હાલ તબીયત ઠીક છે. વળી આપણા હિન્દના કેટલાક દેશી રાજાઓ પણ બ્રિટીશ સરકારની તરફે યુરોપી રણભૂમિમાં જર્મનો સામા લડવા પોતાના લશ્કર સાથે અત્રેથી જઈ ચુકયા છે.

આપણા મુંબઇના માનવંતા ગવર્નર નામદાર લોર્ડ વેલીંગ્ડનના પુત્ર લેફ. ધી. એન. જીરાલ્ડ ફ્રેમેન ટોમ્સ પણ બ્રિટીશ સરકારના લશ્કરમાં જોડાયા છે. દીલગીર છીએ કે આ તુમુલ યુદ્ધમાં તેઓ નામદાર ઘાયલ થઇ દુશ્મનોના હાથમાં સપડાયા છે; જેઓએ તેમને કેદ કર્યા છે. ત્યાં તેમની તબીયત સુધરતી જાય છે એવા સમાચાર મળ્યા છે. પ્રભુ નામદાર બ્રિટીશ સરકારની જલ્દી ફતેહ કરે એવી અમારી નમ્ર પ્રાર્થના છે.



પ્રકરણ ૧૭ મું.

વિગ્રહમાં બે રાજ્ય નૈતિક પક્ષના સૈન્યબળની સમજ.

આગળના પ્રકરણોમાં નામદાર સર એડવર્ડ ગ્રેના ભાષણમાં આપણે વાંચી ગયા કે યુરોપમાં બે રાજ્યનૈતિક સમુહો બંધાયા છે. એક ત્રેખડી મિત્રાચારી (Triple Alliance) અને બીજો ત્રેખડો મુસદ્દી સંબંધ (Triple Entente) આ બંનેમાં ત્રેખડા મુસદ્દી પક્ષમાં રશિયા, ફ્રાન્સ અને ગ્રેટબ્રિટન છે. ત્યારે ત્રેખડી મિત્રાચારીવાળા પક્ષમાં જર્મની, આસ્ટ્રિઆ અને ઇટાલી છે. વર્તમાન વિગ્રહમાં ઇટાલી તટસ્થ રહેલું છે. સિવાયના પક્ષકારો તેમના તથા તેમના સંબંધવાળા રાજ્યોના બળથી એકત્ર થઇ હાલ લડે છે. આ બળ નીચે પ્રમાણે છેઃ—

સૈન્યબળ.

(From Daily Mail War Map.)

		સુલેહ વખતે.	વિગ્રહ વેળા પાયદળ, તોપખાનું વગેરે.
ત્રેખડા મુસદ્દી પક્ષ	રશિઆ ..	૧૩૫૦૦૦૦	૫૦૦૦૦૦૦
	ફ્રાન્સ ...	૬૪૫૬૪૪	૪૦૦૦૦૦૦
	ગ્રેટબ્રિટન ...	૧૬૯૫૦૦	૩૮૦૦૦૦
ત્રેખડી મિત્રાચારી	જર્મની ...	૭૯૦૯૮૫	૫૦૦૦૦૦૦
	આસ્ટ્રિઆ.	૪૨૪૨૫૮	૨૫૦૦૦૦૦
	ઇટાલી (તટસ્થ)	૩૦૪૬૭૨	૨૦૦૦૦૦૦

નૌકાબળ.

	ડ્રેડનોટસ	બીજાં લડાઈનાં વહાણ.	ક્રુઝરો.	ટોરપીડો બોટ ડીસ્ટ્રોયરો.	સબમરીન	ખલાસી
ગ્રેટબ્રિટન	૨૯	૩૮	૧૧૨	૨૦૧	૬૯	૧૫૧૦૦૦
ફ્રાન્સ	૪	૧૭	૩૨	૮૦	૫૦	૭૦૦૦૦
રશિયા	(તૈયાર થયેલી નથી)	૮	૧૪	૯૫	૨૫	૫૫૦૦૦
જર્મની	૨૦	૧૯	૫૨	૧૩૨	૨૪	૭૯૦૦૦
આસ્ટ્રિયા	૩	૧૧	૧૧	૧૫	૬	૨૦૦૦૦
ઇટાલી	૪	૫	૨૩	૩૦	૧૮	૩૭૦૦૦

☞ બ્રિટીશ સુપરડ્રેડનોટો ૧૩ા ઇંચના વ્યાસ-મોઢાની કે તેથી વધારે માપની તોપો ધરાવે છે. કેટલીક તો ૧૫ ઇંચના મોઢાવાળી તોપો છે. જર્મનો આવી ત્રણજ તોપ ધરાવે છે. બાકીની તેની તોપ ૧૨-૧૧ ઇંચમા વ્યાસની છે.

વિમાનો. / મોજુદ લડાઇનાં ફંડ.

	(એરશિપ્સ) હવાઇ વહાણો.	એરોપ્લેન અને સીપ્લેન.	મોજુદ લડાઇનાં ફંડ.	
ફ્રાન્સ... ...	૧૧	૫૦૦	૧૮૯૭૬૧૦૦૦	પાઉન્ડ.
ગ્રેટબ્રિટન ...	૮	૨૫૦	૩૮૧૩૨૦૦૦	,,
રશિયા ...	૪	૫૦૦	૧૬૭૩૧૪૦૦૦	,,
જર્મની... ...	૨૦	૫૦૦	૮૩૪૪૧૦૦૦	,,
આસ્ટ્રિયા ...	૩	૧૦૦	૬૪૧૬૬૦૦૦	,,
ઈટાલી... ...	૯	૧૫૦	૪૮૬૦૧૦૦૦	,,

બીજાં યુરોપી રાજ્યોનું સૈન્ય.

રૂમાનિઆ,	સ્પેન,	બલગેરીઆ,	તુરકી,	સરવીઆ,	બેલ્જીયમ,	હોલેન્ડ,	મોન્ટીનીગ્રો.
૭૦૦૦૦૦,	૬૦૦૦૦૦,	૫૫૦૦૦૦,	૫૦૦૦૦૦,	૩૦૦૦૦૦,	૩૦૦૦૦૦,	૧૭૫૦૦૦,	૩૦૦૦૦

હાલની લડાઇના કામમાં ઉપયોગમાં લેવાતાં સાધનોની સમજ.

સૈન્યના વિભાગદર્શક શબ્દોની સંખ્યાની સમજ.

એક બ્રિટીશ ઘોડેસ્વાર 'ડીવીઝન'—૩ રીજમીટોની બનેલી એક બ્રીગેડ એવી ૪ ઘોડેસ્વાર બ્રીગેડો, ૨ ઘોડાથી ખેંચાતી તોપોની બ્રીગેડો, ૪ ઇજનેરી ટ્રુપ્સ, ૧ નિશાન દર્શાવનાર 'સ્કવોડ્રન', ૧ ઘોડેસ્વાર ટ્રેઇન, ૪ રણસંગ્રામમાં સારવાર કરનારી ટોળીઓ. આ સમગ્ર ખાતામાં ૪૮૬ અમલદાર, ૯૪૧૦ બીજી કેટલીક પાયરીના, ૧૦૧૯૫ ઘોડા અને ૨૪ તોપો હોય છે.

એક બ્રિટીશ પાગા 'ડીવીઝન'—૪ બટેલીયનોની-૧ બ્રીગેડ એવી ૩ પાગા બ્રીગેડો, ૪ રણમાં વપરાતી તોપોની ૪ બ્રીગેડો (૧ હાઉઝીટર્સ), ૧ ભારે બેટરી, ૧ દારૂગોળાની ટુકડી, ૨ ઇજનેરોની ટોળીઓ, ૧ નિશાન દાખવનાર કંપની, ૧ ઘોડેસ્વાર સ્કવોડ્રન, ૧ હવાઇ વિમાનનું સ્કવોડ્રન, ૧ પાગા ટ્રેઇન, ૩ રણમાં સારવાર કરનારી ટુકડીઓનો બનેલો હોય છે. આ સમગ્ર ખાતામાં ૫૯૮ અમલદારો, ૧૮૦૭૫ બીજી કેટલીક પાયરીઓવાળા, ૬૧૯૨ ઘોડાઓ, ૨૬ તોપો હોય છે.

એક ઘોડેસ્વાર રીજમીટ—આમાં ૨૫ અમલદારો, ૫૩૭ બીજી પાયરીઓવાળા, ૫૯૨ ઘોડાઓ હોય છે. આની ૩ સ્કવોડ્રનો બનેલી હોય છે. એક સ્કવોડ્રનમાં સામાન્ય રીતે ૧૨૦ થી ૨૦૦ માણસો છે.

એક પાગા બટેલીયન—આમાં ૨૯ અમલદારો અને ૯૯૫ બીજી પાયરીઓવાળા હોય છે. તે સર્વની ૮ કંપનીઓ બને છે. એક કુંપની એક કેપટનના નાયકપદે હોય છે, અને તેમાં ઘણુંખરૂં ૧૦૦ માણસો હોય છે. એક ટ્રૂપમાં સામાન્ય રીતે ૬૦ માણસો હોય છે. ૨ કે વધારે રીજમીટોની બ્રીગેડ ગણાય છે, ૧૦ કુંપનીઓની એક રીજમીટ ગણાય છે.

અગ્ન્યાસ્ત્રો.

મશીનગન—યાંત્રિકશકિત પોતાની મેળે ફુટતી રાઇલ જાતની પણ નાની તોપ શત્રુ થોડા અંતર ઉપર હોય છે, અને દ્વંદ યુદ્ધ કરવાનો વખત આવી પહોચે છે, ત્યારે આ શસ્ત્ર કેર વરતાવે છે.

હોર્સ આર્ટિલરીગન—(ઘોડાવડે ખેંચાતી તોપો). અને ફીલ્ડગન (મેદાની તોપો). છેલ્લા ધસારા વખતે આ રણક્ષેત્રની તોપો શત્રુનો છેવટનો ટકાવ તોડી પાડે છે.

ધી ફીલ્ડ આર્ટીલરી હોવીટઝરો—(રણક્ષેત્ર તોપખાનાની હોવીટઝર) આ તોપ નાની હોયુ છે. તે સુહેલાઇથી લઇ જઇ શકાય છે. ઉંચા ખુણાથી તે મોટા ભારે ગોળા નાખી શકે છે.

મેદાનતી ભારે હોલટઝરો—૫૦૦ રતલી ગોળા ફેંકી શકે છે.

હેવી આર્ટિલરી—(ભારી તોપખાનું) ફીલ્ડગનનો ઉપયોગ જ્યાં થઈ શકતો નથી ત્યાંજ પહેલાંથી આ તોપનો ઉપયોગ કરે છે. રક્ષીત ઘરો તોડી પાડવા તથા શત્રુને મેદાનથી ભગાડવામાં આ તોપ વાપરે છે.

પહાડી તોપખાનું—હલકું પણ ગોળા ભારે ફેંકે છે, ટેકરાળ વિભાગોમાં તેનો સારો ઉપયોગ કરે છે.

શાર્પનેલ ગોળા—યાંત્રિક તોપો કે જેમાં બંદુકનો દારૂગોળો વપરાય છે, તે સિવાયની બીજી બધી તોપોમાં માણસને મારનાર (શાર્પનેલ) વપરાય છે. લશ્કરને મારી નાંખવા અથવા અશકત કરવાને શાર્પનેલ વાપરવામાં આવે છે. આ ગોળો એક દિવાલ તોડીને પહેલાં ધુસી જાય છે. અને અંદરથી પછી ગોળામાંથી ૨૦૦ નુકસાનકારક છરાઓ ફાટે છે. તેથી ઘેરાયલા લશ્કરને બહુજ નુકસાન થાય છે. ગોળા અંદર અનેક નાના નાના ગોળાઓ તથા જ્વાળાગ્રાહી પદાર્થો હોય છે. આ ગોળા ફોડયા પછી તે થોડા વખત પછી ફાટે છે, અને અંદરના ગોળાઓ જોરથી ચોતરફ ઉડીને ૨૦૦ વારની અંદર કંઇ આવે તેને ભારી નુકશાન કરે છે. બ્રિટીશ લશ્કરના કોઇ શાર્પનલ નામના જનરલે આ ગોળાની શોધ કરી હતી, તેથી તેનું નાચ પણ એજ રાખવામાં આવ્યું છે.

જર્મન સી જગન—જર્મનીના જગપ્રસિદ્ધ ક્રુપના કારખાનાએ મોટા મોટા જબરજસ્ત કીલ્લાઓ તોડી પાડવા માટે એક અજાયબ જેવી મોટી સી જગન નામની તોપો બનાવી છે. લીએજ કીલ્લો લેતી વખત તેનો પહેલવહેલોજ ઉપયોગ કરવામાં આવ્યો હતો. માત્ર ચચ્ચાર ગોળાથી લીજનો કીલ્લો શરણે આવ્યો હતો.

લડાઈના વહાણોની તોપો—લડાઇનાં વહાણો ઉપર જે તોપો મુકવામાં આવે છે, તેનાં જુદાં જુદાં નામો આપવામાં આવેલાં છે. તે નામો રણક્ષેત્રની તોપો પ્રમાણે હોતાં નથી, પણ તે તોપોના મોઢાંના વ્યાસ ઉપરથી અથવા જેટલા રતલી ગોળો ફેંકવાની શકિત હોય તે ઉપરથી નામ પાડવામાં આવે છે.

નૌકા સૈન્ય.

ડરેડનોટ—ગંજાવર તોપો સાથની આગબોટ.

ક્રુઝર—નાની તોપવાળી આગબોટ.

ટોરપીડો—પાણીમાં ચાલતો ગોળો ચલાવનારી બોટ.

સબમરીન—પાણીની અંદર ચાલતી બોટ.

ટોરપીડો પાણીમાં ચાલે છે. ગોળો વીસ ફુટ લાંબો અને ૩ ફીટ પહોળો છે. તેનો આકાર સીગારના જેવો આગળ તથા પાછળથી અણીવાળો છે. તેના આગલા ભાગમાં ગન, કોટન અને છરા ભરેલા હોય છે, પાછલે ભાગે દાબીને ભરેલી હવા છે. ટોરપીડો બોટનું એન્જીન એવી ખુબીવાળી યાંત્રિક શકિત છે કે પાણીમાં તેને કેટલે નીચે, કેમ રાખવું તે તેના જુદા જુદા યંત્રોથી થઇ શકે છે. બીજી બધી તોપોના ગોળાથી સમારકામ થઇ શકે છે, પરંતુ ટોરપીડો એકજ છોડવાથી ત્રણ કરોડની ડેડનોટ પાણીને તળીએ બેસી જાય છે. એક મનવારને તોપના ગોળાથી ડરવાનું નથી તેટલું આ ટોરપીડોથી ડરવાનું છે. કેમકે એ ટોરપીડો ગુપચુપ રાતને વખતે પાણીમાં ચાલી આવી નીચેનું ગાબડું કહાડી નાંખે છે, આને લીધે દરેક મનવારો પોતાની આસપાસ ફરતા ટેકા રાખી મોટી તારની જાળી લટકાવી રાખે છે જેથી આ ટોરપીડો તેને પુગી શકે નહીં અને જાળીમાં અટકી જાય. પણ આ ટોરપીડો કાંઇ કાચી નથી. તેના મોંઢામાં એક યાંત્રીક કાતર મુકેલી છે, જે ચાલવા માંડી તે જાળી કાપી નાખી માંહે પેસીને નુકસાન કરે છે. એક ટોરપીડો બનાવવા પાછળ દસ હજાર રૂપીઆનો ખરચ થાય છે. અને એક ટોરપીડો છોડી કે પછી તે કાંઇ પાછી આવતી નથી, તેનો પણ દારૂગોળો ઉડતાં નાશ થાય છે. એટલે એક ટોરપીડો છોડી કે દસ હજારની બેઠી. દરેક ટોરપીડો બોટ આઠથી દસ ટોરપીડો રાખે છે, અને ઘણાજ ચોકસ સંજોગો હોય ત્યારેજ તે છોડે છે.

વિમાન.

હાલની લડાઇ દરમ્યાન હવાઇ વિમાનો અને દરીયાની સપાટીપરથી હવામાં ઉડતાં વહાણો મુખ્યત્વે કરીને દુશ્મનોની હીલચાવ અને તેઓના લશ્કરની ગોઠવણના સંબંધમાં તપાસ રાખવાનું કામ કરે છે. કેટલાકોનું એવું માનવું છે કે હવાઇ વિમાનો ઉંચે આકાશમાં ઉડી ઉપરથી દુશ્મનોના સૈન્યમાં બોંબ ફેંકી તેનો નાશ કરે છે. આ વિમાનોને એરોપ્લેન કહે છે.

જર્મનના હવાઈ વિમાનો—"ઝેપેલીન" ને નામે ઓળખાય છે, અને તેના ઉપર જર્મનો ઘણો મદાર બાંધે છે.

આ હવાઇ વિમાન ૯ થી ૧૦ ટન જેટલું વજન ઉચકી શકે છે. હવામાં ૧૨ થી ૨૪ કલાક જેટલો વખત રહી શકે છે. અને કલાકના ૪૦ થી ૬૦ માઈલ જેટલી ઝડપે જઇ શકે છે.

એરસીપ—હવાઈ વહાણો પણ એવાજ ઉપયોગમાં આવે છે.

સુરંગ—દરીઆઇ માર્ગે જતી દુશ્મનોની આગબોટોને નુકશાન કરવા હાલ સમુદ્રમાં સુરંગો નાખવામાં આવે છે. આ સુરંગમાં જે વહાણ કે આગબોટ અથડાય તેનો તુરત નાશ થાય છે.

સર્ચલાઈટ—રાતના વિમાન માર્ગે આકાશમાં ચઢી દુશ્મનોનું સૈન્ય કયાં છે, કેવી સ્થિતિમાં છે, તે જોવા લડાઇમાં સર્ચલાઇટનો ઉપયોગ કરે છે.

——:૦:——

પ્રકરણ ૧૮ મું.


જર્મનીએ કરેલો સુપ્રસિદ્ધ સ્થળોનો નાશ.

. જર્મનીએ બેલ્જીયમપર ચડાઈ કરી તેના અતી મજબુત અભેદ્ય લીજ, નામુર તથા એન્ટવર્પના કિલ્લાનો નાશ કર્યોછે. આ કિલ્લાઓનો બહાદુર બેલ્જીયમે ઘણા દિવસ બચાવ કર્યો હતો પરંતુ દુશ્મનોની ભારેમાં ભારે ક્રુપના સુવિખ્યાત


કારખાનામાં બનેલી લગભગ ૧૭ ઇંચના વ્યાસની તોપોથી તેને પાયમાલ કર્યાં છે. આ અભેદ્ય કિલ્લાઓના તથા લીજનો બચાવ કરનાર સેનાધિપતિ લીમેનના ઘણા વિદ્વાનોએ મોટા લંબાણ વર્ણન લખી બહાર પાડયાં છે.

વળી લુવેન શહેર જે તેના પુસ્તકાલય અને કળાકૌશલ્યના સંગ્રહસ્થાન માટે જગ વિખ્યાત હતું. જેની લાયબ્રેરીમાં પારસી જરથોસ્તી ધર્મનાં જુનાં પુસ્તકો હતાં અને આખા યુરોપમાંથી વિદ્વાનો ઘણીવાર તેની મુલાકાતે આવતા હતા. આવા એક શહેરનો નાશ કરવા માટે જર્મનો વિરૂદ્ધ આખી આલમની પ્રજા ગુસ્સે થઇ છે.


આ પ્રમાણે પ્રસિદ્ધ સ્થળો અને અમુલ્ય વસ્તુઓનો સંહાર વાળ્યા પછી, ફ્રાન્સના સાત સો વર્ષના પુરાણા અનુપમ રીમ્ઝના દેવળનું પણ તેણે સત્યાનાશ કાઢયું છે. સમસ્ત સુસંસ્કૃત પ્રજાની પ્રાચીનકળાના નિપુણમાં નિપુણ નમુના રૂપ આ રીમ્ઝનુ દેવળ હતું તેના નાશથી ફરીથી ઉભુ ન કરી શકાય એવું અનુપમ દેવળ જગતે હમેશને માટે ગુમાવ્યું છે. શિલ્પકળાની દ્રષ્ટિથી તેની અંકાતી અમુલ્ય અગત્ય અલગ રાખીએ તોપણ દુનિયામાં અદ્વિતિય વંશ પરંપરાગત ખ્યાતિ રોશન કરનાર કોઈપણ દેશના જેવોજ ઇતિહાસ ફ્રાન્સ રોશન કરે છે અને તેના અદ્ભુતરસ ભરપટ (પાના) માં રીમ્ઝનો ઇતિહાસ અભેદ રીતે વણાયલો છે.



तुर्कस्थाने वेचातुं लिधेलुं जर्मन क्रूझर 'गोबेन.'




अरबीसमुद्रमां सख्त नुकसान करनार जर्मन क्रूझर 'एमडन.'




એમડનનો નાશ કરનાર બહાદુર સીડની.

The Bombay Art Printing Works, Fot.



[illegible]




[illegible]

૧૪૨૯ માં આ રીમ્ઝના દેવળમાં સાતમા ચાર્લ્સનો રાજ્યાભિષેક ચિરંજીવ ખ્યાતિમાન જી ન ડી આર્કે નિહાળ્યો હતો. કયસરે આજે જે કર્યું છે તેવું એ મધ્યકાળના તેમના બ્રિટીશ વૃધ્ધો પણ કરતાં ખચકાયા હતા, એ બ્રિટીશ લોકોને કાંઈ જેવી તેવી અભિમાન ધરવા જેવી બાબત નથી.

જગત આજે જુએ છે કે, તેમ પુરાણા અદ્‌ભુત તત્વના અને કળાના પ્રસંશકો અને ચાહકો પણ જોઈ શકે છે કે, શાહી ફ્રાન્સ પોતાનું એક અતિ ઐતિહાસિક દેવળ, અતિ ધાર્મિક પરંપરાગત ખ્યાતિઓનું મુખ્ય કેન્દ્ર ગુમાવ્યું છે. આથી ફ્રાન્સમાંથી જર્મનોને હાંકી કહાડવામાં નહી આવે ત્યાં સુધી ભુત કાળનો કોઇપણ ચાહક શાંત રહી શકે એમ બને એમ નથી.

જર્મનો તરફથી હિન્દી સમુદ્રમાં એમડન નામની ક્રુઝર ફરતી હતી, તેણે મદ્રાસ અને બંગાળી સમુદ્રમાં નુકશાન કરી વેપારી આગબોટોનો નાશ કર્યો હતો, તેને હાલ બ્રિટીશ સરકારે પકડી નાશ કર્યો છે.

બ્રિટીશ રાજ્યનો જય.



બ્રિટીશ રાજ્યભકતોની જર્મનીને શિખામણ.

જરાક સરખા ઓ **જર્મની** ! તું, **બ્રિટીશની** ! બ્હાદુરી કંઈ બુજ,
એના સૈનિકબળ આગળ સૌ, તૃણ સરખા મ્હારથીઓ તું જ;
સકળ રાજ્યનાં સૌભાગ્યો પર, છવાઇ લંડનપતિની છાય,
જ્યોર્જ ! સાથ તું જુદ્ધ કરી કંઇ, જશ ખાટીશ નહીં **જર્મનરાય** !

પૃથ્વી પર પથરાતી બારે, હરેક સ્થળમાં એની હાક,
સમર્થ છે જે શબ્દ ઉચરતાં, ચક્રએ ધરતી ચઢાવા ચાક;
ગજા વગર શું ધુરકતું ગજને, મેરૂ મગતરે કયમ મસળાય,
જ્યોર્જ ! સાથ તું જુદ્ધ કરી કંઇ, જશ ખાટીશ નહીં **જર્મનરાય** !

લોપી શકે નહીં લાખ પ્રયત્ને, પશુપક્ષી પણ એની આણ,
દેવ સમા દૈવતવાળા પણ, વિલાયતી નૃપના વેચાણ;
રક્ષીત એની રસાળા સઘળી, નવલ સ્વર્ગ સરખી નિરખાય,
જ્યોર્જ ! સાથ તું જુદ્ધ કરી કંઇ, જશ ખાટીશ નહીં **જર્મનરાય** !

ખણ્યાં નિશ્ચથી ખોળી એણે, વેર તણા સઘળા વ્યવહાર,
રાજ્યતંત્રને અનુપમ અર્પ્યો, સજ્જનગંત્ર તણો શણગાર;
અલગ થવા ઇચ્છે ન આણુંપળ, પ્રાણાંતે પણ એની પ્રજાય,
જ્યોર્જ ! સાથ તું જુદ્ધ કરી કંઈ, જશ ખાટીશ નહીં **જર્મનરાય** !

સર કરી એણે સર્વ પ્રદેશો, રૂડી લાયકી જગમાં લીધ,
સ્નેહ તણે સુત્રે સાંધીને, કિન્નર દાસ સમાણા કીધ;
અખંડ એના રાજ્ય ઉપરથી, સુરજ અસ્ત નવ સ્વપ્ને થાય,
જ્યોર્જ ! સાથ તું જુદ્ધ કરી કંઈ, જશ ખાટીશ નહીં **જર્મનરાય** !

પ્રભુ જાણે આ પરિણામોની, પરંમપરાનો પારાવાર,
હિંદ ર્હાય હોજો અમ **નૃપતિ**, સિદ્ધિ તણો સમરથ સરદાર;
કવિભાઇશંકર કરી કરી કવિતા, ગુંજી ગુંજી ગુણ એના ગાય,
જ્યોર્જ ! સાથ તું જુદ્ધ કરી કંઇ, જશ ખાટીશ નહીં **જર્મનશાય** !

કવિ ભાઇશંકર વિ. વિદ્યારામ પંડિત.

દરેક સ્ત્રીઓને તેમજ પુરુષોને મનન
કરવા લાયક પુસ્તકો

સુંદરી સદ્‌બોધમાળા.

આ પુસ્તક કેળવણી ખાતાએ કન્યાશાળાઓમાં
ઈનામ માટે મંજુર કર્યું છે.

સ્ત્રી સમાજની અંદર આપવામાં આવેલા ભાષણો જેવાં કે ધર્મ, માબાપના ગુણ, બાળકોનું કર્તવ્ય, સુવાસિની સ્ત્રીઓનું કર્તવ્ય, ગૃહકાર્ય, રત્ન દર્શન, પ્રોષિત ભર્તૃક સ્ત્રી તથા ગર્ભવંતીના કર્તવ્યો, વિધવા સ્ત્રીઓના ધર્મો, બાળકોની માવજત વીગેરે અને ઉપસંહાર ફક્ત રૂ. ૧—૦—૦.

શાસ્ત્રના શ્લોકોનું ટાંચણો સાથે

શ્રી નાથદ્વારાના ટિકાયત મહારાજની મુંબઈમાં પધરામણી.

અને તે વખતે દરેક સ્ત્રીઓએ લલકાવેલા ધોળો તથા ગરબીઓ, ગીતો. તેનો સંગ્રહ ફક્ત ૦—૧—૩ ટીકીટો બીડી મંગાવી લ્યો.

રસિક-લલીતા.

રૂ. ૦—૧૨—૦.

સોનેરી નામ સાથે સંસારનું દિગ્દર્શન કરાવનાર,

લખનારઃ—જુગલરામ એમ. પંડયા,

ખંડેરાવ વાડી, પોસ્ટ નંબર ૨, મુંબઈ.